

પેજ-08
શર્ટના બટન ખુલ્લા રાખી સોનમે બેબી બમ્પ ફ્લોન્ટ કર્યો!

અમદાવાદ એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
રણજી ટ્રોફી ક્વાર્ટર ફાઈનલ મુંબઈ ટીમ: યશસ્વી જયસ્વાલની એન્ટ્રી



| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 29.00 | 20.00 |
| વડોદરા | 32.00 | 20.00 |
| સુરત | 33.00 | 21.00 |

પેજ 5

રૂપિયો ડોલર સામે મજબૂત ૨૦૨૬માં સૌથી મોટો ઉછાળો

04 FEBRUARY-2026 WEDNESDAY

દલાઈ લામાને પ્રતિષ્ઠિત ગ્રેમી એવોર્ડથી સન્માનિત કરાયા

પેજ 10

| શેરબજાર | | |
|---|---|---|
| સેન્સેક્સ | 83739.13 ▲ | 02.54 |
| નિફ્ટી | 25727.55 ▲ | 639.15 |
| સોનું | 149000.00 ▲ | 7307.00 |
| ચાંદી | 273305.00 ▲ | 37044 |

વર્ષ-15 । અંક-083 । વિક્રમ સંવત-2082 । મહા સુદ-03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### ગમખ્વાર અકસ્માત | પાંવટા સાહિબ જઈ રહેલી બસ ટ્રકને સાઇડ આપવાના ચક્કરમાં ખીણમાં પડી

# દેહરાદૂનમાં બસ ખીણમાં ખાબકી, 4ના મોત...5ની હાલત ગંભીર, 35થી વધુ ઘાયલ

(એજન્સી) અમદાવાદ | તા.03

દેહરાદૂનમાં હિમાચલ પ્રદેશની HRTC બસ ખીણમાં ખાબકી હતી. આ અકસ્માતમાં 4 મુસાફરોના મોત થયા. જ્યારે 35થી વધુ લોકો ઘાયલ છે, જેમાંથી 5ની હાલત ગંભીર છે. મૃતકોમાં બે મહિલાઓ અને એક પુરુષનો સમાવેશ થાય છે. SDRFએ મૃતદેહોને બહાર કાઢ્યા છે. અકસ્માત ત્યુણી વિસ્તારમાં થયો. સવારે લગભગ 10 વાગ્યે હિમાચલ પ્રદેશના નેરવા-ચૌપાલથી પાંવટા સાહિબ જઈ રહેલી HRTC ની બસ હરિપુર-ક્વાનુ મીનસ માર્ગ પર ક્વાનુ પાસે બેકાબુ થઈને ઊંડી ખીણમાં પડી ગઈ. અકસ્માત થતા જ ઘટનાસ્થળે ચીસાચીસ મચી ગઈ અને ગ્રામજનોએ તેની જાણ પોલીસને કરી. અકસ્માતની જાણ થતા જ પોલીસ અને બચાવ દળ તરત જ ઘટનાસ્થળે પહોંચ્યા અને રાહત તથા બચાવ કાર્ય શરૂ કર્યું. ઘાયલોને બચાવીને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

**કંડક્ટરે પોલીસને ફોન કરીને જાણ કરી**



## બસ હરિપુર-ક્વાનુ મીનસ માર્ગ પર ક્વાનુ પાસે બેકાબુ થઈને ઊંડી ખીણમાં ખાબકી

સેનાનાયક અર્પણ યાદવંશીના આદેશ અનુસાર, SDRFની ટીમો પોસ્ટ ડાકપથ્થર, ચકરાતા, મોરી અને ત્યુણીથી તાત્કાલિક ઘટનાસ્થળ માટે રવાના કરવામાં આવી. અકસ્માતનો ભોગ બનેલી HRTC બસનો નંબર HP-66A-2588 જણાવવામાં આવ્યો છે. દુર્ઘટનાની જાણ સૌથી પહેલા બસના કંડક્ટરે પોલીસને ફોન કરીને કરી હતી. HRTCની બસ સવારે લગભગ 6:30 વાગ્યે ચૌપાલ ડેપોથી નીકળી હતી. આ બસ પહેલા નેહવા પહોંચી હતી. ત્યારબાદ મીનસ-ક્વાનુ-હરિપુર રૂટ પરથી પાવંટા જઈ રહી હતી. આ બસમાં 35થી વધુ મુસાફરો સવાર હોવાની વાત સામે આવી હતી.

### ટ્રકને સાઇડ આપવાના ચક્કરમાં અનેક પલટા ખાધા બાદ ઊંડી ખીણમાં ખાબકી

મીનસ-ક્વાનુ-હરિપુર રોડ પર સુદોઈ ખડ પાસે ટ્રકને સાઈડ આપવાના પ્રયાસમાં આ અકસ્માત થયો છે. બસ રોડની કિનારી તરફ જતાં તેનું બેલેન્સ ખોરવાઈ ગયું. ખરેખર, બસના કારણે રોડનો ભાગ ધસી પડ્યો. આ કારણે મુસાફરોથી ભરેલી એચઆરટીસીની આ બસ ખીણમાં પડી ગઈ હતી. અકસ્માત થતા જ ઘટનાસ્થળે ચીસાચીસ મચી ગઈ અને ગ્રામજનોએ તેની જાણ પોલીસને કરતાં ઘટનાસ્થળે પહોંચ્યા અને રાહત તથા બચાવ કાર્ય શરૂ કર્યું.

# મુંબઈ એરપોર્ટના રન-વે પર વિમાનો ટકરાયા

## એર ઈન્ડિયા અને ઈન્ડિગોના પાંખીયા એકબીજા સાથે અથડાયા

(એજન્સી) નવી દિલ્હી । તા.03

મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક મોટી વિમાન દુર્ઘટના ટળી છે. એરપોર્ટના રન-વે પર એર ઈન્ડિયા અને ઈન્ડિગો એરલાઈન્સના બે વિમાનોના પાંખિયા (વિંગ્સ) એકબીજા સાથે ટકરાયા હતા. આ ઘટના ત્યારે બની જ્યારે એર ઈન્ડિયાનું વિમાન મુંબઈથી કોઈમ્બતૂર જવા માટે રવાના થઈ રહ્યું હતું. ટેક્સીઈંગ દરમિયાન બંને વિમાનોના પાંખિયાના છેડા એકબીજા સાથે ઘસાતા જોરદાર અવાજ થયો હતો, જેના કારણે એરપોર્ટ ગ્રાઉન્ડ સ્ટાફ અને વિમાનમાં સવાર મુસાફરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. સદનસીબે, આ ટક્કરમાં કોઈ જાનહાનિ થઈ નથી અને બંને વિમાનોમાં સવાર તમામ મુસાફરો સંપૂર્ણપણે સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે.



**એરપોર્ટ પર ગંભીર બેદરકારી?**

આ ગંભીર ઘટનાની જાણ થતા જ ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) હરકતમાં આવ્યું છે. DGCA દ્વારા આ અકસ્માત મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા છે અને બંને એરલાઈન્સ પાસે આ ગંભીર ભૂલ બદલ વિગતવાર રિપોર્ટ માંગવામાં આવ્યો છે. પ્રાથમિક દ્રષ્ટિએ ગ્રાઉન્ડ કંટ્રોલ અથવા પાયલટની સમજણમાં થયેલી ભૂલને કારણે આ ઘટના બની હોવાનું મનાય છે. અકસ્માત બાદ બંને વિમાનોને રન-વે પરથી હટાવીને ટેકનિકલ તપાસ માટે મોકલી આપવામાં આવ્યા હતા અને મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી.

## વેલડન પ્રેસીડેન્ટ અમેરિકી મંત્રીઓ ટ્રમ્પ પર વરસી પડયા

(એજન્સી) નવી દિલ્હી । તા.03

ભારત અને અમેરિકા વચ્ચેની વ્યાપાર સમજુતીમાં એક તરફ રશિયન ક્રુડતેલ ખરીદી ભારતે પુરી રીતે બંધ કરવા ખાતરી આપી હોવાનો દાવો કર્યો છે તો બીજી તરફ અમેરિકી કૃષી-પેદાશો માટે ભારતના દરવાજા પુરી રીતે ખુલી ગયા છે તેવા વિધાનોથી ભારતમાં હવે નવો પ્રશ્ન સર્જાયો છે.ભારતે કૃષી તથા ડેરી પ્રોડકટસ મુદે ફાયરવોલ બનાવીને તે ક્ષેત્રને આયાતી ઉત્પાદનો સામે સુરક્ષા અપાશે અને કૃષી-ડેરી ઉદ્યોગનું હિત જળવાશે તેવો દાવો કરી અમેરિકા સહિતના દેશો સાથે વ્યાપાર કરારમાં સાવધાની રાખી હતી. અમેરિકા માટે હવે ખાસ કરીને પ્રમુખ ટ્રમ્પ માટે કૃષી ક્ષેત્રને રાજી રાખવુ ખૂબ જ જરૂરી છે.

# ડોગરા વેલફેર એસોસિએશન

## ડોગરા સમાજે કાંગડા અને ચંબા જેવા પડોશી પહાડી-ભાષી વિસ્તારો સાથે મળીને પોતાની સાંસ્કૃતિક એકતાને મજબૂત કરવી જોઈએ

(એજન્સી) નવી દિલ્હી । તા.03

ડોગરા વેલફેર એસોસિએશન, દિલ્હી એનસીઆર દ્વારા રાજેન્દ્ર ભવન ખાતે આયોજિત વાર્ષિક મિલન કાર્યક્રમમાં ડોગરી-પહાડી ભાષા અને સંસ્કૃતિના સંરક્ષણ, સંવર્ધન તેમજ એકતાનો સૂર જોરશોરથી ગુંજ્યો હતો. કાર્યક્રમને સંબોધતા જમ્મુ-કાશ્મીરના પૂર્વ 'સદર-એ-રિયાસત' અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. કર્ણ સિંહે જણાવ્યું હતું કે, ડોગરા સમાજે કાંગડા અને ચંબા જેવા પડોશી પહાડી-ભાષી વિસ્તારો સાથે મળીને પોતાની સાંસ્કૃતિક એકતાને મજબૂત કરવી જોઈએ. તેમણે ઉમેર્યું કે, વર્તમાન સમયમાં બહુભાષી હોવું એ સમયની



જરૂરિયાત છે, પરંતુ માતૃભાષાની અવગણના ન કરી શકાય. જો નવી પેઢીને ડોગરી બોલવા માટે પ્રેરિત કરવામાં નહીં આવે, તો આવનારા સમયમાં આ ભાષા સંકટમાં મુકાઈ શકે છે. ડૉ. સિંહે ભાષાના સંરક્ષણમાં પરિવારો, ખાસ કરીને માતાઓની ભૂમિકાને મહત્વપૂર્ણ ગણાવી હતી અને ડોગરા સમુદાયને એકજૂથ, પ્રગતિશીલ અને દૂરંદેશી બનવા અપીલ કરી હતી.

આ આયોજન બદલ સુદેશ ડોગરા અને સમગ્ર આયોજક ટીમને અભિનંદન પાઠવ્યા હતા. લોકપ્રિય ડોગરી-હિમાચલી લોકગીત "માયે નિં મેરિયે, જમ્મુએ દી રાહે, ચંબા કિતની ક દૂર" માં કરવામાં આવેલા કથિત ફેરફારોના વિરોધમાં પ્રસિદ્ધ ગાયક ધીરજ શર્માએ આ ગીતને તેના મૂળ શબ્દોમાં રજૂ કર્યું હતું. આ પ્રસ્તુતિમાં જ્યોતિ ગુપ્તા સહિત અન્ય કલાકારોએ પણ ભાગ લીધો હતો.

### ટ્રમ્પે ટેરિફ ઘટાડતાં ભારતીય બજારમાં ઉથલપાથલ

# સેન્સેક્સમાં 2,073 પોઈન્ટની તેજી, 83,739 પર બંધ રહ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.03

3 ફેબ્રુઆરીના રોજ શેરબજારમાં તેજી રહી. સેન્સેક્સ 2073 પોઈન્ટ (2.54%) વધીને 83,739 પર બંધ થયો. નિફ્ટી પણ 639 પોઈન્ટ (2.55%) વધીને 25,728 પર બંધ થયો. ટ્રમ્પે ભારત પરના ટેરિફ 50% થી ઘટાડીને 18% કર્યા, જેના કારણે બજારમાં તેજી રહી.

રિયલ્ટી, મેટલ અને ફાર્માસ્યુટિકલ શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી. નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 4.79% વધ્યો. સેન્સેક્સના 30 શેરમાંથી 28 શેરમાં તેજી રહી.



નિફ્ટીના 50 શેરોમાંથી 46 શેરો વધીને બંધ થયા. બજેટમાં સ્પેશિયલ ટેક્સ (STT) ટેક્સમાં વધારાની જાહેરાત થયા પછી 1 ફેબ્રુઆરીએ સેન્સેક્સ 1,546 પોઈન્ટ ઘટીને બંધ થયો હતો. ગઈકાલે, 2 ફેબ્રુઆરીએ, સેન્સેક્સ 943 પોઈન્ટ વધીને 81,666 પર બંધ થયો હતો.

### અદાણી પર કેસ | એપસ્ટીન ફાઈલ્સની અસર છે; સરકારે કહ્યું- રાહુલ ગુમરાહ કરી રહ્યા છે

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ડરી ગયા છે: રાહુલ ગાંધી

(એજન્સી) નવી દિલ્હી | તા.03

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકન ટ્રેડ ડીલમાં દેશ વેચી દીધો છે. તેમણે કહ્યું કે, તમારી મહેનતને લોહી-પરસેવાને વેચી દેવામાં આવ્યા છે, કારણ કે વડાપ્રધાન કોમ્પ્રોમાઈઝ્ડ છે. રાહુલે વધુમાં જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી ગભરાયેલા છે, કારણ કે જેમણે તેમની છબી બનાવી હતી તેઓ જ હવે તેને તોડી રહ્યા છે. અમેરિકામાં અદાણી પર જે કેસ છે, તે હકીકતમાં મોદી પરનો કેસ છે. તેઓ મોદીજીના ફાઈનાન્શિયલ સ્ટ્રક્ચરને ટાર્ગેટ કરી રહ્યા છે. વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે વળતો જવાબ આપતા કહ્યું કે રાહુલ દેશને ગુમરાહ કરી રહ્યા છે. અમેરિકા સાથેની આ ટ્રેડ ડીલથી દેશને મોટો ફાયદો થશે અને દેશ-વિદેશમાં તેની પ્રશંસા થઈ રહી છે. કૃષિ અને ડેરી ક્ષેત્રને સંપૂર્ણ સુરક્ષિત રાખવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું કે આ ડીલ અંગે બંને દેશો ટૂંક સમયમાં સંયુક્ત નિવેદન જાહેર કરશે.



### એપસ્ટીન ફાઈલ્સમાં હજુ ઘણું બધું છે

હકીકતમાં, રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોમવારે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે અમેરિકાએ ભારત પર લાદવામાં આવેલા 50% ટેરિફને ઘટાડીને 18% કરી દીધો છે. ટ્રમ્પે એવો દાવો પણ કર્યો હતો કે ભારત હવે રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરી દેશે. રાહુલે આરોપ લગાવ્યો કે એપસ્ટીન ફાઈલ્સમાં હજુ ઘણું બધું છે જે અમેરિકાએ અત્યાર સુધી જાહેર કર્યું નથી. તેના કારણે પણ પીએમ પર દબાણ છે. આ બે પ્રેશર પોઈન્ટ્સ છે. દેશે એ સમજવું જોઈએ કે વડાપ્રધાન કોમ્પ્રોમાઈઝ્ડ છે.રાહુલે કહ્યું કે ઈતિહાસમાં પહેલીવાર રાષ્ટ્રપતિના અભિભાષણ પર વિપક્ષના નેતાને બોલવા દેવામાં આવ્યા નથી. જનતાએ આ બાબતે વિચારવાની જરૂર છે.

## મ્યાનમાર બાદ ભૂકંપથી ધ્રૂજી ઉઠ્યું કોલકાતા : 5.9નો આંચકો આવ્યો

કોલકાતા | મંગળવારે રાત્રે પડોશી દેશ મ્યાનમારમાં આવેલા શક્તિશાળી ભૂકંપના પગલે પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં ભૂકંપના હળવા આંચકા અનુભવાયા છે. રાત્રિના સમયે અચાનક ધરતી ધ્રૂજતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો અને મોટી સંખ્યામાં લોકો પોતાના ઘરો તથા બહુમાળી ઈમારતોમાંથી બહાર દોડી આવ્યા છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર રાત્રે અંદાજે 9:05 કલાકે ભૂકંપનો અનુભવ થયો હતો. આ આંચકા લગભગ 10 થી 15 સેકન્ડ સુધી ચાલ્યા હતા. રાહતની વાત એ છે કે અત્યાર સુધી આ આંચકાઓને કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર પ્રાપ્ત થયા નથી.

## ઈનપૂટ ખર્ચ વધતા ચાઈનીઝ કંપનીઓની ફરી મોબાઈલમાં ભાવ વધારવાની વિચારણા !

(એજન્સી) નવી દિલ્હી | તા.03

ભારતમાં કાર્યરત ચાઈનીઝ સ્માર્ટફોન બ્રાન્ડ્સ 2026ના તહેવારની સીઝન સુધી મોબાઈલ ફોનના ભાવમાં હજી બે તબક્કામાં વધારો કરવાની યોજના બનાવી રહી છે. ઉદ્યોગ સાથે જોડાયેલા અધિકારીઓના જણાવ્યા મુજબ, જાન્યુઆરી 2026ની શરૂઆતમાં કરાયેલા પ્રથમ ભાવવધારાને ગ્રાહકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હોવાથી કંપનીઓને ભાવ વધારવામાં આત્મવિશ્વાસ મળ્યો છે. મેમરી અને સ્ટોરેજ જેવા મુખ્ય ઘટકોની કિંમતમાં ભારે વધારો થતાં કંપનીઓ પર ખર્ચનું દબાણ વધી ગયું છે. પરિણામે, માર્જિન જાળવી રાખવા અને આવક વધારવા માટે ભાવ વધારવા સિવાય અન્ય વિકલ્પ નથી, એવું ઉદ્યોગ જગતનું કહેવું છે. ઉચ્ચ ભાવના કારણે માંગ પર અસર પડી શકે તે આશંકાથી કંપનીઓએ વર્ષ માટેના પોતાના વેચાણ લક્ષ્યાંકોમાં કાપ મૂક્યો છે. ત્રિમાસિક વેચાણ લક્ષ્યાંકોમાં અંદાજે 15થી 20 ટકા સુધી ઘટાડો કરવામાં આવ્યો છે. સાથે જ, રક્ષણાત્મક પગલાં તરીકે બ્રાન્ડ્સ ઓછો સ્ટોક (લીન ઈન્વેન્ટરી) રાખી રહી છે.

### ભાજપના ધારાસભ્ય દળના નેતા ચૂંટાયા; રાષ્ટ્રપતિ શાસન 12 ફેબ્રુઆરીએ સમાપ્ત થશે


# યુમનામ ખેમચંદ સિંહ મણિપુરના 13મા CM બનશે

(એજન્સી) નવી દિલ્હી | તા.03

ભાજપના નેતા યુમનામ ખેમચંદ સિંહ મણિપુરના 13મા મુખ્યમંત્રી હશે. મંગળવારે ભાજપના ધારાસભ્ય દળની બેઠકમાં તેમને નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા. હવે રાજ્યપાલ સમક્ષ સરકાર બનાવવાનો દાવો રજૂ કરવામાં આવશે. ભાજપના સૂત્રો અનુસાર, કુકી-જો સમુદાયને સંતુષ્ટ કરવા માટે 10 કુકી ધારાસભ્યોમાંથી એકને નાયબ મુખ્યમંત્રીનું પદ આપવામાં આવી શકે છે. આ દરમિયાન મણિપુરના ધારાસભ્ય દળના નેતાની પસંદગી કરવા માટે નિયુક્ત કેન્દ્રીય નિરીક્ષકો તરુણ ચુગ, સંબિત પાત્રા અને મણિપુરના પૂર્વ સીએમ બીરેન સિંહ પણ હાજર રહ્યા હતા. મણિપુરથી NDAના લગભગ 20 ધારાસભ્યો રવિવારે રાત્રે દિલ્હી પહોંચ્યા હતા. જ્યારે અન્ય ધારાસભ્યો સોમવારે કેન્દ્રીય નેતૃત્વના નિર્દેશ પર રાજધાની પહોંચ્યા હતા. 9 ફેબ્રુઆરી 2025ના રોજ બીરેન સિંહના રાજીનામાના 4 દિવસ પછી, 13 ફેબ્રુઆરી 2025થી રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું હતું.

## મણિપુરમાં મૈતેઈ-કુકી સમુદાયો વચ્ચે મે 2023માં હિંસામાં 260 લોકોના મોત અને હજારો લોકો વિસ્થાપિત થયા હતા

### બીરેન સિંહના રાજીનામા પછી લાગુ પડ્યું રાષ્ટ્રપતિ શાસન



મણિપુરમાં મૈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે મે 2023માં હિંસા શરૂ થઈ હતી. આમાં અત્યાર સુધીમાં લગભગ 260 લોકોના મોત થયા છે અને હજારો લોકો વિસ્થાપિત થયા છે. રાજ્યમાં લગભગ બે વર્ષ સુધી હિંસા રોકી ન શક્યા પછી, તત્કાલીન મુખ્યમંત્રી એન. બીરેન સિંહના નેતૃત્વ હેઠળની BJP સરકારે 9 ફેબ્રુઆરી 2025ના રોજ રાજીનામું આપી દીધું હતું. આ પછી 60 સભ્યોની વિધાનસભાને સસ્પેન્ડ કરવામાં આવી. બીરેન સિંહના રાજીનામાના 4 દિવસ પછી, 13 ફેબ્રુઆરી 2025થી રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું. 12 ફેબ્રુઆરી 2026 રાષ્ટ્રપતિ શાસન સમાપ્ત થવાની છેલ્લી તારીખ છે.

### મણિપુર વિધાનસભામાં ભાજપના હાલ 37 ધારાસભ્યો

મણિપુરમાં ભાજપ સરકારનો કાર્યકાળ 2027 સુધીનો છે. તેથી પાર્ટીનો પ્રયાસ છે કે રાષ્ટ્રપતિ શાસન સમાપ્ત થાય તે પહેલાં નવી સરકારની રચના થઈ જાય. હાલમાં મણિપુર વિધાનસભામાં ભાજપના 37 ધારાસભ્યો છે. 2022ની વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીને 32 બેઠકો મળી હતી, જ્યારે JD(U)ના 5 ધારાસભ્યો બાદમાં ભાજપમાં જોડાયા હતા. અન્ય પક્ષોમાં NPFના 5, કોંગ્રેસના 5, KPAના 2, JD(U)ના 1 ધારાસભ્ય અને 3 અપક્ષ ધારાસભ્યોનો સમાવેશ થાય છે. એક બેઠક વર્તમાન ધારાસભ્યના નિધનથી ખાલી છે.



### મહારાષ્ટ્રની હચમચાવી દેનારી ઘટના | પોલીસે કેસ ઉકેલ્યો

# સરપંચ બનવા 3 સંતાનોના બાપે દીકરીની કરી હત્યા

(એજન્સી) મહારાષ્ટ્ર | તા.03

મહારાષ્ટ્રમાં એક સ્તબ્ધ કરી મૂકે તેવો કિસ્સો સામે આવ્યો છે. નિઝામાબાદમાં એક વ્યક્તિએ સરપંચની ચૂંટણી લડવા માટે લાયક થવા પોતાની પુત્રીની હત્યા કરી દીધી.

પોલીસના જણાવ્યા મુજબ, મહારાષ્ટ્રના કેરૂર ગામમાં રહેવાવાળા પાંડુરંગ સરપંચની ચૂંટણી લડવા માગતો હતો. પણ બે બાળકોના નિયમના કારણે તે ચૂંટણી લડવા માટે કાયદાકીય રીતે અયોગ્ય હતો. કેમ કે તેને ત્રણ બાળકો હતા. આ અયોગ્યતા તેની આંખમાં કણાની જેમ ખૂંચતી હતી. જેથી તેને પોતાની જ દીકરી પ્રાચીને મોતને ઘાટ ઉતારી દીધી.

પોલીસે જણાવ્યું કે પાંડુરંગ નિઝામાબાદ જિલ્લાના અડાપલ્લી પાસે આવેલા નિઝામસાગર



**ચાલુ સરપંચની પણ ધરપકડ**

આ ઘટનાક્રમમાં હાલના સરપંચ ગણેશ શિંદેની પણ ધરપકડ કરવામાં આવી છે. કેમ કે આરોપીએ ઘટનાને અંજામ આપતા પહેલા સરપંચ સાથે વાત કરી હતી. પોલીસ સમગ્ર કેસમાં વધુ તપાસ કરી રહી છે. સભ્ય સમાજ માટે કિસ્સો ચેતવતો અને ચોંકાવનારો છે. એક બાપે સગી દીકરીને માત્ર ચૂંટણી લડવા માટે મોતના મુખમાં ધકેલી દેતા પરિવાર અને પંથકમાં શોક સાથે આક્રોશની લાગણી છે.

### વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીની પાણીની બોટલમાં ડામરની ગોળીઓ નાખી

# પાણી પીધું ને ગંધ આવી, તબિયત લથડતાં હોસ્પિટલ ખસેડાયો; અમદાવાદની દુર્ગા સ્કૂલે ઘટના છુપાવી...

અમદાવાદ | સ્કૂલમાં અભ્યાસ કરતાં બાળકો વચ્ચે સામાન્ય બોલાચાલી પણ હવે ગંભીર બની જાય એવા કિસ્સાઓ સામે આવી રહ્યા છે. સ્કૂલમાં ઝઘડામાં મારામારી બાદ હવે અમદાવાદ શહેરના મણિનગર વિસ્તારમાં આવેલી દુર્ગા સ્કૂલમાં ધો. 6માં અભ્યાસ કરતા અને એક જ બેન્ચ ઉપર સાથે બેસનારા એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીના પાણીની બોટલમાં ડામરની ગોળીઓ નાખી દીધી હતી.

વિદ્યાર્થીએ એ પાણી પીધું હતું અને ત્યાર બાદ તરત જ વિચિત્ર ગંધ આવી હતી અને તેની તબિયત વધારે ખરાબ ન થાય, તેથી બાળકને હોસ્પિટલ લઈ જવાયો હતો. આ સમગ્ર બાબત સ્કૂલના ધ્યાને આવતાં વિદ્યાર્થીનાં માતા-પિતાને બોલાવીને આ બાબતે જાણ કરી હતી. ગોળી નાખનાર વિદ્યાર્થીને અત્યારે સ્કૂલે મોકલવાની ના પાડવામાં આવી છે. સ્કૂલે DEOને જાણ ન કરતાં જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ સ્કૂલને શો - નોટિસ ફટકારી છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદના મણિનગર વિસ્તારમાં બે વિદ્યાર્થી વચ્ચે થયેલા ઝઘડામાં કેટલું ઉગ્ર સ્વરૂપ અને બાળકના માનસ પર કેટલી અસર પહોંચે છે એનો કિસ્સો સામે આવ્યો છે. દુર્ગા સ્કૂલમાં ધોરણ. 6માં અભ્યાસ કરનારા બે વિદ્યાર્થી વચ્ચે કોઈ સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી, જેની અદાવત રાખીને એક વિદ્યાર્થીએ 23 જાન્યુઆરીના રોજ રિસેસ દરમિયાન તક મળતાં જ તેણે સાથી મિત્રની પાણીની બોટલમાં ઘરેથી લાવેલી પતંગમાં નાખવાની ડામરની ગોળીઓ નાખી દીધી હતી. ભોગ બનનાર વિદ્યાર્થીએ જેવું બોટલમાંથી પાણી પીધું કે તરત જ તેને વિચિત્ર ગંધ આવતાં તે અટકી ગયો હતો, પરંતુ ત્યાં સુધીમાં પાણી પેટમાં જવાથી શાળા-સંચાલકોએ તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

સ્કૂલસંચાલકોએ આ બાબતે શંકાના આધારે ક્લાસરૂમના CCTV ફૂટેજ ચેક કર્યા હતા, જેમાં એક વિદ્યાર્થી છૂપી રીતે બીજા વિદ્યાર્થીની બેગ પાસે જઈ તેની પાણીની બોટલમાં કેમિકલની ગોળીઓ નાખી રહ્યો હતો. આ દૃશ્યો જોઈને સ્કૂલ મેનેજમેન્ટ અને વાલીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા, જોકે આ બાબતે જિલ્લા શિક્ષણ અધિકારીને ઘટના અંગે તાત્કાલિક જાણ કરવાની હોય છે, પરંતુ આવી કોઈ બાબતે જાણ કરવામાં આવી નથી, બે દિવસ પહેલાં જ જાણ કરવામાં આવી હોવાનું ધ્યાને આવ્યું છે.

જોકે આ સમગ્ર મામલે દુર્ગા સ્કૂલના સંચાલકોએ આ સમગ્ર ઘટનાને દબાવવાનો પ્રયાસ કર્યો હતો. વિદ્યાર્થીએ પાણી પીધું હતું છતાં પણ સ્કૂલસંચાલકોએ પાણી નથી પીધું એવું કહેવામાં આવ્યું હતું. વર્ગખંડના સીસીટીવીમાં સ્પષ્ટ વિદ્યાર્થી થોડું પાણી પીવે છે એ જોવા મળે છે તથા સ્કૂલસંચાલકોએ પોતે પાણી ન પીધા હોવાનો બચાવ કર્યો છે. સ્કૂલસંચાલકો દ્વારા 10 દિવસ સુધી જિલ્લા શિક્ષણાધિકારીને સ્કૂલ દ્વારા જાણ કરવામાં આવી નહોતી. જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સામેથી સ્કૂલનો સંપર્ક કરી અને આ બાબતે પૂછવામાં આવ્યું હતું. ત્યાર બાદ સમગ્ર બાબત સામે આવી હતી.




### વિદ્યાર્થીની પીડિયાટ્રિક ડોક્ટર પાસે તપાસ કરાવાઈ

પ્રિન્સિપાલે વધુમાં કહ્યું, ખરાબ ગંધ આવી રહી હોવાના કારણે વિદ્યાર્થીઓ બોટલ લઈને કાર્યાલયમાં આવ્યા હતા. વિચિત્ર ગંધ હોવાથી આ બાબતે શિક્ષકોએ તરત જ બાળકને કશું થયું છે કે નહીં એની તપાસ માટે પીડિયાટ્રિક ડોક્ટર પાસે તપાસ કરાવી હતી. વિદ્યાર્થીએ પાણી પીધું નહોતું અને કોઈ એવી પાણી પીવાથી ઘટના બની નહોતી.

જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ વાતચીતમાં જણાવવામાં આવ્યું હતું કે દુર્ગા સ્કૂલમાં બાળક દ્વારા રિસેસ દરમિયાન વિદ્યાર્થીની બોટલમાં કોઈ કેમિકલની ગોળી નાખી દીધી હતી. આ ગંભીર ઘટના બાબતે સ્કૂલ દ્વારા કોઈપણ પ્રકારની જાણ કરવામાં આવી નથી, જેને લઈને સ્કૂલને શો કોઝ-નોટિસ ફટકારવામાં આવી છે.

## News Brief

### નાદરી ગામે કારની ટક્કરથી રિક્ષામાં બેઠેલ મહિલાનું મોત




કલોલ | કલોલ તાલુકાના નાદરી ગામે પુર ઝડપે નીકળેલ કાર ચાલકે રીક્ષા ને ટક્કર મારી હતી આ અકસ્માતમાં રિક્ષામાં બેઠેલ મહિલાને ગંભીર ઈજાઓ પહોંચી હતી જેને સારવાર માટે લઈ જવામાં આવી હતી જ્યાં તેનું મોત નિપજ્યું હતું બનાવ અંગે પોલીસે કારના ચાલક સામે ગુનો દાખલ કરી તપાસ ચલાવી છે.

આ બાબતે મળતી વિગતો અનુસાર રિક્ષાચાલક પોપટ સિંહ રાઠોડ તેની રિક્ષામાં તેની પત્ની અને સાસુને બેસાડીને દર્શન કરવા ગયા હતા અને ત્યાંથી તેઓ પોતાની રીક્ષા લઈને નાદરી ગામ થી નીકળ્યા હતા ત્યારે પૂર ઝડપે નીકળેલ કાર નંબર જીજે ૯ બી જી ૨૪૧૨ના ચાલકે રિક્ષાને ધડાકા ભૈર ટક્કર મારી હતી આ અકસ્માતમાં રિક્ષામાં બેઠેલા રૃખીબેન કાનજી ઠાકોર ઉંમર વર્ષ ૭૦ અને કોમલબેન વિજયજી ઠાકોરને ઈજાઓ પહોંચી હતી જેમાં રૃખીબેનને ગંભીર ઈજાઓ પહોંચી હતી બંને જણાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં રૃખીબેન નું મોત થયું હતું અકસ્માત અંગે પોલીસે કારના ચાલક સામે ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

### ગુજરાતમાં 'SIR' વિવાદ! ભાજપ નેતાઓને જેલ-દંડનો ડર, રાતોરાત હજારો ફોર્મ-7 પાછા લેવા પડ્યા

ગુજરાતમાં ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર થઈ ચૂકી છે, જ્યારે હવે ફાઈનલ મતદાર યાદી માટે તૈયારી થઈ રહી છે. જો કે, મતદારના નામ રદ કરવાના ઈરાદે ગુજરાતમાંથી લાખો ફોર્મ-7 ભરાતાં હોબાળો મચ્યો હતો. આખરે જેલ અને દંડની જોગવાઈના ડરથી ખુદ ભાજપના નેતા અને કાર્યકરોએ જ વાંધા પરત લેવા મજબૂર થવું પડ્યું હતું. પરિણામે એવુ થયું કે, રાજ્ય ચૂંટણી પંચને 14.11 લાખ ફોર્મ-7 મળ્યાં હતાં, જેની સંખ્યા રાતોરાત ઘટીને 1.83 લાખ થઈ ગઈ હતી. આ આખોય મુદ્દો ગુજરાતમાં ચર્ચાનો વિષય બની રહ્યો છે. ગુજરાતમાં મતદારોની જાણ બહાર જ ફોર્મ-7 ભરીને વાંધા ઉઠાવવામાં આવ્યા હતાં,જેના પગલે વિપક્ષે હંગામો મચાવ્યો હતો. એટલું જ નહીં, ખુદ રાહુલ ગાંધીએ 'X' પર પોસ્ટ કરીને ગુજરાતમાં 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR)ની કામગીરી સામે સવાલો ઉઠાવ્યાં હતાં.

આ ઉપરાંત લાખો મતદારોના નામ કમી કરવાના બદઈરાદાને લઈને સુપ્રિમ કોર્ટના દ્વાર ખખડાવવાની તૈયારી ચાલી રહી હતી. જેના પગલે રાજ્યનું ચૂંટણી પંચ સાવધાન થયું હતું. ચર્ચા એવી છેકે, ખુદ મુખ્ય ચૂંટણી અધિકારી હારિત શુક્લાએ દિલ્હી જઈને વાસ્તવિકતા રજૂ કરી હતી. એટલુ જ નહીં, શાસક પક્ષને સ્પષ્ટ કહી દેવાયુંકે, મતદારનું નામ રદ કરવાના ઈરાદે ફોર્મ-7 ભરનારે પુરાવા રજૂ કરવા પડશે. જો માહિતી ખોટી હશે તો પોલીસ ફરિયાદ થઈ શકે છે. એક વર્ષની જેલ અને એક લાખના દંડ પણ થશે.

### વંથલીમાં પ્રેમ પ્રકરણમાં ખૂની ખેલ, તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકી યુવકની હત્યા કરી...

જૂનાગઢ | જૂનાગઢ જિલ્લાના વંથલીમાં સોમવારે (બીજી ફેબ્રુઆરી) મોડી રાત્રે પ્રેમ પ્રકરણની અદાવતમાં હિંસક ખેલ ખેલાયો હતો. તીક્ષ્ણ હથિયારો સાથે ચાર શખસોએ બે યુવકો પર હુમલો કરતા એક યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક યુવક લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં જિંદગી અને મોત વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વંથલીના ઝાંપા વિસ્તારમાં 25 વર્ષીય તાજીમ અને તેનો મિત્ર શકીલ જેઠવા હાજર હતા, ત્યારે અચાનક ચાર શખસો તીક્ષ્ણ હથિયારો સાથે તૂટી પડ્યા હતા. હુમલાખોરોએ તાજીમ પર તીક્ષ્ણ હથિયારોના આડેધડ ઘા ઝીંક્યા હતા, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ ઉપરાંત તાજીમની સાથે રહેલા શકીલ જેઠવાને પણ ગંભીર ઈજાઓ પહોંચાડી હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત શકીલને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યા તેની સરાવરા ચાલી રહી છે.

ઘટનાની જાણ થતા જ વંથલી પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ હત્યા પાછળ પ્રેમ પ્રકરણ જવાબદાર છે. યુવતીના પરિવારજનોએ અદાવત રાખીને તાજીમ પર આ હુમલો કર્યો હોવાનું ખુલ્યું છે. હાલ પોલીસે ચાર શખસો સામે હત્યાનો ગુનો નોંધી તેમની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

## અમદાવાદના દક્ષિણ ઝોનમાં પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો

### લાંભા વોર્ડમાં હેલ્થ સેન્ટર, તળાવ, પાર્ટી પ્લોટ અને સ્ટ્રીટ લાઈટ પ્રકલ્પોની ભેટ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દક્ષિણ ઝોનના લાંભા વોર્ડમાં વિવિધ પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોના 3 ફેબ્રુઆરીના દિવસે લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. શહેરના દક્ષિણ ઝોનમાં આવેલા લાંભા વોર્ડમાં લોકાર્પણ અને ખાતમુહૂર્તના અલગ-અલગ ચાર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. માનનીય મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈનના વરદહસ્તે વટવા ટર્નીંગ પાસે લાંભા ખાતે આવેલા કોમ્યુનિટી હેલ્થ સેન્ટરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, સવારે લાંભા તળાવની પાછળ આવેલા પાર્ટી પ્લોટનું ખાતમુહૂર્ત કરાયું અને એ પછી લાંભા તળાવ તેમજ ગાર્ડનનું લોકાર્પણ કરાયું હતું. લાંભાના ઈન્દિરા નગર 2, ત્રણ રસ્તા પાસે આવેલા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે 1391 સ્ટ્રીટ લાઈટ પોલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ અને ધારાસભ્ય શ્રી અમૂલ ભટ્ટની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ સિવાય, ડેપ્યુટી મેયર શ્રી જતિન પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી દેવાંગ દાણી, મ્યુનિસિપલ શાસક પક્ષના નેતા શ્રી ગૌરાંગ પ્રજાપતિ, મ્યુનિસિપલ શાસક પક્ષના દંડક શ્રીમતી શીતલ ડાગા સહિત વિવિધ કમિટીના ચેરમેનશ્રીઓ, આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### સડક સુરક્ષા માટે "સડક સુરક્ષા મિત્ર" પહેલ અંતર્ગત

## SPIPA, ગાંધીનગર ખાતે એક દિવસીય ઓરિએન્ટેશન અને એલાઇનમેન્ટ બેઠક યોજાઇ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યમાં માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવવા તથા સ્થાનિક સ્તરે સડક સુરક્ષા માટે અસરકારક હસ્તક્ષેપ સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ સાથે GRSA દ્વારા સરકારની મહત્ત્વપૂર્ણ પહેલ "સડક સુરક્ષા મિત્ર અંતર્ગત સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર ખાતે એકદિવસીય ઈન્ડક્શન અને એલાઈનમેન્ટ બેઠક યોજાઇ હતી. કાર્યક્રમ દરમિયાન ડેટા ડ્રિવન હાઈપર લોકલ ઈન્ટરવેન્શન અભિગમ દ્વારા જિલ્લામાં માર્ગ સુરક્ષા સંબંધિત પડકારોને ઓળખી, સ્થાનિક સ્તરે સમયસર અને યોગ્ય પગલાં કેવી રીતે લેવામાં આવે તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમમાં અમદાવાદ, સુરત, વડોદરા, મહેસાણા, ગાંધીનગર, બનાસકાંઠા, વલસાડ સહિત વિવિધ જિલ્લાઓના અધિકારીઓએ સક્રિય ભાગ લીધો હતો. સત્ર દરમિયાન CoERS - IIT મદ્રાસ દ્વારા ડેટા આધારિત માર્ગ સુરક્ષા આયોજન, અકસ્માત હોટસ્પોટની ઓળખ. અસરકારક હસ્તક્ષેપ મોડેલ તથા મોનીટરીંગ મિકેનિઝમ અંગે વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું. સાથે જ સડક સુરક્ષા મિત્રોની ભૂમિકા, જવાબદારીઓ અને જિલ્લા સ્તરે સંકલન મજબૂત કરવાની પ્રક્રિયા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. સડક સુરક્ષા મિત્ર પહેલના પ્રિન્સીપાલ પ્રોજેક્ટ ઓફિસર કર્નલ સંજીવ શર્માએ જણાવ્યું કે, "સડક સુરક્ષા મિત્ર પહેલ દ્વારા સરકાર, સ્થાનિક વહીવટીતંત્ર, ટેક્નિકલ સંસ્થાઓ અને નાગરિકો વચ્ચે સહકાર સ્થાપિત કરી માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવવાનો સ્પષ્ટ ઉદ્દેશ છે. ડેટા આધારિત આયોજન અને સમુદાયની સક્રિય ભાગીદારી દ્વારા સડક સુરક્ષા ક્ષેત્રે દીર્ઘકાલીન અને ટકાઉ પરિણામો પ્રાપ્ત કરી શકાય છે."



## ભદ્રકાળી મંદિર, ભદ્ર ખાતે "નમસ્તે વર્લ્ડ" અને AMCના સહયોગથી ઇન્ટરનેશનલ ફોક ડાન્સ એન્ડ મ્યુઝિક ફેસ્ટિવલનું આયોજન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય લોકસંસ્કૃતિ, પરંપરા અને એકતાની ઉજવણીના ભાગરૂપે "નમસ્તે વર્લ્ડ ઈન્ડિયા" અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગ અને વિવિધ સંસ્થાઓએ મળીને કાર્યક્રમ "નમસ્તે વર્લ્ડ"નું 2 ફેબ્રુઆરી, સોમવારે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્ટરનેશનલ ફોક ડાન્સ અને મ્યુઝિક ફેસ્ટિવલ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિવિધ દેશોનાં લોકનૃત્ય અને લોકસંગીતનું એક જ મંચ પર પ્રદર્શન જોવા મળ્યું. "નમસ્તે વર્લ્ડ - ઈન્ટરનેશનલ ફોક ડાન્સ એન્ડ મ્યુઝિક ફેસ્ટિવલ 2026 : એ ગ્લોબલ કલ્ચરલ સેલિબ્રેશન" હતું, જેમાં વિશ્વભરના કલાકારો પોતાની સંસ્કૃતિ, પરંપરા અને વારસાને રજૂ કરતાં નૃત્યો, સંગીતમય ગાયન તથા પરંપરાગત વેશભૂષાને રજૂ કરી હતી. એકતા અને શાંતિનાં સંદેશને પ્રોત્સાહન આપવા આ વૈશ્વિક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

### અમદાવાદમાં ATSના ASI પર મિક્સર ટ્રક ફરી વળતાં મોત

# વ્હીલ નીચે આવી ગયા બાદ 100 મીટર ઢસડાયા, રસ્તા પર કંપારી છોડાવનારાં દૃશ્યો સર્જાયાં...!

અમદાવાદ | અમદાવાદના SP રિંગ રોડ પર ત્રાગડ અંડપાસ પાસે સર્જાયેલા વિચિત્ર અકસ્માતમાં ગુજરાત ATSમાં ફરજ બજાવતા ASIનું મોત નિપજ્યું છે. ASI અજીત નાંદે પોતાનું બાઈક લઈને રિંગ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સર્વિસ રોડ પર એક એક્ટિવા સાથે ટક્કર થયા બાદ રસ્તા પર પટકાયા હતા. આ સમયે જ બાજુમાંથી પસાર થઈ રહેલા મિક્સર ટ્રકના વ્હિલ નીચે આવી જતા 100 મીટર સુધી ઘસડાયા હતા. જેના કારણે ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. રસ્તા પર કંપારી છોડાવનારા દૃશ્યો સર્જાયા હતા. આ મામલે એલ ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ નરોડા SRP કેમ્પસ પાસે આવેલી અમરદીપ પાર્ક સોસાયટીમાં રહેતા અજીત નાંદે (ઉ. વ. 50) ગુજરાત ATSમાં આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (ASI) તરીકે ફરજ બજાવતા હતા. આજે 2 ફેબ્રુઆરીના રોજ બપોરે તેઓ એસપી રીંગ રોડ પર વૈષ્ણવ દેવીથીઝુંડાલ તરફ જતાં હતા ત્યારે ત્રાગડ અંડરપાસ પાસેથી સર્વિસ રોડ પરથી એક એકિટવા ચાલક મુખ્ય રોડ પર આવ્યો હતો. ત્યારે ASI અજીત નાદેનાના બાઈક સાથે ટક્કર થઈ હતી.

ત્યારે રિંગ રોડ પરથી આવતાં મિક્સર ટ્રકની પાછળના ભાગે અડફેટે આવી ગયા અને પાછળના ટાયરમાં આવી જતાં 100 મીટર ઘસડાયા હતા અને તેઓનું ઘટનાસ્થળે મોત થયું હતું. આ મામલે એલ ડિવિઝન ટ્રાફિક પોલીસને જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. આ મામલે પોલીસે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. પૂર્વ વિસ્તારમાં બે અકસ્માતમાં બે વ્યક્તિના ઘટના સ્થળે જ મોત થયાં છે. નરોડામાં રહેતા 45 વર્ષીય ઉકાભાઇ કાપડી કડિયાકામ કરતા હતા. 1 ફેબ્રુઆરીએ તે કડિયાકામ કરવા ટુ-વ્હીલર લઈને કનીજ ગયા હતા. બાદમાં સાંજના સમયે તેઓ એક મહિલા મજૂરને ટુ-વ્હીલરમાં પાછળ બેસાડીને ઘરે આવતા હતા. ત્યારે ઓઢવ રીંગરોડ પર પહોચ્યા તે સમયે પુરઝડપે આવી રહેલા ટ્રકચાલકે ટુ-વ્હીલરને પાછળથી ટક્કર મારતા ઉકાભાઈ ફંગોળાઈને રોડ પર પટકાયા હતા. ત્યારે ટ્રકનું ટાયર માથા પરથી ફરી વળતા તેમનું ઘટના સ્થળે જ મોત નિપજ્યુ હતુ. જ્યારે ટુ-વ્હીલરમાં પાછળ બેસેલ મહિલાને સામાન્ય ઈજાઓ પહોચી હતી. અકસ્માત બાદ ટ્રકચાલક ટ્રક મૂકીને ફરાર થઈ ગયો હતો. આ અંગે આઈ ડિવિઝન ટ્રાફિક પોલીસે ફરાર ટ્રકચાલક સામે ગુનો નોધીને વધુ તપાસ શરૂ કરી છે.

## લુપ્ત થવાની કગારે પહોંચેલી જરીકલાને 120 વર્ષથી જીવંત રાખતો સુરતનો જરીવાલા પરિવાર

સંવાદદાતા ગાંધીનગર | વિજયવીર યાદવ

ભારત પોતાની સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહર અને પરંપરાગત હસ્તકળાઓ માટે વિશ્વવિખ્યાત છે. એમાં પણ ગુજરાત અને ખાસ કરીને સુરતની જરીકલા આગવી ઓળખ ધરાવે છે. ગ્રીક વિદ્વાન મેગેસ્થનીઝના ગ્રંથોમાં ઉલ્લેખિત થયેલી અને આજે GI ટેગ ધરાવતી સુરતની જરીકલા, જરી-જરદોશી વર્ક પ્રાચીન સમયથી ચાલતી આવતી એક અમૂલ્ય પરંપરા છે. આવી જ પરંપરાને સુરતના સગરામપુરાનો જરીવાલા પરિવાર છેલ્લા ૧૨૦ વર્ષથી વધુ સમયથી જીવંત રાખી રહ્યો છે.

સુરતની ઓળખ માત્ર ખાણીપીણી કે ઉદ્યોગોથી નહીં, પરંતુ જરી ઉદ્યોગ જેવી પરંપરાગત કલાઓથી પણ બનેલી છે. સુરતના સગરામપુરાના એક જ પરિવાર દ્વારા પેઢી દર પેઢી સંવર્ધિત થતા પરંપરાગત જરી ઉદ્યોગની શરૂઆત જેકીશનદાસ ચપડીયા દ્વારા કરવામાં આવી હતી. સમય બદલાતો ગયો તેમ પેઢીઓ બદલાતી ગઈ, પરંતુ જરીનો વારસો યથાવત રહ્યો. આજે આ પરિવારની નવી પેઢી પરંપરાગત જરીકળાને આધુનિક યુગની માંગ સાથે જોડીને સફળતાપૂર્વક આગળ ધપાવી રહી છે. એક સમય હતો જ્યારે સુરતની જરી શહેરની શાન ગણાતી હતી. મુઘલકાળ દરમિયાન સુરતમાં તૈયાર થતું જરીનું કાપડ વિદેશ સુધી નિકાસ થતું હતું.



## GCRI બની દેશનું વિશ્વસનીય કેન્સર સારવાર કેન્દ્ર, 26,810થી વધુ દર્દીઓને નવજીવન મળ્યું

સંવાદદાતા ગાંધીનગર | વિજયવીર યાદવ

અમદાવાદ સ્થિત ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI)એ ફરી એકવાર સાબિત કર્યું છે કે, તે ફક્ત ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર દેશ માટે કેન્સરની સારવાર, સંશોધન, અટકાયત અને પ્રારંભિક ઓળખ માટેનું મુખ્ય રાષ્ટ્રીય કેન્દ્ર બની ચૂકી છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતના આરોગ્ય માળખાને સુદૃઢ બનાવવા માટે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ GCRIના મજબૂતીકરણ અને વિસ્તરણનો પાયો નાખ્યો હતો. તે જ દિશામાં આગળ વધતાં, આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં GCRI રાષ્ટ્રીય સ્તરે કેન્સરની સારવાર માટે એક વિશ્વસનીય કેન્દ્ર તરીકે ઉભરી આવી છે. વિશ્વ કેન્સર દિવસ 2026ના સંદર્ભમાં જાહેર થયેલા આંકડાઓ મુજબ, વર્ષ 2025માં GCRIમાં 26,810થી વધુ નવા કેન્સરના દર્દીઓનું રજિસ્ટ્રેશન થયું, જેમાંથી 9147 દર્દીઓ ગુજરાત બહારના રાજ્યોમાંથી આવ્યા હતા. તેમાં સૌથી વધુ દર્દીઓ મધ્યપ્રદેશ (4,572), રાજસ્થાન (2678), ઉત્તરપ્રદેશ (1094), મહારાષ્ટ્ર (279) અને બિહાર (288)ના હતા. આ આંકડાઓ દર્શાવે છે કે, GCRI હવે એક સશક્ત નેશનલ રેફરલ સેન્ટર તરીકે સ્થાપિત થઈ ચૂકી છે, જ્યાં દેશના લગભગ તમામ રાજ્યોમાંથી કેન્સરના દર્દીઓ સારવાર માટે પહોંચી રહ્યા છે.



## કૃષિ મંત્રી જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં રાજ્યનું પ્રતિનિધિ મંડળ ગુરુકુળ કુરુક્ષેત્રની મુલાકાતે

સંવાદદાતા ગાંધીનગર | વિજયવીર યાદવ

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સમગ્ર દેશના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા સતત પ્રેરિત કરી રહ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ હરિયાણાના ગુરુકુળ કુરુક્ષેત્ર ખાતે 180 એકર જમીનમાં થઈ રહેલા પ્રાકૃતિક કૃષિના સફળ પ્રયોગોના નિદર્શન માટે ગુજરાતના કૃષિ, ખેડૂત કલ્યાણ અને પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, રાજ્ય મંત્રી શ્રી રમેશ કટારા, કૃષિ વિભાગના અગ્ર સચિવ શ્રી આર.સી. મીણા સહિતનું પ્રતિનિધિ મંડળ ગુરુકુળ કુરુક્ષેત્ર પહોંચ્યું હતું. આ પ્રતિનિધિ મંડળે ગુરુકુળ કુરુક્ષેત્ર ખાતે પ્રાકૃતિક કૃષિ ફાર્મ ઉપરાંત ગૌશાળા, બાયોગેસ પ્લાન્ટ, જીવામૃત અને નિમાસ્ત્ર પ્લાન્ટ, ઋષિ-આધારિત અર્શ વિદ્યાલય તેમજ નેચરોપેથી સેન્ટર સહિતના વિવિધ કેન્દ્રોની મુલાકાત લીધી હતી અને પ્રાકૃતિક કૃષિના વૈજ્ઞાનિક તથા વ્યવહારુ પાસાઓ અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી. આ તકે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ચાલી રહેલા પ્રાકૃતિક કૃષિ મિશન સાથે દેશભરમાં મોટી સંખ્યામાં ખેડૂતો જોડાઈ રહ્યા છે. ગુજરાત રાજ્યના આશરે 8 લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, ગુરુકુળ કુરુક્ષેત્રના પ્રાકૃતિક કૃષિ ફાર્મ પર છેલ્લા 10 વર્ષોથી દેશી ગાય આધારીત પ્રાકૃતિક કૃષિ કરવામાં આવી રહી છે.



## ચોમાસા પહેલાં જળસંચયના કામોનું આગોતરા આયોજન કરવા CMનું આહ્વાન

સંવાદદાતા ગાંધીનગર | વિજયવીર યાદવ

રાજ્યના બનાસકાંઠા, કચ્છ અને રાજકોટ જિલ્લાના કલેકટરોના પ્રેઝન્ટેશન સહિત વિવિધ જિલ્લા કલેકટરોએ પોતાના ક્ષેત્રોમાં જળસંચય જન ભાગીદારી 2.0 અભિયાનની પ્રગતિ તેમજ આગામી આયોજનની વિસ્તૃત વિગતો આ વિડિયો કોન્ફરન્સમાં પૂરી પાડી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ સમીક્ષા બેઠકમાં કહ્યું કે, ભવિષ્યના પડકારોનો સામનો કરીને તેનું સોલ્યુશન આપવાનું માર્ગદર્શન આપણને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપને પરિણામે મળતું થયું છે. તેમણે કેચ ધ રેઈન અભિયાન અને જળસંચય માટેની જે રાષ્ટ્રવ્યાપી મુહિમ ચલાવી છે તેનો વધુને વધુ લાભ ગુજરાતને મળે તેના પર આપણું ફોકસ છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા કલેકટરો પોતાના જિલ્લાઓમાં વરસાદી પાણીના સંગ્રહ અને સંચય માટેના કામો ભવિષ્યનો વિચાર કરીને બનાવે તેની પ્રેરણા આપતા કહ્યું કે, આ બધા એવા લોકહિત કામો છે જેનાથી ફરજ નિભાવવાના કાર્ય સંતોષ સાથે આત્મસંતોષ પણ મળે છે રાજ્યના જિલ્લાઓમાં જળ સંચય-જન ભાગીદારી અભિયાનના કામોની હેલ્ધી કોમ્પિટિશન થાય અને જે જિલ્લાઓમાં જળસંચયની કામગીરી ઓછી થઈ છે તેને પણ વધુ કામો કરવાનું બળ મળે તેવા વાતાવરણની મુખ્યમંત્રીશ્રીએ હિમાયત કરી હતી.



OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## 8 લોકો નદીમાં ડૂબ્યા પણ બચ્યા, જીવના જોખમે જોખમી મુસાફરી

# પાદરામાં મહી નદીમાં મુસાફરો ભરેલી હોડી પલટી ગઈ

(એજન્સી) વડોદરા । તા. 03

વડોદરાના પાદરા તાલુકામાંથી પસાર થતી મહીસાગર નદીમાં આજે રુંવાડા ઉભા કરી દે તેવી એક ઘટના સામે આવી છે. ગંભીરા બ્રિજ નજીક મુસાફરોથી ખીચોખીચ ભરેલી એક હોડી અચાનક પલટી જતાં તેમાં સવાર ૮ થી વધુ લોકો નદીના ઊંડા પાણીમાં ખાબક્યા હતા. જોકે, સદનસીબે નજીકમાં રહેલા સ્થાનિક લોકો અને તરવૈયાઓએ ત્વરિત મદદ પહોંચાડતા તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો છે. આ ઘટનાએ ફરી એકવાર તંત્રની નબળી વ્યવસ્થા અને લોકોની મજબૂરી પર સવાલો ઉભા કર્યા છે.





### કેવી રીતે સર્જાઈ આ ભયાનક દુર્ઘટના?

સોમવારની સવારે પાદરા તરફથી કેટલાક શ્રમિકો અને મુસાફરો હોડીમાં સવાર થઈને નદી માર્ગે ગંભીરા તરફ જઈ રહ્યા હતા. નદીની વચ્ચે પહોંચતા જ અચાનક સંતુલન બગડવાને કારણે અથવા નદીના તેજ વહેણના લીધે હોડી પલટી ગઈ હતી. હોડી પલટતા જ લોકોમાં ચીસાચીસ મચી ગઈ હતી અને ૮ થી વધુ લોકો પાણીમાં ગરકાવ થવા લાગ્યા હતા. બૂમાબૂમ સાંભળીને નજીકમાં માછીમારી કરી રહેલા અન્ય નાવિકો અને ગ્રામજનો તુરંત પાણીમાં કૂદી પડ્યા હતા અને કલાકોની મહેનત બાદ તમામ લોકોને સુરક્ષિત રીતે કાંઠે લાવવામાં આવ્યા હતા.

### ગંભીરા બ્રિજ બંધ હોવાથી જોખમમાં જીવ

આ ઘટના પાછળનું મુખ્ય કારણ પાદરા અને આણંદ જિલ્લાને જોડતા મહત્વના ગંભીરા બ્રિજનું બંધ હોવું છે. આ બ્રિજ લાંબા સમયથી ક્ષતિગ્રસ્ત હોવાને કારણે તેને વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો છે. પરિણામે, શ્રમિકો અને સ્થાનિકોને રોડ માર્ગે ૨૦ થી ૨૫ કિલોમીટરનો લાંબો ફેરો કરવો પડે છે. આ ફેરો ટાળવા અને સમય બચાવવા માટે લોકો દરરોજ જીવના જોખમે હોડીમાં મુસાફરી કરવા મજબૂર બન્યા છે.

### તંત્રની આંખ ક્યારે ખુલશે?

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, બ્રિજ બંધ થયા બાદ કોઈ નક્કર વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી નથી. મુસાફરો દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં પણ કોઈ સુરક્ષિત સાધન ઉપલબ્ધ કરાવાયું નથી. મીડિયા અહેવાલ મુજબ, જો સ્થાનિક તરવૈયાઓ સમયસર ન પહોંચ્યા હોત તો આજે મોટી જાનહાનિ થઈ શકી હોત. અત્યારે તમામ ૮ લોકો સુરક્ષિત છે, પરંતુ આ ઘટનાએ વહીવટી તંત્રની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ ચિહ્નો ખડા કર્યા છે.

### ભવિષ્યમાં મોટી હોનારતનો ડર

આ વિસ્તારના રહીશો હવે ડરના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. દરરોજ સેંકડો લોકો આ રીતે નદી ઓળંગે છે. જો સરકાર દ્વારા જલ્દીથી બ્રિજનું સમારકામ અથવા યોગ્ય ફેરી સર્વિસની વ્યવસ્થા કરવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં કોઈ મોટી જળ-હોનારત સર્જાઈ શકે તેવી ભીતિ સેવાઈ રહી છે.

## કોડીનાર અને સુત્રાપાડામાં કમોસમી વરસાદ: ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા



કોડીનાર | ગીર સોમનાથ જિલ્લાના વાતાવરણમાં આજે સાંજે અચાનક આવેલો પલટો જગતના તાત માટે આફત બનીને આવ્યો છે. ફેબ્રુઆરી મહિનાની ઠંડી વચ્ચે અચાનક અષાઢી માહોલ સર્જાયો હતો અને કોડીનાર તેમજ સુત્રાપાડા તાલુકાના અનેક વિસ્તારોમાં પવન સાથે કમોસમી વરસાદ ખાબક્યો હતો. કોડીનાર અને સુત્રાપાડામાં કમોસમી વરસાદને કારણે તૈયાર થયેલો રવિ પાક જમીનદોસ્ત થઈ ગયો છે, જેનાથી ખેડૂતોમાં ભારે ચિંતા પ્રસરી ગઈ છે. ખેતરોમાં પાણી ફરી વળ્યા, ઊભો પાક નષ્ટ સાંજના સમયે આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતું અને જોરદાર પવન સાથે વરસાદ શરૂ થયો હતો. કોડીનારના સિંધાજ, ફાચરિયા, અરણેજ, આણંદપુર અને ઘાંટવડ તેમજ સુત્રાપાડાના મોરડીયા અને પ્રાસલી જેવા સીમ વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી ગયો હતો. અનેક જગ્યાએ માર્ગો પર પાણી ભરાઈ ગયા હતા. પવન એટલો તેજ હતો કે ખેતરોમાં લહેરાતો ઘઉંનો ઊભો પાક ઢળી પડ્યો છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, પાક જમીનદોસ્ત થવાથી હવે દાણા કાળા પડશે અને ઉતારો ઓછો આવશે.

## વડોદરા પોલીસ દારૂ હેરાફેરી કેસ: એમ્બ્યુલન્સમાં દારૂ છુપાવનાર ખેપીઓ ઝડપાયો

(એજન્સી) વડોદરા । તા. 03

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં બુટલેગરો અવનવી તરકીબો અજમાવતા હોય છે. વડોદરા પોલીસ દારૂ હેરાફેરી કેસમાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે, જેમાં દર્દીઓને લઈ જતી એમ્બ્યુલન્સનો ઉપયોગ દારૂની હેરાફેરી માટે કરવામાં આવતો હતો. વડોદરા ક્રાઈમ બ્રાન્ચે આ મામલે બાપોદ જકાતનાકા પાસેના હીરાબા નગરમાં રહેતા નયન સતિષભાઈ કહાર નામના શખ્સની ધરપકડ કરી છે.



શું હતી સમગ્ર ઘટના? ગત ૨૮મી જાન્યુઆરીના રોજ છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી ટાઉનમાં પોલીસે પેટ્રોલિંગ દરમિયાન એક શંકાસ્પદ એમ્બ્યુલન્સ વાનને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ડ્રાઈવરે વાહન ઊભું રાખવાને બદલે ફૂલ સ્પીડમાં ભગાવ્યું હતું. પોલીસે પીછો કરતા ડ્રાઈવર રસ્તામાં એમ્બ્યુલન્સ મૂકીને અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. જ્યારે પોલીસે એમ્બ્યુલન્સની અંદર તપાસ કરી તો તેઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

એમ્બ્યુલન્સમાંથી ૯૨૮ બોટલ દારૂ જપ્ત પોલીસ તપાસમાં એમ્બ્યુલન્સમાંથી કુલ ૯૨૮ દારૂની બોટલો મળી આવી હતી, જેની કિંમત અંદાજે ૬૪,૦૦૦ આંકવામાં આવી હતી. એમ્બ્યુલન્સમાં દારૂ પકડાયો હોવાના સમાચાર વાયુવેગે ફેલાઈ ગયા હતા અને પોલીસે ડ્રાઈવરને વોન્ટેડ જાહેર કર્યો હતો. વડોદરા ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે નયન કહારને ઝડપી પાડ્યો છે અને હવે તેને વધુ તપાસ માટે છોટાઉદેપુર પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.



## વડોદરા મકરપુરા રોડ ખોદકામ: નવો રસ્તો 24 કલાકમાં જ તોડતા હોબાળો

(એજન્સી) વડોદરા । તા. 03

વડોદરા મહાનગરપાલિકાના અધિકારીઓની અણઆવડત અને ભ્રષ્ટાચારના કારણે શહેર ફરી એકવાર ચર્ચામાં આવ્યું છે. મકરપુરા વિસ્તારમાં આવેલા નોવિનો સોસાયટી રોડ પર નવો રસ્તો બનાવ્યાના માત્ર ૨૪ કલાકમાં જ ખોદકામ શરૂ કરી દેવામાં આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વડોદરા મકરપુરા રોડ ખોદકામની આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે કોર્પોરેશનના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો વચ્ચેના મેળાપીપણામાં પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા પાણીમાં જઈ રહ્યા છે. મુખ્યમંત્રીની સૂચનાઓનું સરેઆમ ઉલ્લંઘન રાજ્યના મુખ્યમંત્રીએ અનેકવાર તમામ વહીવટી તંત્રોને સૂચના આપી છે કે રસ્તો બનાવતા પહેલા ગેસ, ગટર, વીજળી અને પાણીની પાઈપલાઈનનું કામ પૂર્ણ કરી લેવું જોઈએ. જોકે, વડોદરામાં આ સૂચનાઓ માત્ર કાગળ પર જ રહી હોય તેવું જણાય છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે અધિકારીઓ જાણીજોઈને પહેલા રસ્તો બનાવે છે અને પછી ખોદકામ કરાવીને કોન્ટ્રાક્ટરોના બીજા બિલ પાસ કરાવવાની 'ટ્રિક' અપનાવે છે. વડોદરા મકરપુરા રોડ ખોદકામ એ આવી જ એક ભ્રષ્ટ નીતિનો ભાગ હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

## ગોંડલ પોલીસ ભરતી યુવાનનું મોત: શારીરિક કસોટી પાસ કર્યા બાદ હૃદય થંભી ગયું

(એજન્સી) ગોંડલ । તા. 03

રાજકોટ જિલ્લાના ગોંડલ ખાતે એસઆરપી ગ્રાઉન્ડમાં ચાલી રહેલી પોલીસ ભરતીની શારીરિક કસોટીમાં આજે એક અત્યંત કરૂણ ઘટના ઘટી છે. કોડીનાર તાલુકાના વડનગર ગામનો વતની અને ઉચ્ચ શિક્ષિત યુવાન નીતિન ચૌહાણ પોલીસ બનવાની પરીક્ષા પાસ કર્યાના ગણતરીના મિનિટોમાં જ મૃત્યુને ભેટ્યો હતો. ગોંડલ પોલીસ ભરતી યુવાનનું મોત થવાની આ ઘટનાથી સમગ્ર પોલીસ બેડા અને ત્યાં હાજર અન્ય ઉમેદવારોમાં શોકનું મોજું ફરી વળ્યું છે. દોડ પૂરી કરી અને કાળ આંબી ગયો ૨૭ વર્ષીય નીતિન છેલ્લા ત્રણ વર્ષથી પોલીસમાં ભરતી થવા માટે તનતોડ મહેનત કરી રહ્યો હતો. આજે સવારે ૫ કિલોમીટરની દોડની કસોટી હતી. નીતિને આ કસોટી ૨૫ મિનિટના નિર્ધારિત સમયને બદલે માત્ર ૨૩ મિનિટમાં જ પૂર્ણ કરી સફળતાપૂર્વક પાસ કરી હતી. પરીક્ષા પૂરી કરી તે ગ્રાઉન્ડની બહાર નીકળી પોતાના મિત્રના રૂમ તરફ જઈ રહ્યો હતો, ત્યારે જ અચાનક તેની છાતીમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો અને તે ઢળી પડ્યો હતો.

એક વર્ષ પહેલા જ થયા હતા લગ્ન સાથે આવેલા મિત્રો નીતિનને તાત્કાલિક બાઈક પર ગોંડલ સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ કમનસીબે ટૂંકી સારવાર બાદ તેનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. નીતિને એમ.એસસી (M.Sc) જેવી ઉચ્ચ ડિગ્રી મેળવી હતી અને તે ખેડૂત પુત્ર હતો. માત્ર એક વર્ષ પહેલા જ તેના લગ્ન થયા હતા. આશાસ્પદ પુત્રના મોતથી કોડીનારના વડનગર ગામમાં ગમગીની છવાઈ ગઈ છે. નીતિન બે ભાઈઓમાં નાનો હતો અને તેના પિતા ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તંત્ર દ્વારા તપાસ શરૂ ઘટનાની જાણ થતા જ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એલ.આર. ગોહિલ સહિતનો કાફલો હોસ્પિટલ પહોંચ્યો હતો. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે. ગોંડલ પોલીસ ભરતી યુવાનનું મોત ખરેખર હૃદયના ધબકારા વધવાને કારણે થયું છે કે અન્ય કોઈ કારણસર, તે પીએમ રિપોર્ટ બાદ સ્પષ્ટ થશે. ઉચ્ચ ડિગ્રી ધરાવતો અને શારીરિક રીતે સક્ષમ યુવાન આ રીતે જીવ ગુમાવે તે તબીબી જગત માટે પણ ચિંતાનો વિષય બન્યો છે.

## જેન્સી કાનાબાર ઓસ્ટ્રેલિયન ઓપન વિજેતા: જૂનાગઢમાં ભવ્ય શોભાયાત્રા



જૂનાગઢ | ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે રમાયેલી અંડર-14 એશિયા પેસિફિક ટેનિસ સ્પર્ધામાં વિશ્વવિજેતા બનીને ઈતિહાસ રચનારી જૂનાગઢની દીકરી જેન્સી કાનાબારનું આજે તેના વતનમાં અભૂતપૂર્વ સ્વાગત કરવામાં આવ્યું હતું. જેન્સી કાનાબાર ઓસ્ટ્રેલિયન ઓપન વિજેતા બન્યા બાદ પ્રથમ વખત જૂનાગઢ પહોંચતા શહેરના માર્ગો પર માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. મજેવડી ગેટ પાસે જિલ્લા વહીવટી તંત્ર અને સામાજિક સંસ્થાઓ દ્વારા પુષ્પવર્ષા સાથે જેન્સી અને તેના પિતા દીપકભાઈ કાનાબારને આવકારવામાં આવ્યા હતા. ઐતિહાસિક સન્માન અને નામકરણ જેન્સીની આ અદભૂત સિદ્ધિને બિરદાવવા માટે જૂનાગઢ કલેક્ટર અનિલ રાણાવસીયાએ એક મોટી જાહેરાત કરી હતી. જેન્સીએ જે કોર્ટ પરથી ટેનિસના પાઠ શીખ્યા હતા, તે જૂનાગઢ જીમખાના ટેનિસ કોર્ટનું નામ હવેથી 'જેન્સી કાનાબાર ટેનિસ કોર્ટ' રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત, જેન્સીને જીમખાનાનું આજીવન સભ્યપદ ભેટમાં આપવામાં આવ્યું હતું. આ જાહેરાત સાંભળીને અને પોતાનું આટલું ભવ્ય સન્માન નિહાળીને વિજેતા ખેલાડી જેન્સી ભાવુક થઈ ગઈ હતી.

## 15 હજાર બાળકોએ રચ્યો વર્લ્ડ રેકોર્ડ

# વડોદરામાં મહંતસ્વામી મહારાજનો 92મો જન્મોત્સવ ઉજવાયો



(એજન્સી) વડોદરા । તા. 03

સંસ્કારી નગરી વડોદરાના આંગણે બીજી ફેબ્રુઆરીના રોજ એક અલૌકિક આધ્યાત્મિક દ્રશ્ય સર્જાયું હતું. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વર્તમાન ગુરુહરિ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજના ૯૨મા જન્મજયંતી મહોત્સવની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે વડોદરાની ધરતી પર ૨ લાખથી વધુ હરિભક્તો ઉમટી પડ્યા હતા, જેમાં ૧૩ હજાર જેટલા અનિવાસી ભારતીયો (NRI) ખાસ વિદેશથી પધાર્યા હતા. આ મહોત્સવ માત્ર શ્રદ્ધાનો વિષય જ નહીં, પરંતુ એક ઐતિહાસિક ગિનિસ વર્લ્ડ રેકોર્ડનો સાક્ષી પણ બન્યો હતો.

### સંસ્કૃત શ્લોકોના ગુંજારવથી સર્જાયો વર્લ્ડ રેકોર્ડ

આ મહોત્સવની સૌથી મોટી વિશેષતા ૧૫,૬૬૬ બાળ-બાલિકાઓ દ્વારા સર્જાયેલ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ હતો. મહંતસ્વામી મહારાજ દ્વારા રચિત ૩૧૫ શ્લોકો ધરાવતા 'સત્સંગદીક્ષા' ગ્રંથનો આ તમામ બાળકોએ માત્ર એક વર્ષમાં સંપૂર્ણ મુખપાઠ કર્યો હતો. લંડનથી પધારેલા ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સના અધિકારીની ઉપસ્થિતિમાં, આટલી મોટી સંખ્યામાં બાળકોએ રચયિતાની પ્રત્યક્ષ હાજરીમાં ગ્રંથનું સમૂહગાન કરીને નવો કીર્તિમાન સ્થાપિત કર્યો હતો. આ ઘટનાએ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કૃત ભાષાના પુનરુત્થાનનો સંદેશ આપ્યો હતો.

### રાજકીય મહાનુભાવોની ગરિમામય હાજરી

આ ભક્તિમય ઉત્સવમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના વરિષ્ઠ સંતો દ્વારા બંને મુખ્યમંત્રીઓનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મહંતસ્વામી મહારાજના દિવ્ય જીવન, અહંશૂન્યતા અને આધ્યાત્મિક સ્થિતિ પર સંતોએ મનનીય ઉદ્બોધનો કર્યા હતા, જેનાથી શ્રોતાઓ ભાવવિભોર બન્યા હતા. આટલા વિશાળ આયોજનને સફળ બનાવવા માટે છેલ્લા ત્રણ મહિનાથી તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. ૩૪ જેટલા વિવિધ સેવા વિભાગોમાં ૧૪,૦૦૦ સ્વયંસેવકોએ રાત-દિવસ જોયા વગર અવિરત સેવા આપી હતી. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સુરક્ષા, સલામતી અને ટ્રાફિક વ્યવસ્થા માટે સંપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો. મહોત્સવ દરમિયાન પ્રદર્શિત કરાયેલી દિવ્ય વાણી અને વિશિષ્ટ વીડિયોએ વાતાવરણને આધ્યાત્મિકતાથી ભરી દીધું હતું.

સત્સંગદીક્ષા ગ્રંથ માત્ર ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ તે ઉન્નત આધ્યાત્મિક અને સામાજિક જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડે છે. આ મહોત્સવ દ્વારા હજારો યુવાનો અને બાળકોમાં નૈતિક મૂલ્યો અને વ્યસનમુક્તિનો સંદેશ પહોંચાડવામાં આવ્યો હતો. વિનમ્રતા અને નિઃસ્વાર્થ સેવાના આ ઉત્સવે સૌના મન જીતી લીધા હતા.

## સુરતીઓ પર કોઈ વેરા વધારો નહીં, કમિશનર એમ. નાગરાજનનું પ્રથમ બજેટ

# સુરત પાલિકાનું 10593 કરોડનું ઐતિહાસિક બજેટ રજૂ

(એજન્સી) સુરત । તા. 03

સુરત મહાનગરપાલિકાના નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજને આજે વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું ૧૦,૫૯૩ કરોડ રૂપિયાનું વિરાટ ડ્રાફ્ટ બજેટ રજૂ કર્યું છે. પાલિકાના ઈતિહાસનું આ સૌથી મોટું બજેટ છે, જે ગત વર્ષના ૯૬૦૩ કરોડના બજેટ કરતા ૯૯૦ કરોડ વધુ છે. આગામી સમયમાં પાલિકાની ચૂંટણીઓ યોજાવાની હોવાથી, કમિશનરે સુરતીઓ પર એક પણ રૂપિયાનો નવો વેરો ઝીંક્યો નથી, જે નાગરિકો માટે મોટી રાહતના સમાચાર છે.



બજેટમાં શહેરના આંતરમાળખાકીય વિકાસ માટે ૫૦૭૩ કરોડ રૂપિયાના કેપિટલ કામોની જોગવાઈ કરવામાં આવી છે. ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે કમિશનરે કુલ ૧૯ નવા બ્રિજનું આયોજન કર્યું છે, જેમાં ૮ ફ્લાયઓવર, ૨ રેલવે ઓવરબ્રિજ, ૨ રિવર બ્રિજ અને ૭ ખાડી બ્રિજનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, શહેરને ખાડી પૂરથી બચાવવા માટે ૬૧ કરોડ રૂપિયાના ખર્ચે ખાડીના રીમોડલિંગ અને રિસ્ટ્રક્ચરિંગના કામો હાથ ધરવામાં આવશે.

કમિશનર એમ. નાગરાજને સુરતને વિશ્વ કક્ષાનું શહેર બનાવવા માટે 'સ્લમ ફ્રી' અને 'ડસ્ટ ફ્રી' સિટીનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. સુરતને ટુરિઝમ ક્ષેત્રે ઓળખ અપાવવા માટે ઈન્ડસ્ટ્રીયલ અને ટ્રેડ-એડવેન્ચર ટુરિઝમ જેવા નવા આયામો જોડવામાં આવશે. ખાસ કરીને સખી મંડળની બહેનોને ટુરિઝમ ગાઈડ તરીકે તૈયાર કરવામાં આવશે. તાપી નદી પરના મહત્વકાંક્ષી બેરેજ પ્રોજેક્ટ માટે ગત વર્ષની સરખામણીએ સીધો ૨૦૦ કરોડનો વધારો કરી ૩૫૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

પર્યાવરણની જાળવણી માટે સુરત પાલિકાએ ૨૦૩૦ સુધીનો રોડમેપ તૈયાર કર્યો છે. જે મુજબ, પાલિકાની પોતાની કુલ વીજ જરૂરિયાત સામે ૧૦૦ ટકા રિન્યુએબલ એનર્જી મેળવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ બજેટમાં ૨૫૭ કરોડની રેવન્યુ સરપ્લસ દર્શાવવામાં આવી છે, જે પાલિકાની મજબૂત આર્થિક સ્થિતિ સૂચવે છે. સ્ત્રીઓ અને બાળકો માટે 'વુમન એન્ડ ચાઈલ્ડ ફ્રેન્ડલી સિટી' બનાવવા પર પણ બજેટમાં વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે.

## ઊંઘતા શ્રમજીવીઓ પર કન્ટેનર ફરી વળતા સર્જાઈ હતી તારાજી

# વડોદરા સાંકરદા અકસ્માત મોત: કન્ટેનર ઘરમાં ઘુસતા યુવકનું અવસાન

(એજન્સી) વડોદરા । તા. 03

વડોદરાના સાંકરદા હાઈવે પર ગત ૨૯મી જાન્યુઆરીના રોજ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા યુવકનું આજે સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. વડોદરા સાંકરદા અકસ્માત મોતની આ ઘટનાથી સ્થાનિકો અને શ્રમજીવી પરિવારોમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. બેકાબૂ ગતિએ આવતા એક કન્ટેનરે હાઈવે પર આવેલી રહેણાંક રૂમની દીવાલ તોડીને અંદર ઘુસી જઈને સૂતેલા લોકો પર કહેર વર્તાવ્યો હતો.

પરોઢિયે ત્રાટકેલો કાળ ઘટનાની વિગતો મુજબ, છાણી નજીક સાંકરદા બ્રિજ પાસે આવેલી દુર્ગા એસ્ટેટના મેન ગેટ પાસે ડ્રાયફ્રૂટની એક દુકાન અને તેની બાજુમાં એક રૂમ આવેલી છે. આ રૂમમાં મુકેશ રામ અને તેમના ભત્રીજા અમિતકુમાર સહિતના શ્રમજીવીઓ પરોઢિયે ગાઢ નિદ્રામાં હતા. દરમિયાન ૨૯મી તારીખે વહેલી સવારે એક બેકાબૂ કન્ટેનર ધડાકાભેર દીવાલ અને મેન ગેટ તોડીને રૂમની અંદર ઘુસી ગયું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કન્ટેનરનો આગળનો ભાગ કચડાઈ ગયો હતો અને ડ્રાઈવરને પણ ઈજાઓ પહોંચી હતી.

ચાર દિવસની સારવાર બાદ પ્રાણ પંખેરુ ઊડ્યું આ દુર્ઘટનામાં ૨૧ વર્ષીય અમીતકુમાર બ્રહ્માનંદભાઈ રામ (રહે. સાંકરદા ગામ, વડોદરા) ને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. છેલ્લા ચાર દિવસથી તબીબો દ્વારા અમિતને બચાવવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ અંતે આજે સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. વડોદરા સાંકરદા અકસ્માત મોતના સમાચાર મળતા જ મૃતકના પરિવારજનોમાં આક્રંદ છવાઈ ગયો હતો. હાઈવે પર વધતી અકસ્માતોની સંખ્યા સ્થાનિક રહેવાસીઓનો આક્ષેપ છે કે સાંકરદા હાઈવે પર ભારે વાહનો બેફામ ગતિએ દોડતા હોય છે, જેના કારણે અવારનવાર રહેણાંક વિસ્તારોમાં વાહનો ઘુસી જવાની ઘટનાઓ બને છે.

## મનોજ, રમેશ અને દીપક નામના શખ્સોએ પોલીસ પાસે માંગી માફી

# વડોદરા દારૂની મહેફિલ વીડિયો વાયરલ: પાંચ મહિના બાદ મિત્રોની ધરપકડ કરાઈ

(એજન્સી) વડોદરા । તા. 03

સોશિયલ મીડિયા પર લોકપ્રિય થવાની અને દારૂની મહેફિલના વીડિયો મૂકીને રૌફ જમાવવાની કોશિશ વડોદરાના ત્રણ મિત્રોને ભારે પડી છે. ગોત્રી વિસ્તારમાં રહેતા ત્રણ શખ્સોનો દારૂ પીતા અને ડાન્સ કરતા હોવાનો વીડિયો વાયરલ થયો હતો. આશ્ચર્યની વાત એ છે કે, આ વીડિયો વાયરલ થયાના પાંચ મહિના બાદ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કરી વડોદરા દારૂની મહેફિલ વીડિયો વાયરલ થવાના મામલે ત્રણેય મિત્રો સામે કડક કાર્યવાહી કરી છે. ગ્લાસ માથે મૂકી ડાન્સ અને વાયરલ વીડિયો વાયરલ થયેલા વીડિયોમાં દારૂની મહેફિલ માણતા દ્રશ્યો સ્પષ્ટ દેખાતા હતા. તેમાં એક મિત્ર તો ઉત્સાહમાં આવીને માથા પર દારૂનો ગ્લાસ મૂકીને ડાન્સ કરતો પણ જોવા મળ્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા પર ફરતો થતા ગોત્રી પોલીસ ઈન્સ્પેક્ટર આર.એન. પટેલના ધ્યાને આવ્યો હતો. પોલીસે વીડિયો કયા સ્થળનો છે અને તેમાં દેખાતા શખ્સો કોણ છે તેની ટેકનિકલ તપાસ કરાવી હતી.



ત્રણ મિત્રોની અટકાયત અને પસ્તાવો પોલીસે આ મામલે ગોત્રીના વુડા (VMC) ક્વાર્ટર્સમાં રહેતા મનોજ ભીખાભાઈ ભાવસાર, રમેશકુમાર શ્રીરામ સિયાક અને દીપક ગોવિંદભાઈ અગ્રવાલની ઓળખ કરી તેમની અટકાયત કરી હતી. પોલીસ સ્ટેશનમાં પૂછપરછ દરમિયાન ત્રણેય મિત્રોના હોશ ઉડી ગયા હતા અને તેમણે પોતાની ભૂલ સ્વીકારી હતી. તેમણે પોલીસ સમક્ષ વિનંતી કરી હતી કે આવી ભૂલ ફરી ક્યારેય નહીં કરે અને વીડિયો બનાવી મૂકવા બદલ લેખિતમાં માફી પણ માંગી હતી.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**
આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ.

**વૃષભ : બ. વ. ઉ.**
તમારૂ મગજ સારી બાબતોને સ્વીકારશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે.

**મિથુન : ક. છ. ઘ.**
તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે.

**કર્ક : ડ. હ.**
સ્વાસ્થ્યની દ્રષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ.

**સિંહ : મ. ટ.**
વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો.

**કન્યા : પ. ઠ. ણ.**
આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. લાંબા સમય બાદ તમારા મિત્રને મળવાનો વિચાર તમારા હૃદયની ગતિ એકાદ ગબડતા પથ્થર જેવી કરી મુકશે.

**તુલા : ર. ત.**
વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે હેલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

**વૃશ્ચિક : ન. ય.**
બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દ્રઢતા બક્ષશે. આજે તમે સારૂ એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા.

**ધન : ભ. ધ. ફ. ઢ.**
ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. મિત્રો સાથે સાંજ આનંદદાયક રહેશે.

**મકર : ખ. જ.**
ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**
અપાર ઊર્જા અને ઉત્સાહ તમને ઘેરી વળશે અને તમારી સામે આવનારી કોઈપણ તક તમે તમારા ફાયદા માટે ઉપયોગમાં લેશો. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો.

**મીન : દ. ચ. ઝ. થ.**
તમારૂ વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

## વિશ્વ કેન્સર દિવસ-૨૦૨૬

# આ વર્ષે વિશ્વ કેન્સર દિવસની થીમ: "United by Unique"

સંવાદદાતા વિજયવીર યાદવ | ગાંધીનગર તા.03

દર વર્ષે ૦૪ ફેબ્રુઆરીના રોજ વિશ્વભરમાં 'વિશ્વ કેન્સર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ નાગરિકોમાં કેન્સર વિશે જાગૃતિ વધારવાનો અને આ રોગ સામે લડવા માટે વૈશ્વિક સ્તરે પ્રયાસોને વધુ મજબૂત બનાવાનો છે. કેન્સર આજે વિશ્વભરમાં મૃત્યુના મુખ્ય કારણોમાં એક છે. નેશનલ કેન્સર ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ મુજબ, દેશમાં વર્ષ-૨૦૨૫માં કેન્સરના અંદાજિત ૧૪ લાખથી વધુ કેસ નોંધાયા હતા.

દરેક વ્યક્તિની કેન્સર સામેની લડત વ્યક્તિગત, અલગ અને અનન્ય હોય છે. આ વર્ષે વિશ્વ કેન્સર દિવસની થીમ "United by Unique" છે. જે વ્યક્તિ કેન્દ્રિત કેન્સર સંભાળના મહત્વ પર ભાર મૂકે છે, જે દર્શાવે છે કે, કેન્સરથી પીડિત દરેક વ્યક્તિને સંવેદનશીલ, સમાન અને કરુણાસભર સારવાર મળવી આવશ્યક છે.

ગુજરાત સહિત સમગ્ર દેશમાં કેન્સરની બિમારી એક ગંભીર જાહેર આરોગ્ય સમસ્યા બની રહી છે. જીવનશૈલી, પર્યાવરણીય અને આનુવંશિક પરિબળોના કારણે મોંઢાના કેન્સર, સ્તન કેન્સર અને સર્વાઈકલ કેન્સરના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષમાં ૩૦ વર્ષથી વધુ ઉમરના ૦૩ કરોડથી વધુ વ્યક્તિઓની મોંઢાના કેન્સર, ૧.૬ કરોડથી વધુ મહિલાઓની સ્તન કેન્સર તેમજ ૮૨ લાખથી વધુ મહિલાઓનું સર્વાઈકલ કેન્સરની સ્ક્રીનિંગ કરાયું છે.

કેન્સરના રોગની સમયસર તપાસ, નિયમિત સ્ક્રીનિંગ અને આરોગ્યદાયક જીવનશૈલી અપનાવવાથી કેન્સર રોગના પરિણામોમાં નોંધપાત્ર સુધારો થઈ શકે છે, જેના પરિણામે અનેક જીવ બચાવી શકાય છે. વૈશ્વિક સ્તરે દર વર્ષે લગભગ એક કરોડ નાગરિકો કેન્સરથી મૃત્યુ પામે છે, જ્યારે ભારતમાં દર વર્ષે અંદાજિત આશરે ૧૪ લાખ નવા કેસ નોંધાય છે.

## જે પી ગ્રુપે 7માંથી 6 માંગણીઓ સ્વીકારી કર્મચારીઓમાં આનંદની લાગણી

# જે પી ગ્રુપના કર્મચારીઓની હડતાલનો સુખદ અંત, AAP ધારાસભ્ય ચૈતર વસાવાની મધ્યસ્થતાથી સમાધાન

ભરત શાહ, નર્મદા : તા. ૩

જેપી ગ્રુપના 182 કર્મચારીઓ છેલ્લા 15 દિવસથી હડતાલ પર હતા અને આજે ધારાસભ્ય ચૈતર વસાવાએ આ કર્મચારીઓની માંગણીઓ મુદ્દે મેનેજમેન્ટ સાથે ચર્ચા કરી અને મેનેજમેન્ટે સાતમાંથી છ માંગણીઓને તાત્કાલિક અસરથી માની છે અને પગાર વધારવાની છેલ્લી માંગણી ઝડપથી અમલમાં મુકાશે તેવી ખાતરી આપી છે. આ સમગ્ર બાબતે ધારાસભ્ય ચૈતર વસાવાએ વીડિયોના માધ્યમથી વિસ્તારપૂર્વક વાત કરતા જણાવ્યું હતું કે, છેલ્લા 30-35 વર્ષથી લોકો પોતાની સેવા આપતા હતા, એ તમામ લોકો લેન્ડ લુઝર છે, જે લોકોની જમીનો સરદાર સરોવર યોજનામાં ગઈ છે. આ લોકોએ



પોતાની સાત જેટલી માંગણીઓને લઈને અનેક વાર જે પી ગ્રુપના મેનેજમેન્ટ સાથે ચર્ચાઓ કરી હતી પરંતુ તેમની માંગણીઓ સ્વીકારવામાં ન આવતા તેમણે છેલ્લો નિર્ણય લીધો કે તેઓ હડતાલ કરશે. 17 જાન્યુઆરીથી તેઓ હડતાલ પર છે અને એ દિવસે અમે પણ મુલાકાત લીધી હતી. બીજા દિવસે અમે પણ મેનેજમેન્ટ સાથે વાત કરી પરંતુ જે પી ગ્રુપ દ્વારા મુદ્દાને નજરઅંદાજ કરવામાં આવ્યો અને આ આંદોલન આગળ વધ્યું. આ 182 કર્મચારીઓના આંદોલનને 15 દિવસથી વધારે સમય થયો અને આજે ફરી એકવાર મેનેજમેન્ટ સાથેઅમેબેઠાઅનેસાતમાંગણીઓમાંથી છ માંગણીઓ મેનેજમેન્ટે આજે સ્વીકારી લીધી છે અને જે સાતમી માંગણી પગાર વધારવાની હતી તેના માટે હાલ પૂરતા તેમણે 62 લોકોની યાદી બનાવી છે અને એ 62 લોકોને પ્રમોશનના ભાગરૂપે ઉપર લઈ જવાના છે અને બીજા 20 થી 25 લોકોને અપગ્રેડેશન આપવાના છે.

ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવતા કહ્યું હતું કે, મેનેજમેન્ટે કહ્યું છે કે પહેલી એપ્રિલથી તમામ કર્મચારીઓને તેમના કામના પ્રકાર પ્રમાણે અને સિનિયોરિટી પ્રમાણે પગાર વધારો કરી આપવામાં આવશે. સાથેજ જે પી કંપનીએ સરદાર સરોવર નિગમ સાથે રહીને પોતાના લેટર હેડ પર લેખિત બાંહેધરી આપી છે.

# મહાશિવરાત્રી મેળાને લઈ જૂનાગઢ જિલ્લા કલેક્ટરે વિવિધ સમિતિઓના અધ્યક્ષો સાથે સમીક્ષા બેઠક યોજી



| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.3

મહાશિવરાત્રી મેળો ૨૦૨૬ સંદર્ભે જૂનાગઢ જિલ્લા કલેક્ટરશ્રી અનિલકુમાર રાણાવસિયા એ આજ રોજ વિવિધ સમિતિઓના અધ્યક્ષ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં કલેક્ટરશ્રીએ મેળાના આયોજન માટે રચાયેલી વિવિધ ૨૦ જેટલી સમિતિઓના અધ્યક્ષો સાથે અત્યાર સુધી થયેલી કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. ભવનાથ તળેટી વિસ્તારમાં પ્રસિદ્ધ મહાશિવરાત્રીના મેળાનો તા.૧૧ ફેબ્રુઆરીના રોજ શુભારંભ થશે. આધ્યાત્મિક અને પૌરાણિક રીતે વિશેષ મહત્વ ધરાવતા આ મહાશિવરાત્રીના મેળામાં લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડે છે, ત્યારે શ્રદ્ધાળુઓ માટે જરૂરી સુવિધાઓ અને વ્યવસ્થાઓ માટેની તૈયારીઓ વહીવટી તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે.

## વીજચોરી

# પાંચ સબ ડિવિઝનના 113 કનેક્શનોમાં રૂ. 43.79 લાખની વીજચોરી પકડાઈ

ભાવનગર : પીજીવીસીએલના ભાવનગર ગ્રામ્ય ડિવિઝ હેઠળના પાંચ સબ ડિવિઝનના ૧૧૩ કનેક્શનોમાં કુલ રૂ.૪૩.૭૯ લાખની વીજચોરી વીજતંત્ર દ્વારા ઝડપી પાડવામાં આવી છે. પીજીવીસીએલ ભાવનગર વર્તૂળ કચેરીના ભાવનગર ગ્રામ્ય સબ ડિવિઝન હેઠળના સણોસરા, સિહોર ટાઉન અને ગ્રામ્ય, વરતેજ અને વલ્લભીપુર એમ કુલ પાંચ સબ ડિવિઝનમાં પીજીવીસીએલની કુલ ૪૨ ટીમો દ્વારા આજે વહેલી સવારથી વીજ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જેમાં પીજીવીસીએલની



ટીમો દ્વારા ૩૮૯ રહેણાંકી અને ૩ વાણિજ્ય મળી કુલ ૩૯૨ વીજ કનેક્શનો તપાસવામાં આવ્યા હતા. જે પૈકી ૧૧૨ રહેણાંકી અને ૧ વાણિજ્ય મળી કુલ ૧૧૩ વીજ કનેક્શનોમાં કુલ રૂ.૪૩.૭૯ લાખની વીજચોરી ઝડપાઈ હતી.

### દારૂ બિયર ભરેલા આઈસર ટ્રક સાથે બે શખ્સ ગિરફ્તાર

ભાવનગર : ભાવનગર-અમદાવાદ રોડ નારી ગામ નજીક પેરોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમે વિદેશી દારૂ ભરેલા આયશર ટ્રક સાથે ડ્રાઈવર ક્લિનરને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે અન્ય સાત ઈસમના નામ ખુલવા પામ્યા હતા. પેરોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમ ભાવનગર ગ્રામ્ય વિસ્તારમાં પ્રોહિ, જુગાર અંગે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમ્યાન બાતમીરાહે હકિકત મળેલ કે, એક કેસરી કલરની બોડીવાળો આઈસર કંપનીનો ટ્રક નં. જીજે-૧૪-ઝેડ-૨૪૭૭માં લોખંડ તથા લાકડાના સેન્ટીંગના સામાનની આડમાં બે શખ્સ ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરીને ધોલેરા તરફથી ભાવનગર તરફ લઈને આવે છે.

## બદલીના આદેશ

# ભાવનગરના 2 રાજ્યવેરા અધિકારી અને 11 રાજ્યવેરા નિરીક્ષકની બદલી

ભાવનગર : સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા રાજ્યના કુલ ૭૬ રાજ્યવેરા અધિકારી અને ૨૭૪ રાજ્યવેરા નિરીક્ષકની બદલીના આદેશ કરવામાં આવ્યા છે. જેમાંથી ભાવનગરના બે રાજ્યવેરા અધિકારી તથા ૧૧ રાજ્યવેરા નિરીક્ષકોની બદલી કરવામાં આવી છે.

સ્ટેટ જીએસટી વિભાગમાં રાજ્યવેરા અધિકારી (એસટીઓ) અને રાજ્યવેરા નિરીક્ષક (એસટીઆઈ)ની બદલીના આદેશ વડી કચેરી દ્વારા કરવામાં આવ્યા છે. જેમાં રાજ્યમાં ફરજ બજાવી રહેલા ૭૬ એસટીઓ અને ૨૭૪ એસટીઆઈની બદલીના આદેશ કરવામાં આવ્યા છે. જેમાંથી વિભાગ-૯ અન્વેષણ મોબાઈલ સ્ક્વોર્ડમાં ફરજ બજાવતા મોંઘજીભાઈ ગણેશભાઈ પટેલની અમદાવાદ અને મિરાજ મુકેશભાઈ કળથીયાની નડીયાદ બદલી થઈ છે. આ ઉપરાંત ભાવનગર વિભાગમાં ફરજ બજાવતા ૧૧ રાજ્યવેરા નિરીક્ષકોની બદલીના આદેશ મુખ્ય રાજ્યવેરા કમિશનર કચેરી દ્વારા કરવામાં આવ્યા છે.

## ઇ-બસ આવી તેને પણ આશરે એક માસ થઈ ગયો

# ભાવનગરમાં 40 ઇ-બસ ધૂળ ખાઇ છે, હવે 14 મીએ શરૂ કરવાનો દાવો



ભાવનગર : ભાવનગર મહાનગરપાલિકામાં વર્ષોથી ભાજપનું શાસન છે અને વિકાસની મોટી મોટી વાતો કરવામાં આવે છે. વિકાસની વાતો વચ્ચે ભાવનગર શહેરમાં લાંબા સમયથી સિટી બસ સેવા બંધ છે. હવે આગામી દિવસોમાં ઈ-બસ સેવા શરૂ કરવામાં આવશે પરંતુ તેમાં પણ વિલંબ થતા લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. શહેરમાં પીએમ ઈ-બસ સેવા યોજના હેઠળ આશરે એક માસથી ૪૦ ઈ-બસ આવી ગઈ છે છતાં હજુ મહાપાલિકા દ્વારા ઈ-બસ સેવા શરૂ કરવામાં આવી નથી તેથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. સિટી બસ સેવા કયારે શરૂ થશે ? તેને લઈ લોકો પુછપરછ કરી રહ્યા છે પરંતુ મહાપાલિકા દ્વારા હજુ સત્તાવાર તારીખ જાહેર કરવામાં આવી નથી. ૪૦ ઈ-બસ હાલ શહેરના ટોપ થ્રી ખાતે આવેલા સિટી બસ ડેપો ખાતે ધૂળ ખાઈ રહી છે અને ઉદઘાટનની રાહ જોવાય રહી છે. આગામી તા. ૧૪ ફેબ્રુઆરીએ ઉદઘાટન બાદ ઈ-બસ સેવા શરૂ કરાશે તેમ આજે સોમવારે મહાપાલિકાના જવાબદાર અધિકારીએ દાવો કરતા જણાવેલ છે.

મહાપાલિકા દ્વારા ઈ-બસ સેવા શરૂ કરવામાં વિલંબ થયો છે અને ઈ-બસ સેવા શરૂ કરવાની તારીખોના વાયદા અગાઉ વારંવાર ખોટા પડયા છે ત્યારે લોકોમાં કચવાટ ફેલાયો છે. ઈ-બસ સેવા ઝડપથી શરૂ કરવા લોકો માંગણી કરી રહ્યા છે. ભાજપના રાજમાં ભાવનગર શહેરમાં છેલ્લા ૯ માસ કરતા વધુ સમયથી સિટી બસ સેવા બંધ છે તેથી મુસાફરો ત્રાહિમામ છે. સિટી બસ સેવા લાંબા સમયથી બંધ હોવાથી લોકોને ના છૂટકે રિક્ષામાં મુસાફરી કરવી પડી રહી છે ત્યારે તત્કાલ સિટી બસ સેવા શરૂ કરવી જોઈએ તેમ લોકમુખે ચર્ચાય રહ્યુ છે.

### વડાપ્રધાનના હસ્તે ઇ-બસ સેવા શરૂ કરાશે

ભાવનગર મહાપાલિકા દ્વારા ભારતના વડાપ્રધાનના હસ્તે પીએમ ઈ-બસ સેવા શરૂ કરવા તૈયારીઓ ચાલી રહી છે. આગામી તા. ૧૪ ફેબ્રુઆરીએ વર્ચ્યુઅલ કાર્યક્રમ રાખવામાં આવશે અને ભાવનગર સહિતના શહેરોમાં પીએમ ઈ-બસ સેવા શરૂ કરાશે તેમ સુત્રોએ જણાવેલ છે.

# નવા જલપાઈગુડી સ્ટેશન પર બે નવા પ્લેટફોર્મ બનાવાયા

(એજન્સી) માલીગાંવ તા.03

નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેએ કટિહાર ડિવિઝન હેઠળ નવા જલપાઈગુડી સ્ટેશન પર બે નવા વધારાના પ્લેટફોર્મ બનાવ્યા છે. આ પેસેન્જર-કેન્દ્રિત પહેલ સ્ટેશનના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં એક મોટો સુધારો છે અને તેનો ઉદ્દેશ્ય મુસાફરોની સુવિધાઓ વધારવા, બોર્ડિંગ અને ડિબોર્ડિંગમાં સરળતા સુનિશ્ચિત કરવા, કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરવા અને નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે નેટવર્કના આ મહત્વપૂર્ણ જંકશન પર લાંબા અંતરની ટ્રેન સેવાઓની વધતી જતી સંખ્યાને વધુ સારી રીતે સંચાલિત કરવાનો છે. વધુમાં, સુધારેલી નંબરિંગ સિસ્ટમ મુજબ, નવા જલપાઈગુડી સ્ટેશનના મુખ્ય પ્રવેશદ્વારની બાજુમાં બાંધવામાં આવેલા નવા પ્લેટફોર્મને પ્લેટફોર્મ નંબર 1 અને પ્લેટફોર્મ નંબર 2 નામ આપવામાં આવ્યા



છે. હાલના પ્લેટફોર્મને વ્યવસ્થિત રીતે પ્લેટફોર્મ નંબર 8 સુધી ફરીથી નંબર આપવામાં આવ્યા છે. જૂના પ્લેટફોર્મને નીચે મુજબ ફરીથી ગોઠવવામાં આવ્યા છે: હાલના PF-1A ને PF-3, PF-1 ને PF-4, PF-2 ને PF-5, PF-3 ને PF-6, PF-4 ને PF-7, અને PF-5 ને PF-8 નંબર આપવામાં આવ્યા છે. આ ફેરફારનો હેતુ એકરૂપતા લાવવા, સંચાલનમાં મૂંઝવણ ઘટાડવા અને સરળ ટ્રેન અવરજવર સુનિશ્ચિત કરવાનો છે. મુસાફરોની અવરજવરને સરળ બનાવવા અને કાર્યક્ષમ કામગીરી સુનિશ્ચિત કરવા માટે નવા જલપાઈગુડી સ્ટેશન પર સુધારેલા પ્લેટફોર્મ માટે ઘણી મહત્વપૂર્ણ લાંબા અંતરની ટ્રેનો નિયુક્ત કરવામાં આવી છે. કામાખ્યા - હાવડા વંદે ભારત સ્લીપર એક્સપ્રેસ (27576 ડાઉન) અને ગુવાહાટી - રોહતક અમૃત ભારત એક્સપ્રેસ (15671 ડાઉન), દિબ્રુગઢ - નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ (12423 ડાઉન), ગુવાહાટી - કોલકાતા ગરીબ રથ એક્સપ્રેસ (12518 ડાઉન), અને અગરતલા - SMVT બેંગલુરુ હમસફર એક્સપ્રેસ (12504 ડાઉન) ને પ્લેટફોર્મ નંબર 6 માટે નિયુક્ત કરવામાં આવી છે. અન્ય મહત્વપૂર્ણ લાંબા અંતરની સેવાઓમાં દિબ્રુગઢ - ચંદીગઢ એક્સપ્રેસ (15903 ડાઉન) અને કામાખ્યા - આનંદ વિહાર ટર્મિનલ એક્સપ્રેસ (15621 ડાઉન), પ્લેટફોર્મ નંબર 5 માટે નિયુક્ત કરવામાં આવી છે, અને ન્યૂ જલપાઈગુડી - હાવડા વંદે ભારત એક્સપ્રેસ (22302 ડાઉન), પ્લેટફોર્મ નંબર 4 માટે નિયુક્ત કરવામાં આવી છે. વધુમાં, ન્યૂ જલપાઈગુડી - આરા એક્સપ્રેસ (13245 ડાઉન) ને પ્લેટફોર્મ નંબર 2 માટે નિયુક્ત કરવામાં આવી છે, જે ઉત્તરપૂર્વ અને દેશના મુખ્ય શહેરો વચ્ચે રેલ કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવે છે. ન્યૂ જલપાઈગુડી સ્ટેશન પરથી મુસાફરી કરતા મુસાફરોને સ્ટેશનની જાહેરાતો, ડિજિટલ ડિસ્પ્લે બોર્ડ, પૂછપરછ કાઉન્ટર અને સત્તાવાર રેલ્વે સંચાર ચેનલો દ્વારા અપડેટેડ પ્લેટફોર્મ નંબરો કાળજીપૂર્વક તપાસવાની સલાહ આપવામાં આવે છે. સુધારેલા પ્લેટફોર્મ વ્યવસ્થાથી ન્યૂ જલપાઈગુડી સ્ટેશન પર ટ્રેન સંચાલન, મુસાફરોની અવરજવર અને એકંદર સલામતીમાં નોંધપાત્ર સુધારો થવાની અપેક્ષા છે.

## મહુવાના લોખંડના 2 વેપારી સાથે 7.69 લાખની છેતરપિંડી

ભાવનગર : મહુવાના લોખંડના અલગ-અલગ બે વેપારીઓ પાસેથી ગૌશાળાનો શેડ બનાવવા માટે પાઈપ અને પતરા લઈ જઈ ખોટી સહીવાળા ચેક આપી રૂ.૭.૬૯ લાખની છેતરપિંડી આચરનારા બે શખ્સો સામે મહુવા પોલીસ મથકમાં વેપારીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મહુવાની નજફ સોસાયટીમાં રહેતા અને મહુવામાં લોખંડ અને પતરાનો વ્યવસાય કરતા મહમદતકી હુસૈનઅલી મોદીએ મહુવા પોલીસ મથકમાં જીજ્ઞોશ અને અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં ઉક્ત જીજ્ઞોશભાઈ તેમની દુકાને આવી બગદાણા ગામે ગૌશાળા માટે શેડ બનાવવા માટે રૂ.૪,૫૨,૭૪૨ની કિંમતના લોખંડના પતરા અને પાઈપ ભરી જઈ અમદાવાદા ચાંદખેડાની ઈન્ડસઈન્ડ બેંકનો ખોટી સહીવાળો ચેક આપી તેમની સાથે છેતરપિંડી આચરી હતી.

# ચાણસ્મા હાઈવે સર્કલની મોટાઈથી વારંવાર અકસ્માતનો ભોગ બનતા વાહનચાલકો

નીતિન ઠાકર | ચાણસ્મા તા. 3

ચાણસ્મા નગરથી હાઈવેને જોડતા ચાર રસ્તા પર અંદાજે ૧૨ વર્ષ પહેલાં નિરમા પરીવાર - (રૂપપૂર)ના સહયોગથી અંદાજે ૧૮ ફુટ ની ગોળાઈવાળું સર્કલ બનાવી પાલિકાને સાંપવામાં આવ્યું છે પરંતુ આ સર્કલ વધારે પહોળાઈવાળું હોવાથી અને ચાણસ્મા એટલે કચ્છ-સૌરાષ્ટ્ર-અમદાવાદ મુંબઈ જવા માટેનું પ્રવેશ દ્વાર હોવાથી મોટા લોડિંગ ટ્રકો ટ્રેલરો સહિત નાના મોટા સેંકડો વાહનો ચાણસ્મા સર્કલ થઈ આવન જાવન રહે છે પરંતુ સર્કલની ગોળાઈ વધારે હોવાના કારણે ખાસ કરી ભારે



વાહનો વળાંક લેતાં ઘણીવાર પલ્ટી મારી જતાં વાહન ચાલકો અકસ્માત નો ભોગ બને છે. સર્કલની ગોળાઈ ઘટાડી નાનુ બનાવવા વાહનચાલકો પાલિકામાં માંગ કરી હોવા છતાં પાલિકા દ્વારા કોઈ હકારાત્મક કામગીરી નહી કરતાં. ચાણસ્મા હાઈવે સર્કલથી પસાર થતાં ભારે વાહન અકસ્માતનો ભય સેવી રહ્યા છે.

# માલના બદલામા બેંકના ખોટા ચેક અને ખોટા GST નંબર આપી છેતરપીડીં કરનાર ટોળકીની રાજુલા પોલીસે ઝડપી


કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.03

ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર અને અમરેલી પોલીસ વડા સંજય ખરાતની સૂચના હેઠળ રાજુલા પોલીસે મિલકત સંબંધી છેતરપિંડીના ગુનાઓ ઉકેલવા આદરેલી તપાસમાં મોટી સફળતા મળી છે. રાજુલા પી.આઈ. વી.એમ. કોલાદરાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમે બાતમીના આધારે જૂની કાતર રોડ પરથી લાખોના મુદ્દામાલ સાથે પાલીતાણાની ગેંગના ત્રણ સાગરીતોને દબોચી લીધા છે, જ્યારે એક આરોપી નાસી છૂટવામાં સફળ રહ્યો છે. આ ગેંગ અત્યંત ચાલાકીપૂર્વક વેપારીઓને શિકાર બનાવતી હતી: ૧. ગેંગના સભ્યો અલગ-અલગ જિલ્લાના સ્ટીલ વેપારીઓનો સંપર્ક કરતા. ૨. નજીકના ગામમાં 'સરકારી કામ' અથવા 'ગૌશાળાનો શેડ' બનાવવાનો હોવાનો વિશ્વાસ અપાવતા. ૩. 'VK Enterprise' નામના ખોટા ચેક અને ખોટા GST નંબર આપી માલની ખરીદી કરતા. ૪. માલ મંગાવી કોઈ અવાવરું જગ્યાએ ખાલી કરાવતા અને ત્યારબાદ બીજા વાહનમાં ભરી




પાલીતાણા પંથકમાં સસ્તા ભાવે વેચી મારતા હતા. પોલીસે સ્થળ પરથી પંકજ ઉર્ફે જીગો લાલજીભાઈ નવાડીયા, વિજય ઉર્ફે ખીર નરશીભાઈ પરમાર અને બાબુભાઈ રતિભાઈ ગોહીલ (તમામ રહે. પાલીતાણા) ને ઝડપી પાડ્યા છે. જ્યારે અશરફ ઉર્ફે આપા ગફારભાઈ જુણેજાને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. તેમની પાસેથી ૨,૬૬,૪૦૦ ના ગેલવેનાઈઝ પતરા-પાઈપો અને મોબાઈલ મળી કુલ ૨,૯૯,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરાયો છે. આમ, કુલ મળીને અંદાજે ૨૨,૫૯,૩૭૭ ની ઠગાઈ આ ગેંગે આચરી હોવાનું બહાર આવ્યું છે. મુખ્ય આરોપી પંકજ ઉર્ફે જીગો અગાઉ પણ પ્રોહિબિશન અને જુગારના ગુનામાં સંડોવાયેલો હોવાનું ખુલ્યું છે. આ સફળ કામગીરીમાં રાજુલા પી.આઈ. વી.એમ. કોલાદરા સાથે એ.એસ.આઈ. મધુભાઈ પોપટ, હરપાલસિંહ ગોહિલ, હરેશભાઈ વાળા, મનુભાઈ માંગાણી, સુરેશભાઈ મેર, ગોવિંદભાઈ કાતરીયા, અમિતભાઈ, મેહુલભાઈ પંડ્યા અને મહેશભાઈ વાઘેલા જોડાયા હતા.

# શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીને એમ્બ્રોઈડરી વર્ક અને ફૂલની ડીઝાઈનવાળા વાઘા એવં ઓર્કિડ-શેવંતીના મિક્સ ફુલોનો શણગાર



| નરેન્દ્ર દવે | સાળંગપુર તા.3 .

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તા.13-12-2025 ને મંગળવારના રોજ વૃંદાવન તૈયાર થયેલા એમ્બ્રોઈડરી વર્ક અને ફૂલની ડીઝાઈનવાળા વાઘા એવં ઓર્કિડ-શેવંતીના મિક્સ ફુલોનો શણગાર શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીને કરાયો હતો. આજે સવારે 5:30 કલાકે મંગળા આરતી અને સવારે 7:00 કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. મંદિર પરિસરમાં આવેલ યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે અનેક હરિભક્તોએ દર્શન એવં મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

## FPIsએ અગાઉ ૨૦૨૫માં બજારમાંથી ૧.૬૬ લાખ કરોડ અને ગત માસે રૂ. ૩૬,૦૦૦ કરોડ પાછા ખેંચી લીધા

# FPI ભારતમાંથી હવે વધુ ભંડોળ પાછું ખેંચશે

(એજન્સી) અમદાવાદ | તા 03

બજેટમાં ફ્યુચર્સ અને ઓપ્શન્સ (F&O) સેગમેન્ટમાં ટ્રેડ્સ પર સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (STT) વધારવાની જાહેરાત નજીકના ભવિષ્યમાં વિદેશી રોકાણકારો ભારતમાંથી હવે વધુ ભંડોળ પાછું ખેંચે તેવી શક્યતા છે. આમ પણ વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે, ગત જાન્યુઆરી માસમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) દ્વારા ભારતીય શેરબજારમાંથી આશરે રૂ. ૩૬,૦૦૦ કરોડ (આશરે ૩.૯૭ બિલિયન ડોલર) પાછા ખેંચી લીધા હતા.નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરીના ડેટા અનુસાર, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો એ જાન્યુઆરીમાં ભારતીય શેરબજારમાંથી રૂ. ૩૫,૯૬૨ કરોડની પાછા ખેંચી લીધા હતા.

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો એ અગાઉ ૨૦૨૫માં ભારતીય બજારમાંથી લગભગ રૂ. ૧.૬૬ લાખ કરોડ



(૧૮.૯ બિલિયન ડોલર)ની રેકોર્ડ રકમ પાછી ખેંચી લીધી હતી. તે સમયે, અસ્થિર ચલણ બજારો, વૈશ્વિક વેપાર તણાવ, સંભવિત યુએસ ટેરિફ અને ઉચ્ચ બજાર મૂલ્યાંકને વિદેશી મૂડી પર અસર કરી હતી.બજારના જાણકારો એ જણાવ્યું હતું કે ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં એટીટીમાં વધારો નજીકના ભવિષ્યમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોના પ્રવાહ માટે હળવો નકારાત્મક પરિબળ હોઈ શકે છે, ખાસ કરીને અત્યંત તેજીવાળા અને ડેરિવેટિવ્ઝ-કેન્દ્રિત વૈશ્વિક ભંડોળ માટે. તેનાથી સોદાના વોલ્યુમને અસર થશે અને વ્યૂહાત્મક ભાગીદારી ધીમી થવાનું જોખમ છે.ટકાઉ વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોના પ્રવાહ માટે, રોકાણકારો ફક્ત વૃદ્ધિની સંભાવનાઓને બદલે વ્યાપક સ્થિરતા, રૂપિયાની ગતિશીલતા અને કર નીતિમાં સુસંગતતા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે.૨૦૨૬-૨૭ માટેના તેમના બજેટ ભાષણમાં, નાણામંત્રીએ ફ્યુચર્સ પર એસટીટી ૦.૦૨%થી ૦.૦૫% અને ઓપ્શન પ્રીમિયમ અને ઓપ્શન કોન્ટ્રેક્ટ પર એસટીટી અનુક્રમે ૦.૧૦% અને ૦.૧૨૫%થી ૦.૧૫% કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

યુએસ-યુરોપ વેપાર તણાવ, ગ્રીનલેન્ડ વિવાદ સંબંધિત ટેરિફ ધમકીઓ, મજબૂત ડોલર, ઉચ્ચ બોન્ડ યીલ્ડ, ડોલર દીઠ રૂપિયો ૯૦-૯૨ સુધી ઘટવા અને ઉચ્ચ બજાર મૂલ્યાંકનને કારણે પણ વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો ભારતથી દૂર થયા છે. વિકસિત બજારોમાં ઊંચા વ્યાજ દરો, મજબૂત ડોલર અને ભૂ-રાજકીય અનિશ્ચિતતાઓએ ઉભરતા બજારો માટે જોખમ લેવાની ક્ષમતા ઘટાડી છે. સાથોસાથ વિદેશી રોકાણકારો પણ સાવધ રહ્યા છે.આ બજેટમાં એફ એન્ડ ઓ સોદા પર એસટીટીમાં વધારો કરીને કેન્દ્ર સરકારનો ઈરાદો આવક વધારવાનો હોય કે પછી એફ એન્ડ ઓના જુગારથી યુવા વર્ગને બચાવવા માંગવાનો હેતુ હોય, આ બન્ને હેતુ સિધ્ધ થવાની શકયતા ઓછી જણાય છે. એસટીટી વધવાથી ઉલ્ટું ટ્રેડરો અને સટ્ટાકીય માનસિકતા ધરાવતો યુવા વર્ગ ગેરકાયદે અને અનેકને બરબાદ કરતાં ડબ્બા ટ્રેડિંગ તરફ વળતો જોવાશે. એસટીટી વધારાનું પગલું આ સંજોગોમાં બૂમરેંગ સાબીત થઈ શકે છે. કેમ કે ડબ્બા ટ્રેડિંગ તરફ ટ્રેડરો વળશે તો વધુ ટ્રેડરો, યુવા વર્ગ બરબાદ થશે.

## ભારતી એક્સા લાઇફ ઇન્શ્યોરન્સ અને ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંકે વ્યૂહાત્મક બેંકાશ્યોરન્સ ભાગીદારીની જાહેરાત કરી

મુંબઇ : ભારતી લાઇફ વેન્ચર્સ પ્રાઇવેટ લિમિટેડ (ભારતી ગ્રૂપ કંપની)ની પેટા કંપની ભારતી એક્સા લાઇફ ઇન્શ્યોરન્સે ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક સાથે વ્યૂહાત્મક બેંકાશ્યોરન્સ ભાગીદારી કરી છે. આ ભાગીદારી સમગ્ર ભારતમાં અને વિશેષ કરીને અર્ધ-શહેરી અને ગ્રામીણ માર્કેટ્સમાં લાઇફ ઇન્શ્યોરન્સની પહોંચ વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ ભાગીદારી દ્વારા ભારતી એક્સા લાઇફ ઇન્શ્યોરન્સ ઇક્વિટા સ્મોલ ફાઇનાન્સ બેંકના ગ્રાહકોને પ્રોટેક્શન, સેવિંગ્સ અને રિટાયર્મેન્ટ પ્લાનની શ્રેણી ઓફર કરશે, જેનાથી સમગ્ર ભારતમાં વ્યક્તિઓ અને પરિવારોની નાણાકીય સુરક્ષા, લાંબાગાળાનું સંપત્તિ આયોજન સક્ષમ બનશે. ગ્રાહકો ઇક્વિટાસ એસએફબીના 18 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 1,042 બેંકિંગ આઉટલેટ્સના મજબૂત નેટવર્ક દ્વારા આ સોલ્યુશન્સ એક્સેસ કરી શકે છે. ઇક્વિટાસ તમિળનાડુ, કર્ણાટક, કેરળ અને મહારાષ્ટ્રમાં મજબૂત ઉપસ્થિતિ ધરાવે છે. આ ભાગીદારી વિશે પ્રતિક્રિયા આપતાં ભારતી એક્સા લાઇફ ઇન્શ્યોરન્સના ચીફ ડિસ્ટ્રિબ્યુશન ઓફિસર - પાર્ટનરશીપ ડિસ્ટ્રિબ્યુશન અને માર્કેટિંગ હેડ નીતિન મહેતાએ કહ્યું હતું કે, "ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંકે તેના વિશાળ બ્રાન્ચ નેટવર્ક અને ડિજિટલ ક્ષમતાઓ દ્વારા બેંકિંગ સુવિધાઓથી વંચિત, અર્ધ-શહેરી અને ગ્રામીણ સમુદાયોમાં મજબૂત અને વિશિષ્ટ ફ્રેન્ચાઇઝી સાથે સેવાનો મજબૂત ટ્રેક રેકોર્ડ સ્થાપિત કર્યો છે.

## News Brief

### Yamahaએ ભારતમાં લોન્ચ કર્યું પ્રથમ ઇલેક્ટ્રિક સ્કૂટર EC-05

નવી દિલ્હી: મેક્સી સ્કૂટર માટે જાણીતી કંપની યામાહાએ ભારતીય બજારમાં અધિકૃત રીતે ઇલેક્ટ્રિક ટુ-વ્હીલર સેગમેન્ટમાં એન્ટ્રી કરી છે. ઇન્ડિયા યામાહાએ તેનું પ્રથમ ઇલેક્ટ્રિક સ્કૂટર Yamaha EC-05 લોન્ચ કર્યું છે, જેની એક્સ-શોરૂમ કિંમત રૂ.1,67,600 રાખવામાં આવી છે. શરૂઆતના તબક્કે આ સ્કૂટર પસંદગીના શહેરોમાં યામાહાના બ્લુ સ્ક્વેર પ્રીમિયમ ડીલરશીપ પર ઉપલબ્ધ થશે અને હાલમાં તે માત્ર 'બ્લુઈશ વ્હાઇટ' રંગમાં જ ઉપલબ્ધ રહેશે.

આ સ્કૂટરમાં 4kWh નો ફિક્સ્ડ બેટરી પેક આપવામાં આવ્યો છે, જે Interior Permanent Magnet Synchronous Motor (IPMSM) સાથે જોડાયેલું છે. કંપનીના દાવા મુજબ, આ સ્કૂટર સિંગલ ચાર્જમાં 169 કિમી (IDC રેન્જ) આપે છે. તે 6.7 kW પાવર અને 26 Nm ટોર્ક જનરેટ કરે છે, જેનાથી સ્કૂટર 79 કિમી/કલાકની ટોપ સ્પીડ પકડી શકે છે. સામાન્ય સોકેટથી તેને ફૂલ ચાર્જ થવામાં લગભગ 8 કલાકનો સમય લાગે છે. બેટરી પર 3 વર્ષ અથવા 30,000 કિમીની વોરંટી પણ આપવામાં આવી છે.

યામાહાએ સુરક્ષા માટે બેટરી અને મોટરને IP67 રેટિંગ આપ્યું છે, જે તેને ધૂળ અને પાણીથી સુરક્ષિત રાખે છે. રાઈડિંગના અનુભવને બહેતર બનાવવા માટે ત્રણ મોડ્સ: Eco, Standard અને Power આપવામાં આવ્યા છે. સાંકડી જગ્યામાં પાર્કિંગની સુવિધા માટે 'રિવર્સ મોડ' પણ ઉપલબ્ધ છે. બ્રેકિંગ માટે આગળ અને પાછળ બંને તરફ 200 mm ડિસ્ક બ્રેક સાથે કોમ્બી બ્રેક સિસ્ટમ (CBS) આપવામાં આવી છે.

## ભારતીય ઉદ્યોગ જગતનો પ્રતિસાદ અને ભવિષ્યની યોજના

# આયાત નિકાસ ટેરિફમાં કાપ થી ઉત્પાદન ખર્ચ ઘટશે

નવી દિલ્હી: ભારત અને અમેરિકા વચ્ચે થયેલી તાજેતરની વ્યાપારિક સમજૂતીએ દેશના ઔદ્યોગિક સંગઠનો અને અર્થશાસ્ત્રીઓમાં ભારે ઉત્સાહ જગાવ્યો છે. ૨ ફેબ્રુઆરીના રોજ થયેલી આ ઐતિહાસિક સમજૂતીને ભારતના ટોચના ઉદ્યોગ મંડળોએ 'વિકાસ માટેનું બૂસ્ટર ડોઝ' ગણાવ્યું છે. આ સંધિના પરિણામે અમેરિકામાં ભારતીય નિકાસ પરના ટેરિફમાં થયેલો ધરખમ ઘટાડો ભારતની આર્થિક મહત્વાકાંક્ષાઓને નવી પાંખો આપશે તેવું નિષ્ણાતોનું માનવું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેના મજબૂત સંબંધોને કારણે આ રચનાત્મક અને ભવિષ્યલક્ષી સંવાદ શક્ય બન્યો છે.

કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) ના પ્રમુખ રાજીવ મેમાનીએ આ સમજૂતીને આવકારતા જણાવ્યું હતું કે, ટેરિફમાં ૧૮ ટકા સુધીનો ઘટાડો એ ભારત અને અમેરિકા વચ્ચેની વ્યૂહાત્મક આર્થિક ભાગીદારીને મજબૂત કરવા તરફનું એક મોટું પગલું છે. આ સમજૂતી ભારતીય ઉત્પાદનોની વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં વધારો કરશે અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં વૃદ્ધિ માટે ઉત્પ્રેરક તરીકે કામ કરશે. તેમના મતે, આ ડીલથી ન માત્ર વ્યાપાર વધશે પરંતુ રોજગાર નિર્માણ અને સપ્લાય ચેઈનને વધુ મજબૂત બનાવવામાં પણ મોટી સફળતા મળશે.PHD ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (PHDCCI) ના પ્રમુખ રાજીવ જુનેજાએ આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ટેરિફમાં ઘટાડો એ અમેરિકાની વ્યાપારિક નિખાલસતા અને આર્થિક કાર્યક્ષમતા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ટેરિફમાં કાપ મૂકવાથી સ્થાનિક ઉદ્યોગો માટે કાચા માલ અને મશીનરીની આયાત સસ્તી થશે, જેનાથી અંતિમ ઉત્પાદનનો ખર્ચ ઘટશે. આ ફેરફારથી ગ્રાહકોને પણ સસ્તો માલ મળશે અને મોંઘવારી પર કાબૂ મેળવવામાં મદદ મળશે.

### નિકાસકારો માટે પ્રોત્સાહક આંકડા

મહિન્દ્રા ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર અને ગ્રુપ સીઈઓ અનીશ શાહના જણાવ્યા અનુસાર, ભારતીય નિકાસ પરના ટેરિફમાં ૫૦ ટકાથી સીધો ૧૮ ટકા સુધીનો તાત્કાલિક ઘટાડો એ અસાધારણ બાબત છે. આ નિર્ણયથી ઉદ્યોગ જગતમાં જે અનિશ્ચિતતા હતી તે દૂર થશે અને રોકાણકારો વધુ આત્મવિશ્વાસ સાથે મૂડીરોકાણ કરી શકશે. જ્યારે ભારતીય અર્થતંત્ર પહેલેથી જ મજબૂત વૃદ્ધિના માર્ગ પર છે, ત્યારે આ વ્યાપાર સંધિ દેશના જીડીપીમાં વૃદ્ધિ લાવવા માટે પાયાનું કામ કરશે.

### ક્ષેત્રવાર ફાયદાઓ અને આર્થિક ક્ષમતા

સમજૂતીના પગલે ભારતની આર્થિક ક્ષમતામાં મોટો વધારો થવાની અપેક્ષા છે. ઉદ્યોગ જગતના નેતાઓ માને છે કે આ ડીલથી માત્ર મોટા કોર્પોરેટ હાઉસ જ નહીં પરંતુ લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) ને પણ અમેરિકા જેવા મોટા બજારમાં પ્રવેશ કરવામાં સરળતા રહેશે.

## ટેરિફમાં ઘટાડો થવાથી રત્ન અને ઝવેરાત ક્ષેત્રને મોટી રાહત

નવી દિલ્હી: ભારત અને અમેરિકા વચ્ચે થયેલી ઐતિહાસિક વેપાર સમજૂતીને દેશના અગ્રણી ઉદ્યોગ નિષ્ણાતોએ એક 'ગેમ ચેન્જર' ઘટના ગણાવી છે. ૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ થયેલી આ જાહેરાત બાદ નિષ્ણાતો માને છે કે આ ડીલથી માત્ર નિકાસ જ નહીં, પરંતુ ભારતીય અર્થતંત્રના તમામ મેક્રો ઈકોનોમિક સંકેતો મજબૂત થશે. ખાસ કરીને વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FII) જેઓ છેલ્લા ઘણા સમયથી વેચવાલી કરી રહ્યા હતા, તેઓ હવે ભારતીય બજારમાં પરત ફરે તેવી પ્રબળ શક્યતા છે.

ગ્રીન પોર્ટફોલિયોના ફંડ મેનેજર દિવમ શર્માએ જણાવ્યું છે કે આ સમજૂતી બજાર માટે અત્યંત યોગ્ય સમયે આવી છે. બજેટ પછી જે અનિશ્ચિતતા હતી, તે હવે દૂર થઈ છે. તેમના મતે, અમેરિકાના એફઆઈઆઈ મૂડીનો મોટો હિસ્સો હવે ભારત તરફ વળશે, કારણ કે ભારત ઉભરતા બજારોમાં સૌથી મજબૂત વ્યૂહાત્મક ખેલાડી તરીકે ઉભરી આવ્યું છે. ટેરિફમાં થયેલા ઘટાડાને કારણે બજારમાં રહેલી નિરાશા દૂર થશે અને શોર્ટ કવરિંગને કારણે બજારમાં પ્રચંડ તેજી જોવા મળશે.

ઉદ્યોગ નિષ્ણાતોએ તેવા ક્ષેત્રોની યાદી પણ તૈયાર કરી છે જેમને આ ડીલથી સીધો લાભ થવાનો છે. ટેક્સટાઈલ અને એપેરલ, ઓટો કમ્પોનન્ટ્સ, એન્જિનિયરિંગ, સ્પેશિયાલિટી કેમિકલ્સ, અને દરિયાઈ ખાદ્ય પદાર્થોની નિકાસ કરતા એકમો માટે આ સમજૂતી વરદાન સાબિત થશે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકામાં જે કંપનીઓનું એક્સપોઝર વધારે છે, તેમના ઓર્ડર બુકમાં નોંધપાત્ર વધારો જોવા મળી શકે છે. આ વિકાસ દેશના 'મેક ઈન ઈન્ડિયા' અને નિકાસલક્ષી ઉત્પાદન અભિયાન સાથે સુસંગત છે.કોટક મ્યુચ્યુઅલ ફંડના ડેટ ચીફ દીપક અગ્રવાલના જણાવ્યા અનુસાર, ટેરિફમાં કાપ મૂકવાથી ભારતની વ્યાપાર ખાધ ઘટશે અને બેલેન્સ ઓફ પેમેન્ટની સ્થિતિમાં સુધારો થશે. આનાથી અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો મજબૂત બનશે અને દેશના વિદેશી હૂંડિયામણ ભંડારમાં પણ વૃદ્ધિ થશે. આર્થિક સ્થિરતા આવતા વ્યાજ દરો પણ સ્થિર રહેવાની ધારણા છે, જે લાંબા ગાળે આર્થિક વૃદ્ધિને ટેકો આપશે.

ટેરિફમાં ઘટાડો થવાથી રત્ન અને ઝવેરાત ક્ષેત્રને મોટી રાહત મળી છે. અમેરિકા ભારતીય જ્વેલરી માટેનું સૌથી મોટું બજાર છે, અને ટેરિફમાં ઘટાડાથી ભારતીય ઉત્પાદકોનો આત્મવિશ્વાસ પુનઃ સ્થાપિત થયો છે. બીજી તરફ, એલારા કેપિટલના અર્થશાસ્ત્રી ગરિમા કપૂરે અંદાજ લગાવ્યો છે કે આ ડીલ બાદ ભારત પરનો અસરકારક ટેરિફ દર ઘટીને ૧૪.૧ ટકા જેટલો થઈ શકે છે.

### સ્કોર્પિયો અને ક્રેટાને કરતા આગળ નીકળી 8 લાખ રૂપિયાની આ SUV

ભારતીય પેસેન્જર વાહન બજારે 2026 ની શરૂઆત જોરદાર રીતે કરી છે.જાન્યુઆરી 2026 માં વેચાયેલી ટોચની 10 સૌથી વધુ વેચાતી કારમાં કુલ 157,416 યુનિટ હતા, જે જાન્યુઆરી 2025 માં વેચાયેલા 122,513 યુનિટની તુલનામાં વાર્ષિક ધોરણે 28.49% નો વધારો થયો છે.કોમ્પેક્ટ SUV અને સબ-4 મીટર SUV ખરીદદારોની પસંદગી રહી,જે ટોચના રેન્કિંગમાં સૌથી મોટો હિસ્સો ધરાવે છે. જાન્યુઆરી 2026માં ટાટા નેક્સોન સૌથી વધુ વેચાતી કાર હતી.તેના EV વેરિઅન્ટ સહિત કુલ 23,365 યુનિટનું વેચાણ થયું.આ વાર્ષિક ધોરણે 51.75%નો નોંધપાત્ર વધારો દર્શાવે છે.જે પેટ્રોલ,ડીઝલ અને ઈલેક્ટ્રિક વેરિઅન્ટ બંનેમાં તેની સતત લોકપ્રિયતા જોવા મળી છે.ત્યારબાદ ટાટા પંચનું નામ આવ્યું, જેણે જાન્યુઆરીમાં તેનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ વેચાણ નોંધાવ્યું, જેમાં 19,257 યુનિટનું વેચાણ થયું, જે વાર્ષિક ધોરણે 18.64 ટકાનો વધારો થયો છે.આ કોમ્પેક્ટ SUV સેગમેન્ટમાં તેની મજબૂત પકડ બનાવી છે.હ્યુન્ડાઇ ક્રેટા 17,921 યુનિટના વેચાણ સાથે ત્રીજા સ્થાને રહી,જોકે તેના વેચાણમાં વાર્ષિક ધોરણે 3.24 ટકાનો ઘટાડો થયો છે.આ મધ્યમ કદના એસયુવી સેગમેન્ટમાં વધેલી સ્પર્ધા જોવા મળી હતી.ત્યારબાદ મારુતિ બ્રેઝા હતી, જેણે 17,486 યુનિટ વેચાયા છે.શહેરો અને નાના નગરોમાંથી સતત માંગને કારણે આ વર્ષે 18.57 ટકા વૃદ્ધિ દર્શાવે છે.મહિન્દ્રા સ્કોર્પિયો અને સ્કોર્પિયો-એનનું વેચાણ કુલ 15,542 યુનિટ થયું,જે વાર્ષિક ધોરણે 0.65ટકાનો નજીવો વધારો જોવા મળ્યો હતો.ટોચના 10માં એક નવો ઉમેરો મારુતિ વિક્ટોરિસ હતો.જેણે જાન્યુઆરીના પહેલા સંપૂર્ણ મહિનામાં 15,240 યુનિટ વેચ્યા હતા, જે સ્પષ્ટપણે મજબૂત ગ્રાહક રસ દર્શાવે છે.મારુતિ સુઝુકી કારમાં ફ્રોન્ક્સ સાતમા સ્થાને સરકી ગયો.તેણે 13,353 યુનિટ વેચાયા છે જેમાં વર્ષે 12.11ટકાનો ઘટાડો નોંધાયો છે.દરમિયાન હ્યુન્ડાઇ વેન્યુએ 12,413 યુનિટનું વેચાણ કર્યું.જે વાર્ષિક ધોરણે 11.77 ટકા વૃદ્ધિ દર્શાવે છે. મહિન્દ્રા બોલેરોએ ગ્રામીણ અને ફ્લીટ સેગમેન્ટમાં તેની મજબૂત પકડ જાળવી રાખી 11,841 યુનિટનું વેચાણ કર્યું,જે વાર્ષિક ધોરણે 36.39ટકા વૃદ્ધિ દર્શાવે છે.

## એયુ સ્મોલ ફાઇનાન્સ બેંકે ટુ-વ્હીલર ધિરાણ માટે હોન્ડા મોટરસાઇકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા સાથે ભાગીદારી કરી

મુંબઈ : ભારતની સૌથી મોટી સ્મોલ ફાઇનાન્સ બેંક અને યુનિવર્સલ બેંકમાં પરિવર્તિત થવા માટે એક દાયકા કરતાં વધુ સમયમાં પ્રથમ વખત સૈદ્ધાંતિક મંજૂરી મેળવનાર એયુ સ્મોલ ફાઇનાન્સ બેંક (AU SFB) એ હોન્ડા મોટરસાઇકલ એન્ડ સ્કૂટર ઈન્ડિયા (HMSI) સાથે વ્યૂહાત્મક સમજૂતી પત્ર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ સહયોગ સમગ્ર ભારતમાં ગ્રાહકોને હોન્ડા ટુ-વ્હીલર ખરીદવા માટે સસ્તું અને અનુકૂળ ધિરાણ વિકલ્પો પ્રદાન કરશે. હોન્ડા ટુ-વ્હીલર્સ માટે પસંદગીના ફાઇનાન્સર તરીકે, એયુ સ્મોલ ફાઇનાન્સ બેંક એકાઉન્ટ એગ્રીગેટર દ્વારા સમર્થિત STP-સક્ષમ, એનાલિટિક્સ-આધારિત ઝડપી ક્રેડિટ નિર્ણય પ્રક્રિયા પૂરી પાડશે. આ સાથે ડિજિટલ રિપેમેન્ટ સોલ્યુશન્સ પણ ઉપલબ્ધ કરાવાશે જેથી ધિરાણનો અનુભવ વધુ સરળ અને અનુકૂળ બને. આ ભાગીદારીમાં HMSI ડીલરશીપ અને એયુ સ્મોલ ફાઇનાન્સ બેંકની શાખાઓમાં સંયુક્ત માર્કેટિંગ અને પ્રમોશનલ પ્રયાસોનો પણ સમાવેશ થાય છે. પેપરલેસ પ્રક્રિયા: આ સહયોગ પ્રથમ વખત ટુ-વ્હીલર ખરીદનારા ગ્રાહકો સહિત તમામ વર્ગોના સપના પૂરા કરવામાં મદદ કરશે. પેપરલેસ પ્રક્રિયા દ્વારા લોન પાત્રતાનું મૂલ્યાંકન ઝડપથી થશે, જેનાથી વાહન ખરીદવું સરળ બનશે. સ્પર્ધાત્મક યોજનાઓ: હોન્ડાના ગ્રાહકોને સ્પર્ધાત્મક યોજનાઓ, પ્રમોશનલ ઓફર્સ અને પ્રી-એપ્રુવ્ડ (પૂર્વ-મંજૂર) ઓફર્સ તેમજ બેંક દ્વારા ટેક-સક્ષમ લોન સપોર્ટનો લાભ મળશે.

## પટેલ રિટેલ લિમિટેડે નાણાકીય વર્ષ 26ના ત્રીજા ત્રિમાસિકમાં 36% આવક વૃદ્ધિ અને નફામાં 96% વધારા સાથે મજબૂત પ્રદર્શન કર્યું

મુંબઈ : પટેલ રિટેલ લિમિટેડ (BSE: 544487 | NSE: PATELRMART), એક વૈવિધ્યસભર રિટેલ અને ફૂડ પ્રોસેસિંગ કંપનીએ નાણાકીય વર્ષ 26ના ત્રીજા ત્રિમાસિક અને 9 મહિના માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. વાર્ષિક ધોરણે 36.22%ની વૃદ્ધિ, પ્રદર્શન પર ટિપ્પણી કરતા, પટેલ રિટેલ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી ધનજી પટેલે જણાવ્યું, "અમે નાણાકીય વર્ષ 26ના ત્રીજા ત્રિમાસિક અને નવ મહિનાના સમયગાળા દરમિયાન આપેલા મજબૂત અને સાતત્યપૂર્ણ પ્રદર્શનને લઈને ઉત્સાહિત છીએ, જે અમારી કાર્યકારી વ્યૂહરચના અને અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવાની અસરકારકતાને દર્શાવે છે. સારી નફાકારકતા, માર્જિનમાં વધારો અને સ્થિર રોકડ ઉત્પાદન અમારા ઈન્ટિગ્રેટેડ રિટેલ અને ફૂડ પ્રોસેસિંગ મોડેલની મજબૂતાઈ પર ભાર મૂકે છે. કાર્યક્ષમ સોર્સિંગ, સુવ્યવસ્થિત ઓપરેશન્સ અને શિસ્તબદ્ધ કોસ્ટ મેનેજમેન્ટની મદદથી, સ્થાનિક રિટેલ અને નિકાસ બંને સેગમેન્ટમાં માંગનો વેગ સ્વસ્થ બનેલો રહ્યો.

આ ત્રિમાસિક દરમિયાન, અમે અનેક દેશોમાં નવા નિકાસ જોડાણો થકી અમારી આંતરરાષ્ટ્રીય ઉપસ્થિતિને વધુ મજબૂત બનાવી, જેણે અમારા ઉત્પાદનની ગુણવત્તા અને ડિલિવરી ક્ષમતાઓમાં વૈશ્વિક વિશ્વાસને મજબૂત બનાવ્યો છે.

## ઇન્વિક્ટા ડાયગ્નોસ્ટિક લિમિટેડે દાદર સેન્ટર ખાતે કોમર્શિયલ ઓપરેશન શરૂ કર્યું

મુંબઈ : ઈન્વિક્ટા ડાયગ્નોસ્ટિક લિમિટેડ (NSE - INVICTA), મહારાષ્ટ્રના હેલ્થકેર સર્વિસ સેક્ટરના અગ્રણી ડાયગ્નોસ્ટિક સર્વિસ પ્રદાતાઓમાંના એકે જાહેરાત કરી કે તેના દાદર સેન્ટરે 30 જાન્યુઆરી, 2026ના રોજથી કોમર્શિયલ ઓપરેશન શરૂ કરી દીધુ છે. આ સેન્ટર કંપનીના ડાયગ્નોસ્ટિક સર્વિસ પોર્ટફોલિયોને વિસ્તૃત કરવા અને મહારાષ્ટ્રમાં તેની ઉપસ્થિતિને મજબૂત બનાવવા માટેની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે, જેમાં PET-CT સ્કેન, CT સ્કેન, સોનોગ્રાફી (SONO), પેથોલોજી અને એક્સ-રે સહિતની એડવાંસ્ડ અને રૂટિન પદ્ધતિઓનો વ્યાપક સમૂહ છે.આ દાદર સેન્ટર ટાટા મેમોરિયલ હોસ્પિટલની નજીકમાં, લગભગ 500 મીટર દૂર આવેલું છે, જેથી તે હાઈ-ડિમાન્ડ ઓન્કોલોજી ડાયગ્નોસ્ટિક્સ કેચમેન્ટ એરિયામાં આવી જાય છે. આ સેન્ટર આટલું નજીક હોવાથી એવા દર્દીઓને ઝડપી પહોંચ મળી જાય છે, જેમને મોટી ટર્શરી કેર સંસ્થાઓમાં PET-CT માટે ઘણા દિવસો સુધી રાહ જોવી પડતી હતી.આ પ્રોજેક્ટનો ખર્ચ આશરે 550 લાખ છે, જેમાં ઈક્વિપમેન્ટ, ઈન્સ્ટોલેશન અને અન્ય સંબંધિત ખર્ચાઓનો સમાવેશ થાય છે. દાદર સેન્ટરમાં સેવાઓ શરૂ થવાથી દર્દીઓને સમયસર નિદાનની સુવિધા મળશે, ક્લિનિશિયનોને ઝડપી રિપોર્ટિંગમાં મદદ મળશે અને ઉચ્ચ જરૂરિયાતવાળા હેલ્થકેર ક્લસ્ટરમાં ક્ષમતા નિર્માણની કંપનીની વ્યૂહરચનાને મજબૂત બનાવવામાં આવશે તેવી અપેક્ષા છે.

## ચોખા નિકાસકારોમાં ખુશીની લહેર અને નવી આશા

# ચોખા નિકાસ તેજી ટેરિફ ઘટાડાથી નવો ઈતિહાસ

નવી દિલ્હી: ભારત અને અમેરિકા વચ્ચેની ઐતિહાસિક વ્યાપાર સમજૂતીથી ભારતીય કૃષિ ક્ષેત્ર, ખાસ કરીને ચોખા ઉદ્યોગ માટે સુવર્ણ યુગના દ્વાર ખુલ્યા છે. ઈન્ડિયન રાઈસ એક્સપોર્ટર્સ ફેડરેશન (IREF) એ આ સમજૂતીનું ઉષ્માભર્યું સ્વાગત કરતા જણાવ્યું છે કે, આ ડીલથી આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય ચોખાની સ્પર્ધાત્મકતા પુનઃ સ્થાપિત થશે. અમેરિકા દ્વારા ટેરિફમાં કરવામાં આવેલા મોટા ઘટાડાને કારણે હવે ભારતીય ચોખા થાઈલેન્ડ અને પાકિસ્તાન જેવા હરીફ દેશોની હરોળમાં મજબૂત સ્થિતિમાં આવી ગયા છે. ૨ ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી મંત્રણા બાદ આ જાહેરાત કરવામાં આવી હતી. સમજૂતી હેઠળ, અમેરિકાએ ભારતીય ચોખા પરનો ટેરિફ ૫૦ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરી દીધો છે. આ ઘટાડો ભારતીય નિકાસકારો માટે મોટી રાહત સમાન છે. આ પૂર્વે, થાઈલેન્ડ અને પાકિસ્તાન જેવા દેશો અંદાજે ૧૯ ટકા ટેરિફ સાથે અમેરિકી બજારમાં ભારત કરતા વધુ આકર્ષક હતા, પરંતુ હવે ભારતને આ સ્પર્ધામાં 'એજ' મળી છે. આ ઉપરાંત, રશિયન તેલની ખરીદીના મુદ્દે લાદવામાં આવેલી ૨૫ ટકા વધારાની લેવી પણ હટાવી લેવામાં આવી છે, જે સીધી રીતે નિકાસ ખર્ચમાં મોટો ઘટાડો લાવશે.IREF ના રાષ્ટ્રીય પ્રમુખ પ્રેમ ગર્ગે આ અંગે પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, ભારત અત્યારે ૧૪૯ મિલિયન મેટ્રિક ટનના રેકોર્ડબ્રેક ચોખા ઉત્પાદન સાથે નવી સીઝનમાં પ્રવેશી રહ્યું છે. આવા સમયે આ ટેરિફ કાપ ભારતીય નિકાસ માટે વરદાન સાબિત થશે.

## રૂપિયામાં ૧.૨ ટકાનો ઐતિહાસિક ઉછાળો

# રૂપિયો ડોલર સામે મજબૂત ૨૦૨૬ માં સૌથી મોટો ઉછાળો

મુંબઈ: ભારત અને અમેરિકા વચ્ચેના વ્યાપારિક સંબંધોમાં નવા સૂર્યોદયની સાથે ભારતીય ચલણ 'રૂપિયા' એ વૈશ્વિક બજારમાં સિંહગર્જના કરી છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પરના ટેરિફમાં ૨૫ ટકાથી ઘટાડો કરીને ૧૮ ટકા કરવાની જાહેરાત બાદ મંગળવારે ભારતીય રૂપિયો ડોલરના મુકાબલે ત્રણ વર્ષની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો છે. ટ્રમ્પની 'ટ્રુથ સોશિયલ' પરની પોસ્ટ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની ગાઢ મિત્રતાના પરિણામે ભારતીય અર્થતંત્ર માટે આશાના નવા કિરણો દેખાયા છે.

મંગળવાર, ૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ બજાર ખુલતાની સાથે જ ભારતીય રૂપિયો અમેરિકન ડોલર સામે આશરે ૧.૨ ટકા મજબૂત થઈને ૯૦.૪૦ ના સ્તર પર પહોંચી ગયો હતો. છેલ્લા કેટલાક સમયથી ડોલર સામે સંઘર્ષ કરી રહેલા રૂપિયા માટે આ ઉછાળો સંજીવની સમાન માનવામાં આવે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ૨૦૨૫માં રૂપિયો એશિયાના સૌથી નબળા ચલણોમાંનો એક હતો, જે વર્ષ દરમિયાન ૫ ટકા જેટલો ઘટ્યો હતો. જોકે, આ નવી ટ્રેડ ડીલે અચાનક જ ચિત્ર બદલી નાખ્યું છે અને અનિશ્ચિતતાના વાદળો વિખેરી દીધા છે. અમેરિકી રાષ્ટ્રપતિએ પીએમ મોદીને તેમના 'શ્રેષ્ઠ મિત્ર' ગણાવીને ટેરિફમાં જે કાપ મૂક્યો છે, તેનાથી દક્ષિણ એશિયાના વ્યાપારી ગણિતો બદલાઈ ગયા છે.

## ઉદ્યોગપતિઓ દ્વારા ડીલનું સ્વાગત અને નવી આશા | આયાત નિકાસ શુલ્કમાં ઘટાડો થતા વેપાર સરળ બનશે

# ભારત અમેરિકા વ્યાપાર સમજૂતી ૨૦૨૬ થી રોકાણના દ્વાર ખુલ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા 03


ભારત અને અમેરિકા વચ્ચેના વ્યાપારી સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ થયો છે. ૨ ફેબ્રુઆરીના રોજ બંને દેશોના નેતૃત્વ વચ્ચે થયેલી સફળ વાટાઘાટો બાદ ઐતિહાસિક વ્યાપાર સમજૂતીની જાહેરાત કરવામાં આવી છે. આ સમજૂતીને પગલે ભારતના અગ્રણી ઉદ્યોગપતિઓએ હર્ષની લાગણી વ્યક્ત કરી છે અને જણાવ્યું છે કે આ ડીલથી બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક અને આર્થિક સંબંધો વધુ મજબૂત બનશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેના સંવાદ બાદ લેવાયેલા આ નિર્ણયથી વૈશ્વિક બજારમાં ભારતનું કદ વધવાની પૂરેપૂરી શક્યતા છે.આ સમજૂતીની સૌથી મહત્વની કડી આયાત શુલ્કમાં કરવામાં આવેલો ઘટાડો છે. અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલ પરસ્પર ટેરિફ



૨૫ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત, રશિયન તેલની ખરીદી સાથે જોડાયેલ વધારાનો ૨૫ ટકા દંડાત્મક લેવી (Punitive Levy) પણ અમેરિકાએ હટાવી લીધી છે. આ પગલાથી વ્યાપારિક દબાણ ઘટશે અને ઉદ્યોગો માટે વધુ સાનુકૂળ વાતાવરણ ઊભું થશે. આ નિર્ણયને પગલે ભારતીય નિકાસકારોને અમેરિકી બજારમાં વધુ સ્પર્ધાત્મક બનવાની તક મળશે.

આદિત્ય બિરલા ગ્રુપના ચેરમેન કુમાર મંગલમ બિરલાએ આ જાહેરાતને આવકારતા જણાવ્યું હતું કે, ટેરિફમાં ઘટાડો થવાથી દ્વિપક્ષીય આર્થિક જોડાણ ઊંડું બનશે અને બંને રાષ્ટ્રોના લાંબા ગાળાના વિકાસને ટેકો મળશે. બિરલાએ નોંધ્યું કે તેમનું ગ્રુપ અમેરિકામાં સૌથી મોટું ભારતીય રોકાણકાર છે અને આ સમજૂતી સપ્લાય ચેઈનને વધુ સ્થિતિસ્થાપક બનાવશે. તેવી જ રીતે, મહિન્દ્રા ગ્રુપના ચેરમેન આનંદ મહિન્દ્રાએ આ ડીલને 'ધીમી પણ મક્કમ ગતિ'ના પરિણામ તરીકે વર્ણવી હતી. તેમણે ઉમેર્યું કે જ્યારે બિનજરૂરી હોબાળો શાંત થાય છે, ત્યારે ભારત અને અમેરિકા જેવા બે કુદરતી ભાગીદારો હંમેશા સાથે આવે છે.ટીવીએસ મોટર કંપનીના ચેરમેન સુદર્શન વેણુએ પણ આ ડીલની પ્રશંસા કરી છે. તેમણે જણાવ્યું કે ટેરિફ અને નોન-ટેરિફ અવરોધો ઘટાડવાના ઈરાદાથી સપ્લાય ચેઈન એકીકરણ ઊંડું બનશે અને અદ્યતન ઉત્પાદન ક્ષેત્રે રોકાણ આકર્ષવામાં મદદ મળશે. ભારત દ્વારા વિશ્વના મુખ્ય આર્થિક ભાગીદારો સાથે કરવામાં આવેલી આ વ્યૂહાત્મક સમજૂતીઓ ઉદ્યોગ જગતને મોટા પાયે કાર્ય કરવા, નવીનતા લાવવા અને રોજગારીની તકો ઊભી કરવામાં સહાયરૂપ થશે.આ સમજૂતી માત્ર આંકડાકીય ફેરફાર નથી, પરંતુ રોકાણકારોના આત્મવિશ્વાસમાં મોટો ઉછાળો લાવનારું પગલું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ ડીલથી મેન્યુફેક્ચરિંગ સહયોગ વધશે અને ભારત-અમેરિકા વચ્ચેના આર્થિક સંબંધો નવી ઊંચાઈએ પહોંચશે. વૈશ્વિક પડકારો વચ્ચે વેપારમાં પારદર્શિતા અને નિશ્ચિતતા આવવાથી ભારતીય ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે વિસ્તરણ કરવામાં મોટી મદદ મળશે. આ સમજૂતી આવનારા વર્ષોમાં બંને દેશોની આર્થિક સ્પર્ધાત્મકતાને નવી દિશા આપશે તેવું નિષ્ણાતો માની રહ્યા છે.

## ભારત-અમેરિકા વેપારી સોદો



**સમીર દત્તાણી, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, સનાથન ટેક્સટાઈલ્સ**

અમેરિકા-ભારત વેપાર કરાર ભારતના ટેક્સટાઈલ્સ ક્ષેત્ર માટે એક અર્થપૂર્ણ પુનર્નિર્માણ રજૂ કરે છે, જે લાંબા સમય સુધી ટેરિફ સંબંધિત અનિશ્ચિતતા પછી લાંબા સમયથી જેની રાહ જોવાતી હતી તે સ્પષ્ટતા લાવે છે. ડ્યુટીમાં વધારો થવાથી ભારતના સૌથી મોટા નિકાસ બજાર અમેરિકાની માંગ પર અસર પડી હતી, પરંતુ રેસિપ્રોકલ ટેરિફ ઘટાડીને લગભગ 18 ટકા કરવાથી ખર્ચ સ્પર્ધાત્મકતામાં નોંધપાત્ર સુધારો થયો છે. ભારતના કાપડ અને વસ્ત્રોની નિકાસમાં અમેરિકાનો હિસ્સો લગભગ 28 ટકા હોવાથી, વેપાર અવરોધોને હળવા કરવાથી માંગમાં ધીમે ધીમે સુધારો થવાનો સ્પષ્ટ માર્ગ મોકળો થાય છે. આ વિકાસ સનાથન ટેક્સટાઈલ્સ માટે ખાસ કરીને સકારાત્મક છે, કારણ કે પોલિએસ્ટર યાર્ન, કોટન યાર્ન અને ટેકનિકલ ટેક્સટાઈલ માટેના યાર્નમાં તેની વૈવિધ્યસભર હાજરી છે, જે બધા યુએસ બજારમાં મજબૂત સુસંગતતા ધરાવે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, મહા વદ-03

# સરકારી નોકરી ત્યજી હવે દિલ્હી કૂચની તૈયારી

બરેલીના પૂર્વ સીટી મેજીસ્ટ્રેટ અલંકાર અગ્નીહોત્રીએ વૈચારિક લડાઈ માટે રાજીનામું આપી આંદોલનનું રણશિંગું ફૂંક્યું છે. વારાણસીમાં શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદના આશીર્વાદ લીધા બાદ તેમણે કેન્દ્ર સરકારને અલ્ટીમેટમ આપ્યું છે. જો ૬ ફેબ્રુઆરી સુધીમાં SC-ST એક્ટ નાબૂદ નહીં થાય, તો તેઓ ૭ ફેબ્રુઆરીએ જનમેદની સાથે દિલ્હી કૂચ કરશે. અગ્નીહોત્રીએ આને વ્યવસ્થા પરિવર્તનની શરૂઆત ગણાવી છે.

પાકિસ્તાની લશ્કરના વડા અસીમ મુનીરનું મુસ્લિમ દેશોનું સૈન્ય ગઠબંધન બનાવવાનું સપનું તૂટી ગયું છે. સાઉદી અરબ અને પાકિસ્તાન વચ્ચેની સુરક્ષા સમજૂતીમાં જોડાવાનો તૂર્કીએ સાફ ઈન્કાર કરી દીધો છે. અગાઉ સકારાત્મક વલણ દાખવનાર તૂર્કીના પીછેહઠથી પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય સ્તરે મોટો ઝટકો લાગ્યો છે. હમાસના નેતાઓ પરના હુમલા બાદ આ ગઠબંધન બનાવવાની હિલચાલ તેજ થઈ હતી.

એક નિવૃત્ત લશ્કરી અધિકારી અને ત્યારબાદ ઈન્કમટેક્સ કમિશનર બનેલા પ્રમોદ બજાજને દાયકા સુધી હેરાન કરવા બદલ સુપ્રીમ કોર્ટે ટેક્સ વિભાગ અને RBI ગવર્નર (ભૂતપૂર્વ રેવન્યુ સેક્રેટરી) ની આકરી ઝાટકણી કાઢી છે. કોર્ટે આ અધિકારીઓને ૫ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જસ્ટિસ વિક્રમનાથની બેન્ચે નોંધ્યું કે, પ્રમોશનને પાત્ર હોવા છતાં અધિકારીને ખોટી રીતે હેરાન કરી ફરજિયાત નિવૃત્ત કરાયા હતા.

ભારતે ચાલુ વર્ષના બજેટમાં બાંગ્લાદેશની આર્થિક સહાય ૧૨૦ કરોડથી ઘટાડી ૬૦ કરોડ કરી નાખી છે. શેખ હસીનાના પતન બાદ બદલાયેલા સમીકરણો વચ્ચે સહાય અડધી કરાઈ છે, પરંતુ સંપૂર્ણ બંધ ન કરાતા ટીકા થઈ રહી છે. વિરોધ પક્ષો અને વિશ્લેષકો સવાલ ઉઠાવી રહ્યા છે કે ભારત શા માટે આવા દેશોને મદદ ચાલુ રાખે છે? એ જ રીતે માલદીવની સહાયમાં પણ ઘટાડો કરાયો છે.

ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યના નિવાસસ્થાનને હજારો સહાયક શિક્ષકોએ ઘેરી લીધું હતું. ૬૯ હજાર શિક્ષકોની ભરતીનો મામલો સુપ્રીમ કોર્ટમાં અટવાયેલો હોવાથી નારાજ શિક્ષકોએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. હાઈકોર્ટના ચુકાદાનો અમલ ન કરવા બદલ શિક્ષકોમાં ભારે રોષ છે અને પરિસ્થિતિ સંભાળવા સ્થળ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. લખનૌમાં ૬૯ હજાર સહાયક શિક્ષકોની ભરતીના મામલે હજારો શિક્ષકોએ નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યના નિવાસસ્થાનને ઘેરી લીધું હતું. 'કેશવ ચાચા ન્યાય કરો'ના સૂત્રોચ્ચાર સાથે શિક્ષકોએ આક્ષેપ કર્યો હતો કે હાઈકોર્ટના ચુકાદા છતાં સરકાર જાણીજોઈને પ્રક્રિયા લટકાવી રહી છે. હાલ આ મામલો સુપ્રીમ કોર્ટમાં હોવાથી શિક્ષકોમાં અનિશ્ચિતતાનો ભય સેવાઈ રહ્યો છે, જેના કારણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસી હતી.

કેરળ વિધાનસભા ચૂંટણી પૂર્વે રાજકીય ગરમાવો આવ્યો છે. તૃણમૂલ કોંગ્રેસના નેતા પી.વી. અનવર કોઝીકોડના બેપોર મતવિસ્તારમાંથી ચૂંટણી લડશે તે નક્કી મનાય છે. તેઓ અહીં મુખ્યમંત્રી પિનારાઈ વિજયનના જમાઈ અને મંત્રી પીએ મોહમ્મદ રિયાઝ સામે મેદાને જંગમાં ઉતરશે. અનવરની સક્રિયતાએ સત્તાધારી પક્ષ એલડીએફ માટે મુશ્કેલી ઊભી કરી છે. કેરળમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે તૃણમૂલ કોંગ્રેસના પી.વી. અનવરે મુખ્યમંત્રી પિનારાઈ વિજયનના જમાઈ પીએ મોહમ્મદ રિયાઝ સામે મોરચો ખોલ્યો છે, જેનાથી ડાબેરી ગઢમાં ગાબડું પડવાની શક્યતા છે.

બીજી તરફ, આંધ્રપ્રદેશમાં વિજયવાડામાં પૂર્વ મંત્રી જોગી રમેશ અને અંબાતી રામ બાબુના ઘરો પર તોડફોડ અને આગજનીની ઘટનાઓ બની છે. YSR કોંગ્રેસે આ હુમલાઓ માટે TDP કાર્યકરોને જવાબદાર ઠેરવ્યા છે, જેનાથી રાજ્યમાં રાજકીય હિંસાનો માહોલ વધુ ગંભીર બન્યો છે. આંધ્રપ્રદેશમાં રાજકીય હિંસા અટકવાનું નામ નથી લઈ રહી. પૂર્વ મંત્રી જોગી રમેશના ઘર પર ટોળાએ હુમલો કરી તોડફોડ અને આગજની કરી હતી. અગાઉ પૂર્વ મંત્રી અંબાતી રામ બાબુના ઘર પર પણ હુમલો થયો હતો. YSR કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે TDP કાર્યકરો દ્વારા જાણી જોઈને પછાત વર્ગના નેતાઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

---

### અમારી સરકારમાં આદિવાસીઓના બંધારણીય અધિકારો કાગળ પર નહીં રહે : ચૈતર વસાવા

# નર્મદાના ચીકદા ગામે ચૈતર વસાવની હાજરીમાં AAPની પરિવર્તન સભા

(એજન્સી) અમદાવાદ/નર્મદા/ભરૂચ તા.03



નર્મદા જિલ્લાના ચીકદા ગામે AAPની ભવ્ય પરિવર્તન સભા યોજાઈ હતી, જેમાં AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ હાજરી આપી હતી. આ સભામાં હજારોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં અને AAP ને સમર્થન આપ્યું હતું. આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ જાહેર સભાને સંબોધન કરતાં આદિવાસી સમાજના હક્કો, વિકાસ અને મૂળભૂત સુવિધાઓના મુદ્દે ભાજપ સરકાર સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીમાં તેમને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે અને પાર્ટી આદિવાસીઓના બંધારણીય અધિકારો અમલમાં મૂકવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે આદિવાસીઓના જે બંધારણીય અધિકારો વર્ષોથી કાગળ પર જ રહ્યા છે, તે આમ આદમી પાર્ટીની સરકાર બનતાં ચોક્કસ રીતે જમીન પર અમલમાં મૂકવામાં આવશે. સરકાર બનતાં જ Tribal Advisory Committee આદિવાસી સમાજની બનાવવામાં આવશે તેમજ વન અધિકાર કાયદા અંતર્ગત જે પણ લોકોના હક્કો બાકી છે તેમને તેમના હક્કો અપાશે. શિક્ષણ ક્ષેત્રે ગંભીર સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં અંદાજે 505 શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, જેને આવનારા દિવસોમાં ભરવાનું કામ કરવામાં આવશે. ઉપરાંત, 181 ગામોમાં પ્રાથમિક શાળાઓ નથી, ત્યાં શાળાઓ શરૂ કરી બાળકોને શિક્ષણના અધિકાર આપવામાં આવશે. જિલ્લામાં 1200થી વધુ બાળકો કુપોષણથી પીડાય છે, જેને દૂર કરવા માટે ખાસ યોજના ઘડવામાં આવશે અને બાળકોને કુપોષણમાંથી બહાર લાવવાના પ્રયાસો કરવામાં આવશે. યુવાનોના ભવિષ્ય અંગે વાત કરતાં ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે આદિવાસી યુવાનો પોલીસ, IAS, IPS, ડોક્ટર અને શિક્ષક બને તે માટે આમ આદમી પાર્ટી સતત ચિંતિત અને પ્રયત્નશીલ છે. પરંતુ ભાજપ સરકારની તાનાશાહી અને ભેદભાવપૂર્ણ નીતિઓના કારણે આદિવાસી સમાજને યોગ્ય તક મળતી નથી.

---

### ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે રાજુલાના નાગેશ્રી ગામ પાસે

# વાહનની ટક્કરમાં સિંહણના મોતની ઘટનામાં એન્જિનિયરની ધરપકડ



કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.03


ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે રાજુલાના નાગેશ્રી ગામ પાસે ગઈકાલે રાત્રે વધુ એક સિંહણનો ભોગ લેવાયો હતો. આ બનાવમાં અજાણ્યા વાહનની ટક્કરે ગંભીર રીતે ઘવાયેલી સિંહણનું કરુણ મોત નિપજતા વનવિભાગ હરકતમાં આવ્યું હતું. કોડીનારના વતની અને હાલ ગાંધીનગર ખાતે પોલીસ આવાસ નિગમમાં એન્જિનિયર તરીકે ફરજ બજાવતા વિરેન્દ્ર રાઠોડ પોતાની ફોર વ્હીલ કાર લઈને પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન હાઈવે પર સિંહણ આડે ઉતરતા કારની જોરદાર ટક્કર વાગી હતી, જેમાં સિંહણનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. વનવિભાગે ટેકનિકલ સર્વેલન્સ અને સીસીટીવીની મદદથી આરોપી વિરેન્દ્ર રાઠોડની ધરપકડ કરી છે અને તેની કાર કબજે લીધી છે.

---

### જળહળ વન્યજીવોની તસવીરોનું રાજકોટમાં પ્રદર્શન

# ગીરનું જંગલએ વન્યજીવોની દુર્લભ સૃષ્ટિનો ખજાનો છે"

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.03



મુળ ધારી વિસ્તારનાં નિવૃત શિક્ષક એવા વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર અજીતભાઈ ભટ્ટે તસવીર પ્રદર્શનનો પરીચય કરાવતા જણાવ્યું હતુ કે ગીરમાં પ્રકૃતિએ ખુલ્લાં હાથે ખજાનો વેર્યો છે. અહીં વન્યજીવોની દુર્લભ સૃષ્ટિની સાથે પક્ષીઓની વિરલ દુનિયાની અનૂભુતિના દર્શન થાય છે. પક્ષી તસવીર પ્રદર્શનની વાત કરતા તેઓએ જણાવ્યું હતુ કે અહીં જળહળ નામનું પક્ષી તસવીરમાં જોવા મળે છે. તે પક્ષી જેમ ખેડૂત ખેતરમાં હળ ચલાવે છે એજ રીતે આ પક્ષી પાણીમાં પોતાની ચાંચથી હળ ચલાવીને તેનો શિકાર ઝડપી ફરરર કરતું ઉડી જાય છે. મુરઘાબી નામના પક્ષીની આંખથી લઈને ગળા સુધીનો ચળકતો લીલો પટ્ટો જોવા મળે છે. પીનટેલ પક્ષીની પુંછડી ટાંકણી જેવી પાતળી હોય છે. સ્પુનબિલ અર્થાત ચમચો તરીકે ઓળખાતા પક્ષીની ચાંચ એટલે બે ચમચા જ જોઈ લ્યો. તેના વડે તે પાણીમાંથી શિકારને પકડે છે. વન દિવાળી ઘોડો નામનું પક્ષી દિવાળી પછીના દિવસો જ દેખાય છે. ગપણો પક્ષીની શિકાર કળા પાણીના ગાળણ માટે વપરાતા ગયણા જેવી હોય છે. દૂધરાજ નામનું પક્ષી સ્વર્ગના પંખી તરીકે જાણીતુ છે. નાચણ નામનુ નાનકડુ પંખી ઉડે એટલે મોરની માફક પોતાની પાંખ ઉંચી કરે એટલે નાચતું હોય તેવું લાગે છે.સુગરી પોતાના માળામાં ૧૧ પ્રકારના ભરતના ટાંકા ભરીને તૈયાર કરે છે. પંખીઓની વિશેષતા વિશે પક્ષીવિદ વિનોદભાઈ પંડ્યા ઉમેરે છે. પંખી દર્શન થકી પ્રકૃતિના વૈવિધ્યને મનભરીને માણી શકાય છે. ઈશ્વરની અનુપમ સૃષ્ટિના દર્શન થાય છે. અલબત્ત સૌરાષ્ટ્રમાં વરસાદ સારો થતા આ વર્ષે યાયાવર પક્ષીઓની સંખ્યા વધી છે. અહીંના રાંદરડા, લાલપરી કે આજીડેમમાં પણ પરદેશી પંખીઓ મોટા પ્રમાણમાં જોવા મળે છે.

---

### મામલતદાર નખત્રાણા દ્વારા લેવાઇ

# નિરોણા મધ્યે ગામહાર્ટની મુલાકાત

જગદીશ દવે | દેશલપર (ગુંતલી) તા.03

કલા સંસ્કૃતી તેમજ કરછના પાવર પટ્ટી વિસ્તારના મુખ્ય ગામ નિરોણા મધ્યે આવેલ ગામ હાર્ટની સમિતિના માર્ગદર્શન હેઠળ નખત્રાણા મામલદારશ્રી રાકેશ પટેલ સાહેબ દ્વારા ગામ હાર્ટની મુલાકાત લેવાઈ હતી તેમની સાથે નાયબ મામલદાર શ્રી પાર્થ જોશી સાહેબ, ચૌહાણ સાહેબ સહીત ગામ હાર્ટની મુલાકાતમાં સાથે જોડાયા હતા મુલાકાત દરમિયાન કારીગરોને બિરદાવ્યા હતા તેમજ તમામ કારીગરો ને મળીને આનંદ વ્યક્ત કરેલ હતો અને વિશેષ લાઈટ વગર થતું ઓરિજનલ કલાનું કામ અને હાલે ટેક્નોલોજી યુગમાં પણ ગ્રામીણ સંસ્કૃતિ ટકાવી રાખી છે જેની મામલતદાર શ્રી દ્વારા પ્રશંસા સાથે ખૂબ સારી બાબત કેવાય જેની નોંધ લીધી હતી તમામ કલા કારીગરોને મળ્યા હતાં અને લોકોને ગામ હાર્ટની એક વખત મુલાકાત લેવાનું સૂચન કરાયુ હતું આ વેળાએ નિરોણા ગ્રામ પંચાયતના સરપંચશ્રી નરોતમભાઈ આહિર (એન ટી આહીર)ને મામલદારશ્રી એ અભિનંદન પાઠવ્યા હતા ઉલ્લેખનિય છે કે નિરોણા ગામ હાર્ટની મુલાકાત કાતે દેશના અલગ અલગ રાજ્યો માંથી તેમજ વિદેશથી આવતા કલા નિહાળવા માટે નીરોણા ગામ હાર્ટ દ્વારા પંચ કલા તીર્થ તરીકે ખૂબ જાણીતું છે આ વરસે હજારો લોકો અહીંની મુલાકાત લઈ ચૂક્યા છે. દેશ વિદેશ થી પ્રવાસીઓ આવે છે પાર્કિંગ ચાર્જ અને જોવાનું ડેમો પણ મુક્ત છે એક જગ્યા પર તમામ ખરીદી કરી શકાય છે આ ગામ હાર્ટની બોલિવૂડ કલાકારશ્રીઓ, ક્રિકેટરો તેમજ સરકારશ્રીના સચિવઓ સહિત અનેક મંત્રીશ્રીઓ મુલાકાત લઈ ચૂક્યા છે

---

### 2027માં ગુજરાતમાં પરિવર્તન લાવી AAPની સરકાર બનાવીશું : ચૈતર વસાવા

# નર્મદામાં રાજકીય ભૂકંપ : ભાજપ-કોંગ્રેસના 1000થી વધુ લોકો AAP પાર્ટીમાં જોડાયા

ભરત શાહ, નર્મદા તા.03



નર્મદા જિલ્લાના ચીકદા ગામે AAPની ભવ્ય પરિવર્તન સભા યોજાઈ હતી, જેમાં AAP ધારાસભ્ય ચૈતર વસાવા અને દિલ્લીથી આવેલા ધારાસભ્ય અખિલેશ ત્રિપાઠીએ હાજરી આપી હતી. આ સભામાં ભાજપ-કોંગ્રેસના 1000થી વધુ લોકો AAPમાં જોડાયા. સાથે સાથે આ સભામાં હજારોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં અને AAPને સમર્થન આપ્યું હતું. આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ જાહેર સભાને સંબોધન કરતાં આદિવાસી સમાજના હક્કો, વિકાસ અને મૂળભૂત સુવિધાઓના મુદ્દે ભાજપ સરકાર સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીમાં તેમને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે અને પાર્ટી આદિવાસીઓના બંધારણીય અધિકારો અમલમાં મૂકવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે આદિવાસીઓના જે બંધારણીય અધિકારો વર્ષોથી કાગળ પર જ રહ્યા છે, તે આમ આદમી પાર્ટીની સરકાર બનતાં ચોક્કસ રીતે જમીન પર અમલમાં મૂકવામાં આવશે. સરકાર બનતાં જ Tribal Advisory Committee આદિવાસી સમાજની બનાવવામાં આવશે તેમજ વન અધિકાર કાયદા અંતર્ગત જે પણ લોકોના હક્કો બાકી છે તેમને તેમના હક્કો અપાશે. શિક્ષણ ક્ષેત્રે ગંભીર સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં અંદાજે 505 શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, જેને આવનારા દિવસોમાં ભરવાનું કામ કરવામાં આવશે. ઉપરાંત, 181 ગામોમાં પ્રાથમિક શાળાઓ નથી, ત્યાં શાળાઓ શરૂ કરી બાળકોને શિક્ષણના અધિકાર આપવામાં આવશે. જિલ્લામાં 1200થી વધુ બાળકો કુપોષણથી પીડાય છે, જેને દૂર કરવા માટે ખાસ યોજના ઘડવામાં આવશે અને બાળકોને કુપોષણમાંથી બહાર લાવવાના પ્રયાસો કરવામાં આવશે. યુવાનોના ભવિષ્ય અંગે વાત કરતાં ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે આદિવાસી યુવાનો પોલીસ, IAS, IPS, ડોક્ટર અને શિક્ષક બને તે માટે આમ આદમી પાર્ટી સતત ચિંતિત અને પ્રયત્નશીલ છે.

---

## નર્મદા જિલ્લામા જિલ્લા ભાજપ સંગઠનના નવા માળખાની જાહેરાત બાદ મહત્વની બેઠક યોજાઈ

ભરત શાહ, નર્મદા : તા. ૩. નર્મદા જિલ્લામા જિલ્લા ભાજપ સંગઠનના નવા માળખાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી, તે અનુસંધાને જિલ્લા કમલમ ખાતે જિલ્લા ભાજપ સંગઠનની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવ તથા રાજપીપલા ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ સહિત નાઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.બેઠક દરમિયાન આગામી દિવસોમાં કેન્દ્ર સરકાર તેમજ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાયેલી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓને જન-જન સુધી પહોંચાડવા માટે સંગઠનના કાર્યકર્તાઓને સક્રિય ભૂમિકા ભજવવાની હાકલ કરવામાં આવી હતી. સંગઠનને વધુ મજબૂત બનાવી, છેવાડા સુધીના માનવીને સરકારની યોજનાઓનો સીધો લાભ મળે તે માટે સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગઈકાલે રજૂ થયેલા કેન્દ્રીય બજેટને પણ બેઠકમાં આવકારવામાં આવ્યું હતું. બજેટને સર્વસમાવેશક અને વિકાસલક્ષી ગણાવતા વક્તાઓએ જણાવ્યું હતું કે આ બજેટ દેશના ગરીબ, મધ્યમ વર્ગ, ખેડૂત, યુવા અને મહિલાઓ માટે લાભદાયી સાબિત થશે તેમજ છેવાડાના માનવીના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવશે. બેઠકમાં સંગઠનના પદાધિકારીઓ, મોરચા-પ્રકોષ્ઠના પ્રતિનિધિઓ તથા કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

---

### AAP ધારાસભ્ય ચૈતર વસાવાની હાજરીમાં

# યાહ મોગી માતાજીના મહાશિવરાત્રીના મેળા પૂર્વે દેવમોગરામાં મહત્વપૂર્ણ બેઠક

(એજન્સી) નર્મદા/દાહોદ/ભરૂચ તા.03



મહાશિવરાત્રીના રોજ દેવમોગરા ખાતે યાહ મોગી માતાજીના મંદિરે ભવ્ય મેળાનું આયોજન થવા જઈ રહ્યું છે અને આ આયોજનની પૂર્વ તૈયારીના ભાગરૂપે આયોજકો, સામાજિક આગેવાનો અને પ્રશાસન દ્વારા એક મહત્વપૂર્ણ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ મિટિંગમાં આમ આદમી પાર્ટીના દેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ હાજરી આપી હતી. આ મીટીંગ દરમિયાન ધારાસભ્ય ચૈતર વસાવાએ પોતાના વિચાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે મેળાના આયોજન માટે સારા સારા સૂચનો ખૂબ આવ્યા છે અને મંદિરના ટ્રસ્ટીઓએ ખૂબ જ ગંભીરતાપૂર્વક આ તમામ તરફ ધ્યાન આપ્યું છે. હું અન્ય બે ત્રણ સૂચનો મુદ્દે વાત કરીશ. આમસે દાદા મહારાષ્ટ્રના પોલીસ અધિકારીઓને આ મેળા વિશે જાણકારી આપે એવી વિનંતી છે અને અમે પણ સ્થાનિક એસપી અને આઈજીને આ મુદ્દે જણાવીશું કે આ જાત્રા દરમિયાન કોઈપણ શ્રદ્ધાળુને સ્થળ સુધી પહોંચવામાં કોઈ સમસ્યા ન થાય. સાથે સાથે મધ્યપ્રદેશથી આવેલ આગેવાનોને પણ વિનંતી છે કે તેઓ પણ મધ્યપ્રદેશ પ્રશાસનને આ મુદ્દે જાણ કરે.

---

### પોલીસ અને વનવિભાગના 175 જવાનોના દરોડા

# ડાંગમાં વનકર્મીની હત્યા બાદ તંત્રનો રૌદ્ર અવતાર, લાખોના લાકડા જપ્ત

સુશિલ પવાર | ડાંગ તા.03



પ્રતિનિધિ ડાંગ જિલ્લામાં ગત ૩૧ જાન્યુઆરીએ બોરીગાંવઠા ગામે લાકડા ચોરો દ્વારા વનકર્મીની નિર્મમ હત્યાની ઘટનાએ સમગ્ર રાજ્યમાં ચકચાર મચાવી હતી. આ ઘટના બાદ વનવિભાગ અને પોલીસ તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. દક્ષિણ ડાંગના DCF નીરજકુમાર અને પોલીસ વડા પૂજા યાદવના સીધા માર્ગદર્શન હેઠળ વનવિભાગ અને પોલીસની સંયુક્ત ટીમે કોશીમપાતળ અને ઘોઘલપાડા ગામમાં 'મેગા સર્ચ ઓપરેશન' હાથ ધર્યું હતું. આ ઓપરેશનમાં ૧૨૦ વનકર્મીઓ અને ૫૬ પોલીસ જવાનોની વિશાળ ટીમે ગામના ઘરો અને આસપાસના વિસ્તારોમાં સઘન તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન વગર પરવાનગીનો ગેરકાયદેસર છુપાવેલો અંદાજે ૭,૬૦,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જેમાં ૭ લાખની કિંમતના ૯૨ નંગ જૂના સાગી લાકડા અને ૩૦ હજારની કિંમતના ઈતર લાકડાનો સમાવેશ થાય છે.

---

### કેન્દ્રિય બજેટ 2026: PM નરેન્દ્રભાઇ મોદીજીના દૂરંદેશી નેતૃત્વ દ્વારા

# ખેડૂતો,ગ્રામિણઅર્થતંત્ર-સહકારીઆંદોલનને સશક્ત બનાવવા માટેનું ઐતિહાસિક પગલું

સંવાદદાતા ગાંધીનગર | વિજયવીર યાદવ તા.03



કેન્દ્રિય બજેટ 2026 નું સ્વાગત કરતાં દેશના વરિષ્ઠ સહકારી નેતા અને ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ કહ્યું કે, આ બજેટ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વ હેઠળ "સર્વજન હિતાય, સર્વજન સુખાય" ના આદર્શને સાકાર કરતાં ભારતને "વિકસિત ભારત @2047" ના લક્ષ્યની દિશામાં મજબૂતીથી આગળ લઈ જનાર બજેટ છે. આ બજેટ ખેડૂતો, ગ્રામિણ અર્થતંત્ર અને સહકારી આંદોલનને સશક્ત બનાવનાર ઐતિહાસિક પગલું છે. કૃષિ ક્ષેત્રમાં AI આધારિત જમીન પરીક્ષણ (Soil Testing), ડિજિટલ માર્કેટપ્લેસ, આધુનિક ટેકનિકનો સમાવેશ અને કૃષિ લોનના લક્ષ્યોને રેકોર્ડ સ્તર સુધી વધારવું તથા ખેડૂતોની આવક વધારવા માટે નિર્ણયાત્મક પગલું છે. પશુપાલન ક્ષેત્રના આધુનિકીકરણથી ગ્રામિણ આજીવીકા ને નવી મજબૂતી મળશે અને દેશના કૃષિ આધારિત ઉદ્યોગોને આત્મનિર્ભરતા મળશે. સહકારી ક્ષેત્રને નવી દિશા આપવા માટે અધિસૂચિત રાષ્ટ્રીય સહકારી સંગઠનોને 3 વર્ષ સુધી લાભાંશ પર કર છૂટ, તેમજ New Tax Regime માં ઈન્ટર-કોપરેટિવ ડિવિડેન્ડ પર છૂટ આપવામાં આવવી, સહકારી આંદોલનોની ક્ષમતા અને વિસ્તારને મજબૂત બનાવશે. જે વડાપ્રધાન મોદીજીના "સહકાર થી સમૃદ્ધિ" વિઝનને વધુ પ્રબળ બનાવે છે. IFFCO એ વિશ્વની પ્રતિષ્ઠિત સહકારી સંગઠનોમાંની એક, ભારતીય કૃષિ અને સહકારી આંદોલનનો પ્રતિનિધિ સ્તંભ છે.

---

## બનાસકાંઠામાં કલેક્ટર મિહિર પટેલના અધ્યક્ષસ્થાને SDG બેઠક યોજાઈ: DSR 5.0 રિપોર્ટ પર ભાર મુકતા જિલ્લા કલેક્ટર

પાલનપુર | બનાસકાંઠા જિલ્લામાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG) અંતર્ગત થઈ રહેલી કામગીરીને વેગ આપવા અને વિવિધ વિભાગો વચ્ચે રચનાત્મક સ્પર્ધાના માધ્યમથી જિલ્લાનો સર્વાંગી વિકાસ સાધવાના હેતુસર કલેક્ટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી પાલનપુર ખાતે ડિસ્ટ્રિક્ટ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG)ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેકટરશ્રીના હસ્તે 'ડિસ્ટ્રિક્ટ SDG રિપોર્ટ 4.0' (DSR 4.0)નું વિમોચન કરાયું હતું.આ બેઠકમાં GSWIFT પોર્ટલ પર ઉપલબ્ધ 127 ઈન્ડિકેટર્સના સપ્ટેમ્બર-2025 સુધીના ડેટાના આધારે જિલ્લાના વિવિધ વિભાગોના પર્ફોર્મન્સની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. નોંધનીય છે કે SDG ના કુલ 127 ઈન્ડિકેટર્સ પૈકી 59 ઈન્ડિકેટર્સમાં જિલ્લાનું પ્રદર્શન રાજ્યની સરેરાશ કરતા સારું છે. બેઠકમાં કલેક્ટરશ્રીએ રાજ્ય કક્ષાના સરેરાશ સ્કોર કરતા નીચું પ્રદર્શન કરતા ઈન્ડિકેટર્સ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા સબંધિત વિભાગના અધિકારીશ્રીઓને સૂચન કર્યું હતું. બેઠકમાં કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, તમામ લાઈન ડિપાર્ટમેન્ટે પરસ્પર સંકલન સાધીને જિલ્લાના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સને સિદ્ધ કરવાના રહેશે.

---

## યુથ ઈમર્જન પ્રોગ્રામ-૨૦૨૬: આસામના પ્રતિનિધિમંડળે એશિયાની સૌથી મોટી બનાસ ડેરીની મુલાકાત લીધી

પાલનપુર | ગુજરાત વિધાનસભા અને આસામ વિધાનસભાના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'Youth Immersion Programme (3rd Edition 2026)' અંતર્ગત આસામના ૨૯ સભ્યોના એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે બનાસકાંઠા જિલ્લાની મુલાકાત લીધી હતી. આસામની ગુવાહાટી યુનિવર્સિટી, કોટન યુનિવર્સિટી અને બોડોલેન્ડ યુનિવર્સિટીના ૨૪ વિદ્યાર્થીઓ અને પાંચ પ્રતિનિધિઓએ પાલનપુર સ્થિત એશિયાની જીવાદોરી સમાન બનાસ ડેરીના વિવિધ પ્લાન્ટ્સની પ્રત્યક્ષ મુલાકાત લઈ એશિયાના સહકારી માળખાની સર્વગ્રાહી જાણકારી મેળવી હતી. આસામના પ્રતિનિધિમંડળે બનાસ ડેરીના અત્યાધુનિક પ્લાન્ટ્સની મુલાકાત દરમિયાન 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્રને ચરિતાર્થ કરતા 'બનાસ મોડેલ'ને નજીકથી નિહાળ્યું હતું. ડેરીનું સંચાલન, દૂધ એકત્રીકરણની પદ્ધતિ અને પશુપાલકોના આર્થિક ઉત્થાન માટે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે પ્રતિનિધિઓએ ઊંડો રસ દાખવીને માહિતી મેળવી હતી. આ પ્રસંગે આસામની બોડોલેન્ડ યુનિવર્સિટીની વિદ્યાર્થીની અનફોરી વારીએ જણાવ્યું અમે અહીં 'યુથ ઈમર્જન' પ્રોગ્રામ હેઠળ આવ્યા છીએ.

---

## જાફરાબાદના ભાડા ગામે ટીબી રોગ વિશે સેમિનાર : ભાડા પ્રાથમિક શાળા ખાતે ક્ષયરોગ વિશે વિસ્તૃત માહિતી અપાઈ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ » આજરોજ જાફરાબાદ તાલુકાના ભાડા ગામે ટીબી રોગ વિષે સેમિનાર યોજાયો હતો પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અંતર્ગત ભાડા પ્રાથમિક શાળા ખાતે ટીબી રોગ વિશે ડોક્ટરો દ્વારા જણાવેલ કે ક્ષયરોગ જેને ઘાસણી તરીકે પણ ઓળખવામાં આવે છે. માનવીમાં થતો સામાન્ય અને ઘણીવાર ઘાતક ચેપી રોગ છે તેને પ્રાચીન કાળમાં યક્ષ્મા તરીકે જાણીતું હતું ટ્યુબરક્યુલોસિસ સામાન્ય રીતે ફેફસા પર હુમલો કરતા હોય છે પરંતુ ઘણીવાર શરીરના અન્ય ભાગને પણ નુકસાન પહોંચાડતા હોય છે.તે હવા દ્વારા ફેલાતો રોગ છે. જ્યારે રોગી વ્યક્તિને ખાંસી ખાય છે, છીંક ખાય છે કે થૂંકે છે. ત્યારે આ રોગના બેક્ટેરિયા ફેલાતા હોય છે. માનવીમાં મોટા ભાગના ચેપ બિમારીના ચિહ્નો ના હોય છે. સુપ્ત ચેપના દસમાંથી એક કિસ્સો સક્રિય બિમારીમાં પરિણમે છે. અને તેની જો સમયસર સારવાર ન કરવામાં આવે તો પચાસ ટકા દર્દીઓની તેમાં મોત થાય છે. આ રોગના ચિહ્નો માં લાંબા સમય સુધી ખાંસી ગળફામા લોહી પડવું તાવ રાત્રે પસીનો વળવો અને વજનમાં ઘટાડો થવા જેવા ચિહ્નોનો સમાવેશ થાય છે. અન્ય અવયવોનો ચેપ ચિહ્નો માં વધારો કરે છે.

---

## ગુજરાત સરકારશ્રી દ્વારા ઘઉંની ટેકાના ભાવે ખરીદીની જાહેરાત: 1 ફેબ્રુઆરીથી નોંધણી શરૂ કરાઈ


પાલનપુર | ગુજરાત રાજ્યના ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા ઉમદા હેતુથી રાજ્ય સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત લઘુતમ ટેકાના ભાવે (MSP) ઘઉંની સીધી ખરીદી કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારત સરકાર દ્વારા ચાલુ સીઝન માટે ઘઉંનો ટેકાનો ભાવ રૂ. ૨,૫૮૫/- પ્રતિ ક્વિન્ટલ નક્કી કરવામાં આવ્યો છે. આ ખરીદી પ્રક્રિયા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવશે. જે ખેડૂતો પોતાના ઘઉં ટેકાના ભાવે વેચવા ઈચ્છતા હોય, તેઓએ તા. ૦૧/૦૨/૨૦૨૬ થી ૦૧/૦૩/૨૦૨૬ દરમિયાન ઓનલાઈન નોંધણી કરાવવી ફરજીયાત છે. આ નોંધણી ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે કરવામાં આવશે. ખાસ નોંધનીય છે કે આ વખતે ખેડૂત ખાતેદારોનું બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા જ નોંધણી અને ખરીદીની પ્રક્રિયા કરવામાં આવશે. રાજ્યમાં ઘઉંની પ્રત્યક્ષ ખરીદીનો પ્રારંભ તા. ૦૪/૦૩/૨૦૨૬ થી શરૂ થઈ તા. ૧૫/૦૫/૨૦૨૬ સુધી ચાલશે. નોંધણી માટે ખેડૂતોએ જરૂરી દસ્તાવેજો જેવા કે આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭/૧૨ અને ૮/અ, પાકની વાવણી અંગેની એન્ટ્રી તથા બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેક સાથે રાખવાના રહેશે.

---


## બનાસકાંઠામાં કલેક્ટર મિહિર પટેલના અધ્યક્ષસ્થાને SDG બેઠક યોજાઈ: DSR 5.0 રિપોર્ટ પર ભાર મુકતા જિલ્લા કલેક્ટર

પાલનપુર | બનાસકાંઠા જિલ્લામાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG) અંતર્ગત થઈ રહેલી કામગીરીને વેગ આપવા અને વિવિધ વિભાગો વચ્ચે રચનાત્મક સ્પર્ધાના માધ્યમથી જિલ્લાનો સર્વાંગી વિકાસ સાધવાના હેતુસર કલેક્ટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી પાલનપુર ખાતે ડિસ્ટ્રિક્ટ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG)ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેકટરશ્રીના હસ્તે 'ડિસ્ટ્રિક્ટ SDG રિપોર્ટ 4.0' (DSR 4.0)નું વિમોચન કરાયું હતું.આ બેઠકમાં GSWIFT પોર્ટલ પર ઉપલબ્ધ 127 ઈન્ડિકેટર્સના સપ્ટેમ્બર-2025 સુધીના ડેટાના આધારે જિલ્લાના વિવિધ વિભાગોના પર્ફોર્મન્સની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. નોંધનીય છે કે SDG ના કુલ 127 ઈન્ડિકેટર્સ પૈકી 59 ઈન્ડિકેટર્સમાં જિલ્લાનું પ્રદર્શન રાજ્યની સરેરાશ કરતા સારું છે. બેઠકમાં કલેક્ટરશ્રીએ રાજ્ય કક્ષાના સરેરાશ સ્કોર કરતા નીચું પ્રદર્શન કરતા ઈન્ડિકેટર્સ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા સબંધિત વિભાગના અધિકારીશ્રીઓને સૂચન કર્યું હતું. બેઠકમાં કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, તમામ લાઈન ડિપાર્ટમેન્ટે પરસ્પર સંકલન સાધીને જિલ્લાના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સને સિદ્ધ કરવાના રહેશે.

# સોમનાથ મહાદેવના ચરણે આસ્થાનું ઘોડાપૂર: શિવરાત્રિની વિશેષ પૂજા માટે રેકોર્ડબ્રેક ધસારો!



સોમનાથ: તા.3 પવિત્ર મહાશિવરાત્રિના પાવન પર્વે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આયોજિત ભક્તોની પ્રિય 25 ની વિશેષ બિલ્વપૂજા ને દેશ-વિદેશના શિવભક્તો તરફથી અદ્ભુત પ્રતિસાદ સાંપડ્યો છે. દેવાધિદેવ મહાદેવને પ્રસન્ન કરવાની આ સુવર્ણ તકને ભક્તોએ વધાવી લીધી છે. આંકડાઓ સ્વયં શ્રદ્ધાની સાક્ષી પૂરે છે, અત્યાર સુધીમાં 13 લાખથી પણ વધુ ભાવિકોએ આ પૂજા ઓનલાઈન નોંધાવીને ધન્યતા અનુભવી છે.

### ડિજિટલ પ્લેટફોર્મ પર ભક્તોની ભીડ:

પૂજા નોંધાવવા માટે ઓનલાઈન પ્રવાહ એટલી હદે વધી ગયો કે સિસ્ટમના સર્વરો પણ જામ થઈ ગયા છે. આ અગવડતાને નિવારવા માટે સોમનાથથી લઈને મુંબઈ સુધીની નિષ્ણાત IT ટીમો રાત-દિવસ કામે લાગી છે. ટેકનિકલ સમસ્યાઓ ઉકેલવા યુદ્ધના ધોરણે કામગીરી ચાલુ છે. સોમનાથ ટ્રસ્ટની ભાવિકોને ખાસ અપીલ : ભારે ધસારાને કારણે જે ભક્તો છેલ્લી 24 કલાકમાં પૂજા નથી નોંધાવી શક્યા, તેમને સોમનાથ ટ્રસ્ટ નમ્ર અનુરોધ કરે છે કે 'આપની શ્રદ્ધા અમૂલ્ય છે. ટેકનિકલ કામગીરી પૂર્ણ થતા જ વ્યવસ્થા પૂર્વવત થશે. આપ જલ્દી જ ફરીથી આપની વિશેષ બિલ્વપૂજા નોંધાવી શકશો. આપના સહકાર બદલ આભાર સહ જય સોમનાથ.

# પાટણ જિલ્લામાં ચાણસ્મા તાલુકાના ભાજપના કાર્યકરોની સંગઠનના મહત્વના હોદ્દા પર સ્થાન અપાયું

## શુભેચ્છકો દ્વારા નવનિયુંક્ત પદાધિકારીઓનું સન્માન કરાયું

પાટણ જિલ્લા ભાજપ સંગઠન વધારે મજબૂત બને તે માટે તાંજેતરમાં જિલ્લા ભાજપના અધ્યક્ષ રમેશભાઈ સંઘવ દ્વારા પ્રદેશ ભાજપ સંગઠનના માર્ગદર્શન નીચે પાટણ જિલ્લા માં ભાજપ સાથે જોડાયેલ સંનિષ્ઠ કાર્યકરોને જિલ્લા ભાજપ સંગઠનમાં મહત્વની જવાબદારી સાંપવામાં આવતાં કાર્યકરોમાં હર્ષની લાગણી ફેલાઈ છે જેમાં ચાણસ્મા તાલુકામાં એક મહિલા કાર્યકર એવમ જિલ્લા સદસ્યા આશાબેન વિક્રમજી ને જિલ્લા ઉપપ્રમુખ તરીકે વિષ્ણુભાઈ પટેલને ઉપપ્રમુખ તરીકે જ્યારે નાનજીભાઈ ચૌધરી (ધિણોજ) ને પાટણ જિલ્લા ઓબીસી મહામંત્રી તરીકે નિમણુંક કરાતાં પાટણ જિલ્લા ભાજપના પૂર્વ ઉપપ્રમુખ દિલિપભાઈ જોશી ઠાકોર સમાજના અગ્રણી કપુર જી ઠાકોર ભાલુજી ઠાકોર સહિત શુભેચ્છકો નવનિયુક્ત પદાધિકારીઓ નું .સાલ ઓઢાડી સન્માન કરાયું હતુ જ્યારે ચાણસ્મા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણી સમૂહ લગ્ન સમિતિના અધ્યક્ષ



વિક્રમજી ઠાકોર ભોમ જી ભાઈ (રામ પૂરા) ઉપસ્થિત રહ્યા હતા.

# લુણાવાડા ખાતે મનોદિવ્યાંગ બાળકો માટે 'ડે-કેર સેન્ટર'નો શુભારંભ થયો

## બ્લાઈન્ડ વેલફેર કાઉન્સિલની સરાહનીય પહેલ

દાહોદ-પંચમહાલ-મહિસાગર જિલ્લા બ્લાઈન્ડ વેલફેર કાઉન્સિલ દ્વારા સરાહનીય પહેલના ભાગરૂપે મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે બીએસએનએલ ઓફિસ પાસે ખાસ જરૂરિયાત ધરાવતા મનોદિવ્યાંગ બાળકો માટે ડે-કેર સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન પ્રસંગે લુણાવાડા નગરપાલિકાના પ્રમુખ ડો. કિર્તિભાઈ પટેલ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ભાર્ગવીબેન નિનામા, જાણીતા તબીબ ડો. નગેન્દ્રનાથ નાગર, સંસ્થાના મંત્રી યુસૂફીભાઈ કાપડિયા સંસ્થાના અગ્રણીઓ, કર્મચારીઓ, દિવ્યાંગ બાળકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ ડે-કેર સેન્ટર વિશેષ કરીને મનો દિવ્યાંગતા ધરાવતા બાળકો, સેરેબલ પાલ્સીથી પીડાતા બાળકો અને ઓટીઝમ ધરાવતા બાળકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ સેન્ટર ખાતે બાળકોને નિષ્ણાતો દ્વારા યોગ્ય તાલીમ, શિક્ષણ અને પુનર્વસનની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે, જેથી તેઓ સમાજમાં સ્વનિર્ભર બની શકે. કાર્યક્રમ દરમિયાન દિવ્યાંગ બાળકોની સેવામાં સતત કાર્યરત એવા ડો. નગેન્દ્રનાથ



નાગરના જન્મદિવસની ઉજવણી પણ કરવામાં આવી હતી. ઉપસ્થિત સૌએ તેમની સેવાકીય ભાવનાને બિરદાવી હતી. સંસ્થાના મંત્રી યુસૂફીભાઈ કાપડિયાએ જણાવ્યું હતું કે, 'સમાજના દરેક વર્ગના સહકાર અને આશીર્વાદથી શરૂ થયેલો આ પ્રયાસ અનેક પરિવારો માટે આશાનું કિરણ બનશે ત્યારે વિસ્તારના જરૂરિયાતમંદ મનોદિવ્યાંગ બાળકોના પરિવારોએ તેનો વધુમાં વધુ લાભ લેવા અપીલ છે.

# સ્કૂલ બાંધકામમાં લોલમલોલ:-નબળો સ્લેબ અને તિરાડવાળા બીમથી વાલીઓમાં ચિંતા



ડાંગ જિલ્લાનાં બરમ્યાવડ ગામમાં શિક્ષણનાં ધામ ગણાતી પ્રાથમિક શાળાના નવા મકાન અને કમ્પાઉન્ડ વોલના નિર્માણમાં ઘોર બેદરકારી અને ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે.જેના પગલે સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, કારણ કે ઈજારદાર દ્વારા કરવામાં આવેલું બાંધકામ અત્યંત નબળી ગુણવત્તાનું હોવાનું સપાટી પર આવ્યું છે.ગ્રામજનોના જણાવ્યા અનુસાર, શાળાના મકાનનો પ્રથમ સ્લેબ એટલી હદે જોખમી છે કે તે કોઈપણ ક્ષણે પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ શકે તેવી ભીતિ સેવાઈ રહી છે.સ્લેબના બીમમાં અત્યારથી જ મોટી તિરાડો જોવા મળી રહી છે, જે આખા માળખાની મજબૂતી સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા કરે છે. બાંધકામની પોકળતા ત્યારે છતી થઈ જ્યારે સ્થાનિકોએ સ્લેબના બીમ પર સામાન્ય સળિયા વડે પ્રહાર કર્યો, જેના પરિણામે બીમના પોપડા ઉખડીને નીચે પડવા લાગ્યા અને અંદરનું સ્ટીલ બહાર દેખાવા લાગ્યું હતું. આ નબળા બાંધકામ પાછળનું મુખ્ય કારણ ઈજારદાર દ્વારા હલકી ગુણવત્તાના સિમેન્ટનો વપરાશ અને રેતીના બદલે માત્ર ગ્રીટનો ઉપયોગ હોવાનું માનવામાં આવે છે. વધુમાં, કોંક્રિટના કામ પછી જરૂરી એવા પાણીના છંટકાવ (ક્યોરિંગ) ની પ્રક્રિયામાં પણ બેદરકારી રાખવામાં આવી હોવાનું જણાય છે. સ્લેબ નમી જવાની ઘટનાએ સરકારના કરોડો રૂપિયાના ખર્ચે બની રહેલા પ્રોજેક્ટની વિશ્વસનીયતા પર પ્રશ્નો ઉઠાવ્યા છે.આ સમગ્ર મામલે એસ.એસ.એ. (SSA) વિભાગના એન્જિનિયરની ભૂમિકા સામે પણ આંગળી ચીંધવામાં આવી રહી છે. યોગ્ય સુપરવિઝનના અભાવે એન્જિનિયર અને કોન્ટ્રાક્ટરની મિલીભગત હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ગ્રામજનોને ડર છે કે જો આ મકાનનું લોકાર્પણ કરી દેવામાં આવશે, તો ભવિષ્યમાં કોઈ અનિચ્છનીય ઘટના ઘટશે તો નિર્દોષ બાળકોના જીવ જોખમમાં મુકાશે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, લોકોએ માંગ કરી છે કે તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી આ મકાનનું લેબ ટેસ્ટિંગ કરવામાં આવે, જવાબદાર કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવામાં આવે અને આ જોખમી બાંધકામ હટાવી ફરીથી મજબૂત અને ગુણવત્તાયુક્ત શાળાનું નિર્માણ કરવામાં આવે.. બોક્ષ-(1)એચ.બી.પટેલ -નાયબ જિલ્લા વિકાસ અધિકારી ડાંગ-આ બાબતે ડાંગ જિલ્લાનાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી એચ.બી. પટેલે જણાવ્યું હતુ કે બરમ્યાવડ ગામે પ્રાથમિક શાળાનાં બાંધકામમાં ઈજારદાર દ્વારા નિમ્નકક્ષાનું બાંધકામ કર્યુ હશે તો ચલાવી લેવામાં આવશે નહી.આદિવાસી બાળકોની સુરક્ષા સાથે ચેડા કરનાર એજન્સી સામે હાલમાં જ તપાસનાં આદેશો આપુ છું..બોક્ષ-(2) વિજયભાઈ દેશમુખ-પ્રાથમિક શિક્ષણ અધિકારી ડાંગ-આ બાબતે ડાંગ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વિજયભાઈ દેશમુખે જણાવ્યું હતુ કે હાલમાં જ હું ટી.પી.ઓ સહીત એસ.એસ.એ વિભાગનાં કર્મચારીઓને ચેકીંગ માટે મોકલુ છું. જો ખરાબ બાંધકામ કરાયુ હોય તો એજન્સીને બ્લેકલિસ્ટ કરવામાં આવશે.બાળકોની પાયાની સુવિધાઓ સાથે ચેડા કરનારાઓની શેહ શરમ રાખવામાં આવશે નહી.

# ગુજરાત સરકારશ્રી દ્વારા ઘઉંની ટેકાના ભાવે ખરીદીની જાહેરાત

## ૧ ફેબ્રુઆરીથી નોંધણી શરૂ કરાઈ

પાલનપુર: ગુજરાત રાજ્યના ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા ઉમદા હેતુથી રાજ્ય સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત લઘુતમ ટેકાના ભાવે (MSP) ઘઉંની સીધી ખરીદી કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારત સરકાર દ્વારા ચાલુ સીઝન માટે ઘઉંનો ટેકાનો ભાવ રૂ. ૨,૫૮૫/- પ્રતિ ક્વિન્ટલ નક્કી કરવામાં આવ્યો છે. આ ખરીદી પ્રક્રિયા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવશે. જે ખેડૂતો પોતાના ઘઉં ટેકાના ભાવે વેચવા ઈચ્છતા હોય, તેઓએ તા. ૦૧/૦૨/૨૦૨૬ થી ૦૧/૦૩/૨૦૨૬ દરમિયાન ઓનલાઈન નોંધણી કરાવવી ફરજીયાત છે. આ નોંધણી ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે કરવામાં આવશે. ખાસ નોંધનીય છે કે આ વખતે ખેડૂત ખાતેદારોનું બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા જ નોંધણી અને ખરીદીની પ્રક્રિયા કરવામાં આવશે. રાજ્યમાં ઘઉંની પ્રત્યક્ષ ખરીદીનો પ્રારંભ તા. ૦૪/૦૩/૨૦૨૬ થી શરૂ થઈ તા. ૧૫/૦૫/૨૦૨૬ સુધી ચાલશે.નોંધણી માટે ખેડૂતોએ જરૂરી દસ્તાવેજો જેવા કે આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭/૧૨ અને ૮/અ, પાકની વાવણી અંગેની એન્ટ્રી (જો એન્ટ્રી ન થઈ હોય તો તલાટીનો દાખલો) તથા બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેક સાથે રાખવાના રહેશે. નોંધણી કરાવનાર ખેડૂતોને ખરીદીના સમય અને તારીખની જાણ SMS દ્વારા કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતોએ પોતાનું ઓળખપત્ર સાથે રાખવું પડશે અને બાયોમેટ્રિક ખરાઈ બાદ જ જથ્થો સ્વીકારવામાં આવશે.દસ્તાવેજોની ચકાસણી દરમિયાન કોઈ ખોટી વિગત જણાશે, તો તેવા ખેડૂતોની નોંધણી રદ કરવામાં આવશે. ખેડૂતોને નોંધણી બાબતે કોઈ પણ મુશ્કેલી જણાય તો માર્ગદર્શન માટે હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ પર સંપર્ક કરવા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે તેમ બનાસકાંઠા નાયબ જિલ્લા મેનેજરશ્રી ગુ. રા.ના.પુ.નિગમ લિમિટેડ દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## બનાસકાંઠાના બાગાયતદાર ખેડૂતો માટે અગત્યની સૂચના

બનાસકાંઠા જિલ્લાના બાગાયતદાર ખેડૂતો માટે નાયબ બાગાયત નિયામકશ્રી દ્વારા એક અગત્યની યાદી બહાર પાડવામાં આવી છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન બાગાયત ખાતાની વિવિધ સહાય લક્ષી યોજનાઓ જેવી કે પેકિંગ મટીરીયલ્સ, પ્લાસ્ટિક મલ્ચિંગ, હાઈબ્રીડ શાકભાજી બિયારણ, છૂટા ફૂલો અને વિવિધ ફળ પાકો (દાડમ, જામફળ, આંબા, લીંબુ વગેરે)ના વાવેતર માટે જે ખેડૂતોએ આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરી હતી અને જેમને વિભાગ તરફથી પૂર્વ-મંજૂરી મળી ગઈ છે, તેઓએ સહાય મેળવવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

# જૂનાગઢમાં"નિખાલસ વીરાંગના કમિટીદ્વારા વસંતોત્સવની ઉજવણી કરવામાં આવી



જૂનાગઢ : જૂનાગઢ ના મહિલા અગ્રણી શ્રીમતી અનિલાબેન ખખ્ખર બથિયા દ્વારા નિ:શુલ્ક ચલાવવામા આવતી અને સૌ પ્રથમ ફ્રી માસિક કાર્યક્રમ આપતી સંસ્થા 'નિખાલસ વીરાંગના કમિટી ' દ્વારા 'રાઘવ રિસોર્ટ' મધ્યે વસંતોત્સવ ઉજવવા માટે રસિયાનું ધાર્મિક આયોજન કરવામાં આવ્યું હતું તેમાં બહોળી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો અને આનંદ, ઉત્સાહ સાથે ભગવાનના ગુણગાન ગાયાં હતાં.

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં મહિલાઓ માટે કેન્સર નિદાન કેમ્પનું આયોજન

નરેન્દ્ર દવે | જૂનાગઢ » 'વિશ્વ કેન્સર દિવસ' નિમિત્તે તારીખ: 04 ફેબ્રુઆરી, 2026 ને બુધવારના રોજ સવારે 9 થી બપોરના 1 વાગ્યા સુધી ગાયનેક ઓપીડી, રૂમ નંબર 101, પહેલો માળ, સિવિલ હોસ્પિટલ, જૂનાગઢ ખાતે મહિલાઓમાં થતા ગર્ભાશયના મુખના કેન્સરનું સ્ક્રિનિંગ પેપ સમીયર દ્વારા નિદાન કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જે દર્દ રહિત અને ખૂબ જ ઝડપથી થતી ગર્ભાશયના મુખની તપાસ છે. ગર્ભાશયના મુખના કેન્સરનું સમયસર નિદાન થાય તો સંપૂર્ણ સારવાર અને ઈલાજ શક્ય છે. તેથી વધુમાં વધુ લોકોને આ સ્ક્રિનિંગ કેમ્પનો લાભ લેવા સિવિલ હોસ્પિટલ તરફથી જણાવવામાં આવેલ છે.

# દેડીયાપાડા કૉલેજના વિદ્યાર્થીઓની રમતક્ષેત્રે અનોખી સિદ્ધિ



નર્મદા : તા. ૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે શૈક્ષણિક વર્ષ 2025-26 દરમિયાન વિશ્વવિદ્યાલયનો 52મો ખેલકૂદ રમતોત્સવ તા. 28 થી 31 જાન્યુઆરી-2026 દરમ્યાન યોજાયો હતો. જેમાં સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ, દેડીયાપાડાના કુલ 30 વિદ્યાર્થી-ખેલાડીઓએ વિવિધ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ રમતોત્સવમાં કૉલેજના વિદ્યાર્થી અર્જુનભાઈ વસાવાએ બરછી ફેંક (Javelin Throw) સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી કૉલેજનું નામ ગૌરવપૂર્વક ઉજાગર કર્યું હતું.

# બાળકી પર હુમલો કરનાર દીપડો આખરે પાંજરે



ઉત્તર ડાંગ વન વિભાગ હેઠળ આવતી લવચાલી રેન્જના દહેર ગામમાં છેલ્લા કેટલાક સમયથી ફેલાયેલો દીપડાનો ફફડાટ આખરે દૂર થયો છે.ગત ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાત્રિના સમયે દહેર ગામના ધામડવિહિર ફળિયામાં એક અત્યંત દુખદ ઘટના બની હતી, જેમાં એક ૫ વર્ષની માસૂમ બાળકી પર દીપડાએ હુમલો કર્યો હતો.જે બાળકીને સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી.પરંતુ દીપડાનાં હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાળકીએ આખરે સારવાર દરમ્યાન અંતિમ શ્વાસ છોડી દેતા પરિવારનાં માથે આભ તૂટી પડ્યુ હતુ.આ ઘટના બાદ ઉત્તર વન વિભાગનાં ડી.સી.એફ. મુરાલીલાલ મિણાનાં માર્ગદર્શન હેઠળ લવચાલી રેંજનાં આર. એફ.ઓ અર્ચનાબેન હિરેની ટીમ તાત્કાલિક હરકતમાં આવી હતી અને જરૂરી પ્રાથમિક કાર્યવાહી હાથ ધરી દીપડાને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા હતા.

# કબજિયાતથી લઈને હૃદયરોગ સુધીના તમામ રોગોનું રામબાણ ઈલાજ

ઈસબગુલ એટલે શું? ઈસબગુલ નું વૈજ્ઞાનિક નામ પ્લાન્ટેગો, ઓવાટા છે ને સમાનાર્થી નામ ઢાંચો, ઓથમીજીરુ,ઘોડાજીરું વગેરે છે.ઈસબગુલના બીજ અને ફોતરા નો ઉપયોગ ઝાડા,કબજિયાત વગેરે પેટ ને લગતા રોગ ની સમસ્યા માં અસરકારક સાબિત થાય છે. ઈસબગુલ એ શિયાળું પિયત પાક છે એટલે શિયાળા માં જ એનું વધારે ઉત્પાદન થઇ શકે છે.રેતાળ ગોરાડુ જમીન માં ઊગતા ઈસબગુલ ના પાક ને સૂકું ઠંડુ હવામાન વધારે માફક આવે છે.કુદરતી રીતે પ્લેન્ટાંગો ઓવાટા નામના છોડ ના રેસા માંથી ઈસબગુલ બને છે. ભારતભર ના આદિવાસી સમાજ ઈસબગુલની કુલ દસ જાતિ નું વાવેતર યુગો થી કરતા આવ્યા છે છેલ્લા પચાસ વર્ષ થી ગુજરાત માં વેપારી ધોરણે મોટાપાયે મહેસાણા, સિદ્ધપૂર,ઊંઝા અને પાલનપૂર માં "ઈસબગુલ" ઉત્પાદન વધારે થાય છે. આ ઉપરાંત પંજાબ,સિંધ અને ઈરાન ના વન્ય પ્રદેશમાં પણ ઈસબગુલ નું ઉત્પાદન થાય છે.

**ઈસબગુલ ની ખેતી:** ઈસબગુલ એ ઓછી મહેનતે મબલખ પાક નું ઉત્પાદન થતા વધુ આવક પ્રાપ્ત કરી શકાય છે. ઔષધીય ગુણો ઈસબગુલ માં વધારે હોવાથી માર્કેટ માં માંગ વધારે હોવાથી કૃષિ ની દ્રષ્ટિ એ એને રોકડીયો પાક માનવામાં આવે છે. ઈસબગુલ ની વાવણી નવેમ્બર થી ડિસેમ્બર માં થાય છે.

**પોષક તત્વો :** ઈસબગુલ ને દ્રવ્ય અને અદ્રવ્ય ડાયટરી ફાઈબર નો ભરપૂર સ્ત્રોત્ત માનવામાં આવે છે.૭૦ થી ૮૦% ફાઈબર ઉપરાંત ઈસબગુલ માં કાર્બોહાઈડ્રેસ, પ્રોટીન અને તેલ પણ ઉપલબ્ધ હોય છે.

**ફાયદાઓ :** વર્તમાન સમયમાં મોટાભાગ ના લોકો ઈસબગુલ શબ્દ થી સારી રીતે પરિચિત છે. વર્તમાન સમયમાં મોટાભાગ ના લોકો પાચન તંત્ર ને લગતી વિવિધ સમસ્યા ઓથી ખૂબ પરેશાન જોવા મળશે. ખાનપાન ની રીતભાત બદલાઈ એટલે શરીર ને તંદુરસ્ત અને આરોગ્યપ્રદ રાખતું "પાચન તંત્ર" માં બગાડો શરૂ થઈ જતો હોય છે.

**૧.** આધુનિકતાની રાહે "મેંદા" નું પ્રમાણ રૂટિન ભોજન અને નાસ્તા માં વધતા સમાજ માં "કબજિયાતનો રોગ" સામન્ય બની રહીયો છે. દર દસ વ્યક્તિ એ છ થી સાત લોકો કબજિયાત ની સમસ્યા થી પરેશાન જોવા મળશે. આહાર સબંધી ફેરફાર કે વારસાગતના લીધે "કબજિયાત નો રોગ" એ મોટાભાગ ના લોકો ને પરેશાન કરી રહીયો છે. થોડા વર્ષો પહેલા "પીકુ" નામના ફિલ્મ માં અમિતાભ બચ્ચન એ કબજિયાતની સમસ્યાથી પીડાતા બુઝુર્ગ નો રોલ ભજવ્યો હતો.
ઈસબગુલ માં ઉપલબ્ધ ડાયેટરી ફાઈબર અને ફાઈબર ના લીધે આંતરડા માં ફસાયેલ કઠણ થઈ ગયેલ મળ ને મુલાયમ બનાવી ને આંતરડા ની ગંદકી બહાર કાઢી ને ગંદકી સાફ કરે છે.

**૨.** નબળા પાચન તંત્ર ને લીધે ખોરાક પેટ માં નાખતા ભેગા અવાર નવાર ડાયેરિયા થઈ જતા હોય તો ઈસબગુલ નો ઉપયોગ કારગત નીવડે છે. ઈસબગુલ આંતરડા અંદર ના વધી ગયેલ પાણી ને ઘટ્ટ બનાવી ને ડાયેરિયા ની સમસ્યા ને મહદંશે હલ કરે છે.



માયાનો ભ્રમ

- રુપાલી દવે

**૩.** નાના બાળકો થી લઈને યુવાનો માં મોટપા ની તકલીફ એ મુખ્ય સમસ્યા બની રહી છે. નિયમિત જિમ, વોકિંગ થી પણ વજન ની સમસ્યા હલ થવી મુશ્કેલ બની રહી છે. બેઠાડું જીવન,અનિયમિતતા અને અપચ્ય ખોરાક ની રીતભાત ને લીધે વજન વધવું એ સામન્ય છે. આ સમસ્યા માં નિત્ય રાતે એક ચમચી ઈસબગુલ ને પાણી સાથે લેવાથી ઝડપી વજન ઘટી શકે છે.આ પ્રયોગ નિયમિત કરવાથી પેટ ભરેલું લગતા ભૂખ ઓછી લાગે છે.

**૪.** ઈસબગુલ માં ઉપલબ્ધ હાઈપોક્લોરેમિકના ગુણ ના લીધે સતત છ અઠવાડિયા નિયમિત લેવાથી કેલેસ્ટ્રોલ ના રોગ પર નિયંત્રણ લાવી શકાય છે.

**૫.** વર્તમાન સમયમાં મોટાભાગ ના લોકો ના બેઠાડું અને આળસુ લાઈફ સ્ટાઈલ ને લીધે લેબોરેટરી લિપિડ પ્રોફાઈલ ટેસ્ટ માં ટ્રાયગ્લિસિરાઈડ નામનો અપરિચિત શબ્દ નો આંકડો વધેલો જોવા મળશે. વાસ્તવિકતા તો એ છે કે શરીર ની અંદર ના હાઈપ્રોફસિલ રોગ બીપી અને ડાયાબિટીસ બન્ને રોગ ટ્રાયગ્લિસીરાઈડ ના જ બાળકો છે.ભારત માં કોરોના કાળ માં બેત્રણ વર્ષ ઘર માં પુરાઈ રહેવાના લીધે લોકોની બહાર નીકળીને હલન ચલન કરવાની પ્રક્રિયા માં ઘટાડો થયો છે એટલે મોટાભાગના લોકો બીપી, કેલેસ્ટ્રોલ અને ડાયાબિટીસ ની સમસ્યા થી પરેશાન છે. ટ્રાયગ્લિસિરાઈડ નું પ્રમાણ શરીર માં વધતા ધમની ની નળીઓ બ્લોક થવા લાગે છે એના કારણે હાર્ટ એટેક આવે છે.વારંવાર ચેસ્ટ પેઈન થવું, ચક્કર આવવા,આંખ સામે અંધારું લાગવું,ખોરાક માં રુચિ ઓછી થવી,વોમિટ થવી વગેરે વગેરે ટ્રાયગ્લીસિરાઈડ ના લક્ષણો સાધારણ નથી આ સમસ્યા વધતા મૃત્યુ અથવા તો બ્રેનસ્ટોક આવી શકે છે. આ સમસ્યા ના નિવારણ માટે ઈસબગુલ નું સેવન નિયમિત સુતા પહેલા કરવું આવશ્યક છે. ઈસબગુલ શરીર માંથી ટ્રાયગ્લીસિરાઈડ ઘટાડી ને હૃદય રોગ નું જોખમ ઘટાડી ને બ્લડ શ્યુગર લેવલ ને કંટ્રોલ કરે છે.

**૬.** કોલોન કેન્સર નું જોખમ ઈસબગુલ ના સેવન થી ઘટે છે.

**૭.** હરસ ની સમસ્યા માં ઈસબગુલ ને પાણી માં પલાળી ને લેવાથી ઝડપી રૂઝ આવતા બ્લિડિંગ થતું તુરંત અટકી જાય છે.

**૮.** ઈસબગુલ ના નિયમિત સેવન કરવાથી ત્વચા સુંદર, ખીલ ફૂલસી ડાઘ વગર ની સાફ અને ચમકીલી રહે છે.

**૯.** લાંબા મજબૂત કાળા વાળએ સંતુલિત હોર્મોન્સ,અંદર થી ડીટોક્સીફાય શરીર અને ચયાપચય ની પ્રક્રિયા સરળ ઝડપી પર આધારિત છે. ઈસબગુલ માં ઉપલબ્ધ ડાયેટરી ફાઈબર અને ફાઈબર સહિત પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ વગેરે જેવા પોષકતત્વો ને લીધે વાળ ખરતા અટકી ને વાળ નો ગ્રોથ વધે છે.

### ઈસબગુલ લેવાની રીત:

**સામન્ય પાચન માટે :** ૧ ચમચી ઈસબગુલ ને પાણી સાથે લેવું

**કબજિયાત ની સમસ્યા માટે :** ૧૦ગ્રામ ઈસબગુલ ને પાણી માં કે રસ માં પલાળી ને દિવસ માં બે વાર લેવાનું રાખો.


**વજન ની સમસ્યા માં :** ભોજન પહેલા ૩૦મિનિટ અગાઉ ૫ગ્રામ ઈસબગુલ પાણી સાથે લેવું.

**ટ્રાયગ્લીસિરાઈડ ની સમસ્યા માં :** નિત્ય રાત્રે સુતા પહેલા ૧૦ થી ૨૦ ગ્રામ ઈસબગુલ ને પાણી માં પલાળી ને લેવાનું રાખો. આ રોગ ની સમસ્યા માં ઈસબગુલ ખૂબ જ અકસીર સાબિત થશે.

### ઈસબગુલ ની બરફીની રેસિપી :

ત્રણ ચમચી ઈસબગુલ ને રાતે પાણી માં પલાળી રાખો એક કપ મિલ્ક પાવડર અને પીસેલી ખાંડ ને થીક થઈ ગયેલ ઈસબગુલ માં ઉમેરી ને મોટા ચમચાથી મિશ્રણ ને હલાવી ને એકરસ કરો. ઈસબગુલ ની બરફી ના તૈયાર મિશ્રણ ને થાળી માં ફેલાવી ને એના પર ડ્રાય ફ્રુટ નો ભૂક્કો છાંટી ને એકસરખું પાથરી ને ચોરસ કાપા પાડો. ડ્રાયફ્રુટ ને બદલે સુકાયેલ લાલ ગુલાબ ની પાંખડીઓ પણ મિશ્રણ પર છાંટી શકાય છે. સ્વાદ માં બેસ્ટ અને સ્વાસ્થ્ય માટે શ્રેષ્ઠ ઈસબગુલ ની બરફી ચોક્કસ બનાવજો.

**નોંધ :** ગૂંગળામણ કે આંતરડા માં અવરોધ ટાળવા માટે ઈસબગુલ ને એકલા લેવાના બદલે પાણી માં પલાળી ને લેવાનું રાખજો.
સવાર સવારે,બપોરે જમ્યા પહેલા ૩૦મિનિટ અગાઉ અને રાત્રે સૂતા પહેલા આ ત્રણેય સમય ઈસબગુલ લેવા માટે શ્રેષ્ઠ છે.




# રોહિત શેટ્ટીની 'ગોલમાલ 5'માં અક્ષય કુમારની એન્ટ્રી

(એજન્સી) મુંબઇ | તા.03 બોલિવૂડની જાણીતી કોમેડી ફ્રેન્ચાઇઝી 'ગોલમાલ' હવે તેની પાંચમી કડી સાથે દર્શકો સામે આવવાની છે અને આ વખતે ફિલ્મમાં એક મોટો ટ્વિસ્ટ જોવા મળશે. સમાચાર આવી રહ્યા છે કે અક્ષય કુમારે 'ગોલમાલ 5'માં મુખ્ય વિલન તરીકે એન્ટ્રી કરી છે, જે અજય દેવગન અને તેની ટીમ સામે સ્ક્રીન પર ટકરાશે. મુખ્ય કલાકારોમાં અજય દેવગન ફરીથી આ ફ્રેન્ચાઇઝીના મુખ્ય પાત્ર તરીકે જોવા મળશે, સાથે જ અરશદ વારસી, તુષાર કપૂર, કુણાલ ખેમુ અને શ્રેયસ તલપડેની વાપસી પણ નિશ્ચિત છે. ઉપરાંત જોની લીવર, સંજય મિશ્રા, મુકેશ તિવારી અને અશ્વિની કલસેકર જેવા અનુભવી કલાકારો પણ આ યાદીમાં સામેલ છે. શર્મન જોશીના પાછા ફરવાની સંભાવના છે, જ્યારે કરીના કપૂર ખાનની હાજરી અંગે હજુ અંતિમ નિર્ણય લેવાયો નથી.

'ગોલમાલ 5' માં અક્ષય કુમારનું વિલન તરીકેનું અભિનય આ ફ્રેન્ચાઇઝી માટે એક મોટો બદલાવ માનવામાં આવી રહ્યો છે, કારણ કે પહેલા આ સિરીઝમાં મુખ્યત્વે હળવા-ફુલકા કોમેડી ગ્રાફ પર જ ફોકસ રહ્યું છે.

વેરાયટી ઇન્ડિયાના રિપોર્ટ અનુસાર ફિલ્મમાં પરંપરાગત હ્યુમરની સાથે કેટલાક ફેન્ટેસી એલિમેન્ટ્સ પણ સામેલ કરવામાં આવશે, જેથી તેને પહેલા કરતા પણ મોટો બનાવી શકાય. ફિલ્મનું શૂટિંગ ફેબ્રુઆરીના અંતમાં મુંબઈના ફિલ્મ સિટીમાં શરૂ થવાની અપેક્ષા છે અને ફિલ્મને 2027ની શરૂઆતમાં સિનેમાઘરોમાં રિલીઝ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ પાંચમાં ભાગમાં 'ગોલમાલ' ફ્રેન્ચાઇઝીના 20 વર્ષ પૂરા થવાનો ઉત્સવ પણ છે, કારણ કે પહેલી ફિલ્મ 2006માં રિલીઝ થઈ હતી અને ત્યારબાદ સિરીઝે દેશભરમાં મોટી સફળતા મેળવી છે.




# 'નયા હિન્દુસ્તાન હૈ, ઘર મેં ઘુસે ભી ઔર મારેગા ભી': ગોળીઓનો વરસાદ

(એજન્સી) મુંબઇ | તા.03

લાંબા સમયની રાહ જોયા બાદ, આખરે આદિત્ય ધરની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ધુરંધર: ધ રિવિંજ'નું ધમાકેદાર ટીઝર આજે રિલીઝ કરી દેવામાં આવ્યું છે. રણવીર સિંહે ગઈકાલે જ સોશિયલ મીડિયા પર આ અંગે હિન્ટ આપી હતી અને આજે સવારે ફિલ્મનું પોસ્ટર રિલીઝ કરીને ચાહકોની એક્સાઈટમેન્ટ ડબલ કરી દીધી હતી.

કેવું છે 'ધુરંધર 2'નું ટીઝર? રિલીઝ થયેલા ટીઝરમાં રણવીર સિંહ તેના અત્યાર સુધીના સૌથી ખતરનાક અને ઈન્ટેન્સ લુકમાં જોવા મળી રહ્યો છે. ટીઝર જોતા લાગે છે કે આ વખતે એક્શન અને ડ્રામાનો ડબલ ડોઝ જોવા મળશે. રણવીર સિંહ ફરી એકવાર 'હમઝા અલી મઝારી'ના દમદાર પાત્રમાં રૂપેરી પડદે ધૂમ મચાવવા તૈયાર છે.

શું હશે ફિલ્મની સ્ટોરી? સિક્વલ 'ધુરંધર: ધ રિવિંજ' ની વાર્તા આ વખતે હમઝાના બદલા પર કેન્દ્રિત હશે. આ ફિલ્મમાં 'મોટા સાહેબ'ની અસલી ઓળખ પરથી પડદો ઉઠશે. આ ઉપરાંત, જસકીરત સિંહ રંગી (હમઝાનું અસલી નામ) ના ભૂતકાળની વાર્તા પણ બતાવવામાં આવશે.

રણવીર સિંહનું દમદાર પોસ્ટર ટીઝર પહેલા રણવીરે એક પોસ્ટર શેર કર્યું હતું, જેમાં લાલ બેકગ્રાઉન્ડ અને ધોધમાર વરસાદ વચ્ચે તે અત્યંત આક્રમક મૂડમાં ઉભો છે. આ પોસ્ટર સાથે રણવીરે કેપ્શન લખ્યું હતું: 'અબ બિગડને કા વક્ત આ ગયા હૈ'

ક્યારે રિલીઝ થશે ફિલ્મ? આદિત્ય ધરના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ 19 માર્ચ, 2026 ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. ફિલ્મનું શૂટિંગ હજુ ચાલુ છે, પરંતુ ટીઝરે અત્યારથી જ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે.

## ભારતમાં કુલ નેટ કલેક્શન- 831.40 કરોડ રૂપિયા

'ધુરંધર' એક સ્પાય થ્રિલર ફિલ્મ છે. ફિલ્મમાં રણવીર સિંહ, અર્જુન રામપાલ, અક્ષય ખન્ના, સંજય દત્ત અને આર. માધવન મુખ્ય ભૂમિકાઓમાં છે. આ ઉપરાંત સારા અર્જુન, રાકેશ બેદી અને દાનિશ પંડોરે પણ કામ કર્યું છે. હવે ધુરંધરની સિક્વલ 19 માર્ચ 2026 ના રોજ રિલીઝ થવાની છે.

## ભારતમાં 'ધુરંધર'નું કલેક્શન

- પ્રથમ સપ્તાહ- 218.00 કરોડ રૂપિયા
- બીજું સપ્તાહ- 261.50 કરોડ રૂપિયા
- ત્રીજું સપ્તાહ- 189.30 કરોડ રૂપિયા
- ચોથું સપ્તાહ- 115.70 કરોડ રૂપિયા
- પાંચમું સપ્તાહ- 35.80 કરોડ રૂપિયા
- 32મો દિવસ (સોમવાર)- 5.40 કરોડ રૂપિયા
- 33મો દિવસ (મંગળવાર)- 5.70 કરોડ રૂપિયા




# પાકમાં થિયેટરમાં પ્રતિબંધિત ધુરંધર ઓટીટી પર નંબર વન બની

મુંબઇ : રણવીર સિંહની 'ધુરંધર' ફિલ્મ પાકિસ્તાનનાં થિયેટરોમાં રીલિઝ થઈ નથી. પરંતુ, પાકિસ્તાનમાં ઓટીટી પ્લેટફોર્મ પર આ ફિલ્મ સૌથી વધુ જોવાઈ રહેલી ફિલ્મોમાં ટોચ પર આવી ગઈ છે. આ ફિલ્મ વૈશ્વિક ઓટીટી પ્લેટફોર્મે પોતાના પાકિસ્તાનના દર્શકો માટે પણ રીલિઝ કરી છે. ત્યાં તે ટોચ પર પહોંચી હોવાનું દર્શાવતા સ્ક્રીન શોટ વાયરલ થયા છે. ફિલ્મ ઓટીટી પ્લેટફોર્મ પર મૂકાઈ તેના ૨૪ કલાકમાં જ તે મોસ્ટ વોચ્ડ ફિલ્મની કેટેગરીમાં ટોપ પર આવી ગઈ હતી.

આ ફિલ્મની કથા પાકિસ્તાન વિરોધી હોવા છતાં પણ પાકિસ્તાનીઓ પણ તેની મોજ માણી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે આ ફિલ્મ પર મધ્યપૂર્વના દેશોમાં પણ પ્રતિબંધ મૂકાઈ ચૂક્યો છે.



# અરિજિતને મનાવવા આમિર ખાન પોતે પ.બંગાળ પહોંચ્યો?

### બંનેની મુલાકાત બાદ સોશિયલ મીડિયા પર અનેક તર્ક-વિતર્ક શરૂ; એક્ટરનો પતંગ ઉડાડતો વીડિયો પણ વાઈરલ...




(એજન્સી) મુંબઇ | તા.03

અરિજિત સિંહે પ્લેબેક સિંગિંગમાંથી સંન્યાસ લઈ લીધો છે. આ દરમિયાન આમિર ખાન તેને મળવા પહોંચ્યો, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. આ વીડિયોમાં આમિર ખાન પતંગ ઉડાવતો જોવા મળી રહ્યો છે, જેના પર ચાહકો જોરદાર કમેન્ટ્સ કરી રહ્યા છે. સાથે જ લોકો બંનેની મુલાકાતનું કારણ પણ જાણવા માંગે છે. વીડિયોમાં આમિર ખાનને પતંગ ઉડાવતા જોઈ શકાય છે. આ દરમિયાન એક્ટરની ટીમ પણ તેમની સાથે હાજર જોવા મળી રહી છે.

બીજા વીડિયોમાં આમિર ખાનને કારમાંથી ઉતરતા જોઈ શકાય છે. આ દરમિયાન એક્ટર પાપારાઝીનું અભિવાદન કરતો જોવા મળ્યો. અન્ય વીડિયો પણ છે, જેમાં તેઓ પોતાની કારમાં બેઠો છે અને ફોટોગ્રાફર્સ તેની એક ઝલક મેળવવા માટે ધક્કામુક્કી કરી રહ્યા છે.

સોશિયલ મીડિયા પર વીડિયો વાઈરલ થયા બાદ યુઝર્સ તેના પર અલગ-અલગ કોમેન્ટ્સ કરી રહ્યા છે. કેટલાકનું કહેવું છે કે આમિર ખાન સિંગરને મનાવવા આવ્યો છે, જેથી તે પોતાનો નિર્ણય બદલી નાખે.

જોકે, બંનેની મુલાકાતનું અસલી કારણ શું છે તેની હજુ સુધી પુષ્ટિ થઈ નથી. ખરેખર, અરિજિત સિંહનું ઘર પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લાના જિયાગંજમાં છે. કલકત્તા ટાઈમ્સ અનુસાર, આમિર ખાન બે દિવસ માટે જિયાગંજમાં જ રોકાશે, જ્યાં તે કથિત રીતે અરિજિત સિંહ સાથે કોઈ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છે.




# અહાન શેટ્ટી શાદ અલીની રોમાન્ટિક ફિલ્મમાં કામ કરશે



મુંબઇ : અહાન શેટ્ટીએ 'બોર્ડર ટુ' ફિલ્મની સફળતા પછી ત્રણ ફિલ્મો સાઈન કરી છે. જેમાં એક શાદ અલીની એક એક્શન-લવ સ્ટોરી પણ સામેલ છે.હાલ આ ફિલ્મ પર કામ ચાલી રહ્યું છે અને માર્ચ-એપ્રિલ મહિનામાં શૂટિંગ શરૂ કરવાની યોજના છે. જોકે અભિનેતાએ અન્ય બે ફિલ્મો કઈ છે તેનો ઉલ્લેખ કર્યો નથી.

હાલ આ ફિલ્મની સ્ક્રિપ્ટ અને સંગીત પર કામ ચાલી રહ્યું છે. તેમજ આ ફિલ્મનું શીર્ષક હજી ફાઈનલ કરવામાં આવ્યું નથી. હાલમાં અહાને એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે,તેણે સાજિદ નડિયાદવાળાની ફિલ્મ 'તડપ'થી બોલીવૂડમાં ડેબ્યુ કર્યું હતુ. તેણે સાજિદ સાથે પાંચ વરસનો કરાર સાઈન કર્યો હતો પરિણામે તે ફિલ્મ 'તડપ' પછી ચાર વરસ સુધી ફિલ્મ સાઈન કરી શકે તે પરિસ્થિતિમાં નહોતો. આ દરમિયાન તેને ઘણી ફિલ્મોની ઓફર આવી હતી પરંતુ તે સ્વીકારી શક્યો નહોતો.





# શર્ટના બટન ખુલ્લા રાખી સોનમે બેબી બમ્પ ફ્લોન્ટ કર્યો!

(એજન્સી) મુંબઇ | તા.03

સોનમ કપૂર અવારનવાર તેની અનોખી ફેશન સેન્સને કારણે ચર્ચામાં રહે છે. તાજેતરમાં એક્ટ્રેસ તેના બીજા બાળકની પ્રેગ્નન્સીને લઈને ખૂબ જ હેડલાઈન્સમાં રહે છે. મુંબઈની શેરીઓ હોય કે ગ્લેમરસ ઈવેન્ટ્સ, સોનમ દરેક જગ્યાએ તેના મેટરનિટી લુકથી ચાહકોને મંત્રમુગ્ધ કરી રહી છે.

તાજેતરમાં સોનમ મુંબઈમાં એક શાનદાર ઓલ-વ્હાઈટ આઉટફિટમાં જોવા મળી હતી, જેના કારણે ફરી એકવાર ફેશન વર્લ્ડમાં તેની ચર્ચાઓ શરૂ થઈ છે. ઓલ-વ્હાઈટ લુકમાં સોનમનો જાદુ મુંબઈમાં જોવા મળેલી સોનમ કપૂર સફેદ રંગના શર્ટ અને લોંગ પ્લેટેડ સ્કર્ટમાં અત્યંત સુંદર લાગતી હતી. તેણે શર્ટના નીચેના બટન ખુલ્લા રાખીને પોતાનો બેબી બમ્પ ફ્લોન્ટ કર્યો હતો. આ લુકને કમ્પ્લીટ કરવા માટે તેણે સફેદ બકેટ બેગ, ડાર્ક સનગ્લાસ અને સિલ્વર હૂપ્સ પહેર્યા હતા. તેનો આ લુક સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. બીજી પ્રેગ્નન્સીની જાહેરાત અને ફેશન સ્ટેટમેન્ટ સોનમ કપૂર અને તેના પતિ આનંદ આહુજાએ ઓક્ટોબર 2025માં સત્તાવાર રીતે બીજી પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી. આ ખાસ પ્રસંગે સોનમે પ્રિન્સેસ ડાયનાના આઈકોનિક લુકથી પ્રેરિત હોટ પિંક વૂલ સૂટ પહેર્યો હતો, જે એસ્કાડાની માર્ગરિથા લે દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો હતો. સોનમે તેના સોશિયલ મીડિયા પર 'મધર' કેપ્શન સાથે આ ખુશખબર શેર કર્યા હતા.

# રણબીર કપૂરની 'રામાયણ' પર 'ભગવાન રામ'ની મહોર...!

(એજન્સી) મુંબઇ | તા.03

અરુણ ગોવિલે ભગવાન રામનું પાત્ર ભજવીને ઘેર ઘેર પોતાની એક અલગ ઓળખ બનાવી છે. હવે તાજેતરમાં તેમણે નિતેશ તિવારીની 'રામાયણ' અને 'આદિપુરુષ'ની તુલના પર પોતાનો અભિપ્રાય આપ્યો. તેમણે કહ્યું કે, ''રામાયણ'ની તુલના 'આદિપુરુષ' સાથે ન કરવી જોઈએ.'

ન્યૂઝ એજન્સી પીટીઆઈ સાથેની વાતચીતમાં અરુણ ગોવિલે કહ્યું, 'નવી 'રામાયણ'ની 'આદિપુરુષ' સાથે તુલના ન કરવી જોઈએ. દરેક નવું રૂપાંતરણ અલગ હોય છે, તેથી તેને જૂના પ્રયાસોથી ચકાસવાને બદલે તેના અલગ પાસાઓને સમજવા જોઈએ.'

અરુણ ગોવિલે ફિલ્મ 'રામાયણ'માં રણબીર કપૂરના લુક અને કાસ્ટિંગની પ્રશંસા કરી. તેમણે કહ્યું, 'ફિલ્મ ખૂબ સારી લાગી રહી છે અને ટીમ ઘણી મહેનત પણ કરી રહી છે. રણબીર માત્ર એક સારા એક્ટર જ નથી, પરંતુ એક સારા માણસ પણ છે.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

### સુરત ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં

# ટાઈગર્સ ઓફ કોલકાતાનો વિજય પ્લેઓફમાં શાનદાર એન્ટ્રી થઈ



સુરત | ગુજરાતના સુરત ખાતે રમાઈ રહેલી ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (ISPL) માં મંગળવારે ટાઈગર્સ ઓફ કોલકાતાએ શાનદાર પ્રદર્શન કરતા પ્લેઓફમાં પોતાનું સ્થાન પાકું કરી લીધું છે. લીગ સ્ટેજની અંતિમ મેચમાં કોલકાતાએ હૈદરાબાદને ૨ વિકેટે પરાજય આપીને પોઈન્ટ ટેબલમાં ચોથું સ્થાન હાંસલ કર્યું છે. આ જીત સાથે જ ટાઈગર્સ ઓફ કોલકાતાનો વિજય રથ હવે પ્લેઓફના જંગમાં પ્રવેશ્યો છે. શિસ્તબદ્ધ બોલિંગ અને આક્રમક બેટિંગના જોરે કોલકાતાએ હૈદરાબાદને ઘૂંટણિયે પાડી દીધું હતું. અંકિત યાદવની ધારદાર બોલિંગનો જાદુ પ્રથમ બોલિંગ કરતા કોલકાતાના બોલરોએ હૈદરાબાદને ૧૦ ઓવરમાં માત્ર ૭૬ રન પર રોકી દીધું હતું. ૧૭ વર્ષના યુવા બોલર અંકિત યાદવે ફરી એકવાર પોતાની પ્રતિભા સાબિત કરતા ૨ ઓવરમાં ૧૫ રન આપીને ૩ મહત્વની વિકેટો ઝડપી હતી. તેને શિવમ કુમાર અને આરિશ ખાનનો પૂરો સાથ મળ્યો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, અંકિત યાદવ તેની કરિયરની શરૂઆતથી જ દબાણ હેઠળ રમે છે અને પિતાના નિધન બાદ પરિવારની જવાબદારી સાથે ક્રિકેટમાં સખત મહેનત કરી રહ્યો છે. તેની આ શાનદાર બોલિંગ બદલ તેને 'ગલી ટુ ગ્લોરી' એવોર્ડથી નવાજવામાં આવ્યો હતો.

## ઈન્ડિયન રેસિંગ ફેસ્ટિવલ ગોવા રેસિંગની આઈપીએલ છે: ગાંગુલી



નવી દિલ્હી | ગોવાની ગલીઓ હવે હાઈ-સ્પીડ રેસિંગ માટે સજ્જ થઈ રહી છે. ૧૪ અને ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મનોહર ઈન્ટરનેશનલ એરપોર્ટ સામે આયોજિત 'ઈન્ડિયન રેસિંગ ફેસ્ટિવલ' (IRF) પૂર્વે ભારતીય ક્રિકેટના પૂર્વ કેપ્ટન અને 'કોલકાતા રોયલ ટાઈગર્સ' ના માલિક સૌરવ ગાંગુલીએ મોટું નિવેદન આપ્યું છે. ગાંગુલીએ IRF ની સરખામણી IPL સાથે કરતા જણાવ્યું હતું કે, જે રીતે IPL એ ભારતીય ક્રિકેટનો ચહેરો બદલી નાખ્યો, તેવી જ રીતે આ ફેસ્ટિવલ મોટરસ્પોર્ટ પ્રત્યે લોકોનો દૃષ્ટિકોણ બદલી દેશે. ભૂલની કોઈ ગુંજાશ નહીં ગાંગુલીએ ક્રિકેટ અને રેસિંગ વચ્ચે સમાનતા દર્શાવતા કહ્યું કે, જે રીતે ક્રિકેટમાં દબાણની ક્ષણો ખેલાડીના ચરિત્રની કસોટી કરે છે, તેમ સ્ટ્રીટ રેસિંગમાં પણ ડ્રાઈવરની એક નાની ભૂલ આખા સપ્તાહની મહેનત પર પાણી ફેરવી શકે છે.

### મુંબઈ ઓપન ટેનિસ ટુર્નામેન્ટ 2026

## જાપાની ખેલાડીઓનો દબદબો, ભારતીય પડકાર સમાપ્ત



મુંબઈ | MSLTA ખાતે સોમવારથી મુંબઈ ઓપન 125K સિરીઝની મુખ્ય ડ્રોની મેચોનો પ્રારંભ થયો છે. ટુર્નામેન્ટના પ્રથમ દિવસે જાપાનની મહિલા ખેલાડીઓએ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું, જ્યારે ભારતીય ટેનિસ ચાહકો માટે માઠા સમાચાર આવ્યા હતા. અંકિતા રૈના અને વૈદેહી ચૌધરી જેવી સ્ટાર ભારતીય ખેલાડીઓ પોતપોતાની મેચ હારીને ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગઈ છે. અંકિતા અને વૈદેહીનો એકતરફી પરાજય લુલુ સન બીમારીના કારણે ટુર્નામેન્ટમાંથી ખસી જતાં ભારતની અનુભવી ખેલાડી અંકિતા રૈનાને મુખ્ય ડ્રોમાં એન્ટ્રી મળી હતી. જોકે, અંકિતા જાપાનની મિસાકી માત્સુડા સામે ટકી શકી નહોતી અને ૬-૪, ૬-૦ થી મેચ હારી ગઈ હતી.

### નવી દિલ્હી શૂટિંગનું હબ બનશે, ઓલિમ્પિક ક્વોટા માટે મોટી તક

# ભારતે એશિયન રાઈફલ ચેમ્પિયનશિપ 2027ની યજમાની જીતી

(એજન્સી) નવી દિલ્હી । તા. 03

ભારતીય રમતગમત જગત માટે અત્યંત ખુશીના સમાચાર સામે આવ્યા છે. ભારતે ૨૦૨૭માં યોજાનારી એશિયન રાઈફલ/પિસ્તોલ ચેમ્પિયનશિપની યજમાની કરવાના અધિકારો મેળવી લીધા છે. નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા (NRAI) એ આજે સત્તાવાર જાહેરાત કરી છે કે નવી દિલ્હીએ આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ માટેની બિડ જીતી લીધી છે. આ ટુર્નામેન્ટ અત્યંત મહત્વની છે કારણ કે તેમાં લોસ એન્જલસ ૨૦૨૮ ઓલિમ્પિક ગેમ્સ માટે આઠ ક્વોટા સ્લોટ આપવામાં આવશે.

### સતત બીજી વખત ઐતિહાસિક યજમાની

એશિયન શૂટિંગ કોન્ફેડરેશન (ASC) ના જનરલ સેક્રેટરીએ NRAI ના પ્રમુખ કલિકેશ નારાયણ સિંહ દેવને પત્ર લખીને આ સમાચારની પુષ્ટિ કરી છે. નોંધનીય છે કે ભારત સતત બીજી વખત રાઈફલ અને પિસ્તોલ શૂટર્સ માટેની આ મુખ્ય ખંડીય ચેમ્પિયનશિપનું આયોજન કરશે. આ અગાઉ, ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન (ISSF) એ એપ્રિલ ૨૦૨૭ માં નવી દિલ્હી ખાતે રાઈફલ/પિસ્તોલ/શોટગન વર્લ્ડ કપ યોજવાની મંજૂરી આપી દીધી છે, જેમાં ૧૨ ઓલિમ્પિક ક્વોટા ઉપલબ્ધ હશે.



### ઘર આંગણે શૂટર્સને મળશે 'હોમ એડવાન્ટેજ'

આ સફળતા અંગે ઉત્સાહ વ્યક્ત કરતા કલિકેશ નારાયણ સિંહ દેવે જણાવ્યું હતું કે, "આ ભારતીય શૂટર્સ માટે લોસ એન્જલસ (LA 28) સુધીના રસ્તામાં મોટું બૂસ્ટ સાબિત થશે. હવે તેમને આખા વર્ષ દરમિયાન ઘરના વાતાવરણમાં બે મોટી ટુર્નામેન્ટ રમીને ઓલિમ્પિક ટિકિટ મેળવવાની તક મળશે." તેમણે ASC ની ટીમનો ભારતની ક્ષમતા પર વિશ્વાસ રાખવા બદલ આભાર પણ માન્યો હતો.

### વૈશ્વિક શૂટિંગના કેન્દ્રમાં ભારત

NRAI ના જનરલ સેક્રેટરી પવનકુમાર સિંઘે જણાવ્યું હતું કે, આ સમગ્ર ટીમની અથાક મહેનતનું પરિણામ છે. રમતગમત મંત્રાલય અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) ના સહકારથી ભારત વિશ્વ કક્ષાની શૂટિંગ સ્પર્ધાઓ માટે સૌથી મનપસંદ સ્થળ બની રહ્યું છે. પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિકમાં ભારતીય શૂટર્સના શાનદાર પ્રદર્શન બાદ, દેશમાં આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ્સનું આયોજન સતત વધી રહ્યું છે.

### સ્પર્ધાનો રોમાંચ અને આંકડા

ડિસેમ્બર ૨૦૨૭ માં ડૉ. કરણી સિંહ શૂટિંગ રેન્જ ખાતે યોજાનારી આ સ્પર્ધામાં ૨૦ થી વધુ દેશોના અંદાજે ૩૦૦ થી વધુ શૂટર્સ ભાગ લે તેવી સંભાવના છે. અત્યારે પણ એશિયન રાઈફલ/પિસ્તોલ ચેમ્પિયનશિપ ૨૦૨૬ દિલ્હીમાં જ ચાલી રહી છે, જે ભારતની વધતી જતી સંગઠનાત્મક શક્તિનો પુરાવો છે.

# રાજસ્થાન લાયન્સ-દિલ્હી વોરિયર્સ વચ્ચે ટક્કર: લાયન્સની જીત છતાં દિલ્હી ટોપ



(એજન્સી) પણજી । તા. 03

વર્લ્ડ લિજેન્ડ્સ પ્રો ટી20 લીગમાં સોમવારે રમાયેલા ૧૪મા મુકાબલામાં રાજસ્થાન લાયન્સે દિલ્હી વોરિયર્સને ૨૩ રનથી પરાજય આપ્યો હતો. આ જીત સાથે રાજસ્થાન લાયન્સે દિલ્હીની આ સીઝનની અજેય કૂચને અટકાવી દીધી છે. જોકે, પોઈન્ટ ટેબલ પર નજર કરીએ તો, હાર છતાં દિલ્હી વોરિયર્સ સારા નેટ રન રેટના કારણે પ્રથમ ક્રમે રહી છે, જ્યારે રાજસ્થાન લાયન્સ બીજા ક્રમે રહી છે. રાજસ્થાન લાયન્સ અને દિલ્હી વોરિયર્સ બંનેના સમાન ૮ પોઈન્ટ્સ છે, પરંતુ દિલ્હીનો રન રેટ (+૦.૮૬૩) રાજસ્થાન (+૦.૮૨૭) કરતા ચઢિયાતો રહ્યો છે.

ઈયોન મોર્ગન અને અભિમન્યુ મિથુનનો પાવર-પ્લે મેચમાં દિલ્હી વોરિયર્સે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ પસંદ કરી હતી. રાજસ્થાન લાયન્સ તરફથી કેપ્ટન ઈયોન મોર્ગને ૫૩ બોલમાં ૮૭ રનની શાનદાર ઈનિંગ રમી હતી. જોકે, દિલ્હીના બોલર સુબોધ ભાટીએ ૫ વિકેટ (૫/૨૪) ઝડપીને રાજસ્થાનને મોટો સ્કોર કરતા અટકાવવા પ્રયાસ કર્યો હતો. પરંતુ અંતિમ ઓવરોમાં અભિમન્યુ મિથુને માત્ર ૭ બોલમાં અણનમ ૩૩ રન ફટકારીને સ્કોર ૧૮૫ સુધી પહોંચાડી દીધો હતો. રાજસ્થાન લાયન્સ અને દિલ્હી વોરિયર્સ વચ્ચેના આ મુકાબલામાં મિથુનની તોફાની બેટિંગ નિર્ણાયક સાબિત થઈ હતી.

પવન નેગીની મહેનત એળે ગઈ ૧૮૬ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી દિલ્હીની ટીમ શરૂઆતથી જ દબાણમાં જોવા મળી હતી. રાજસ્થાનના બોલર અનુરીત સિંહે (૨/૧૫) અને પરવિંદર અવાનાએ (૩/૨૪) મહત્વની વિકેટો ઝડપી હતી. દિલ્હી તરફથી પવન નેગીએ ૩૮ બોલમાં ૬૬ રન બનાવીને જીતની આશા જીવંત રાખી હતી, પરંતુ તેને અન્ય ખેલાડીઓનો સાથ મળ્યો નહીં. આખી ટીમ ૧૯.૧ ઓવરમાં ૧૬૨ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. સેમીફાઈનલનું સમીકરણ લીગ સ્ટેજ પૂર્ણ થયા બાદ હવે સેમીફાઈનલની જંગ શરૂ થશે. પોઈન્ટ ટેબલમાં દિલ્હી વોરિયર્સ પ્રથમ, રાજસ્થાન લાયન્સ બીજા, પુણે પેન્થર્સ ત્રીજા અને દુબઈ રોયલ્સ ચોથા ક્રમે રહ્યા છે. રાજસ્થાન લાયન્સ અને દિલ્હી વોરિયર્સ બંને ટીમો હવે પોતપોતાની સેમીફાઈનલ મેચમાં ટકરાશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ૩ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ગોવાના વર્ના ખાતે સેમીફાઈનલ મેચો રમાશે.

# ગ્રેસ ડાંગમેઈના ગોલથી ભારતીય મહિલા ટીમની ઐતિહાસિક જીત

### જર્મનીની ધરતી પર ભારતનો વિજય



(એજન્સી) બર્લિન । તા. 03

ભારતીય મહિલા ફૂટબોલ ટીમે (બ્લુ ટાઈગ્રેસ) જર્મનીમાં રમાયેલી એક રોમાંચક મૈત્રીપૂર્ણ મેચમાં જર્મન ક્લબ હર્થ બીએસસી ફ્રાઉએનને ૧-૦થી હરાવીને ઈતિહાસ રચ્યો છે. આ જીત સાથે ભારતીય મહિલા ટીમે સાબિત કરી દીધું છે કે તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે કોઈપણ મજબૂત ટીમને ટક્કર આપવા માટે સજ્જ છે. આ આખી મેચમાં ભારત તરફથી સ્ટાર ફોરવર્ડ ખેલાડી ગ્રેસ ડાંગમેઈએ એકમાત્ર નિર્ણાયક ગોલ કરીને ભારતને વિજય અપાવ્યો હતો.

### ગ્રેસ ડાંગમેઈનો નિર્ણાયક ગોલ

મેચની શરૂઆતથી જ બંને ટીમો વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી હતી. જર્મન ક્લબ પોતાના ઘર આંગણે રમી રહી હોવાથી તેમની પાસે 'હોમ એડવાન્ટેજ' હતો, પરંતુ ભારતીય ખેલાડીઓએ રમત પર પકડ જાળવી રાખી હતી. મેચના પ્રથમ હાફમાં જ ગ્રેસ ડાંગમેઈએ રક્ષણાત્મક હરોળને ભેદીને સચોટ નિશાન સાધીને ગોલ કર્યો હતો. આ ગોલ બાદ જર્મન ટીમે સ્કોર સરભર કરવાના અનેક પ્રયત્નો કર્યા હતા, પરંતુ ભારતની મજબૂત રક્ષણાત્મક દિવાલે તેમને સફળ થવા દીધા નહોતા.

### રક્ષણાત્મક રમત અને વ્યૂહરચના

ભારતીય ગોલકીપર અને ડિફેન્ડર્સનું પ્રદર્શન પણ આ મેચમાં પ્રશંસનીય રહ્યું હતું. ખાસ કરીને બીજા હાફમાં જ્યારે હર્થ બીએસસીની ટીમે આક્રમણ વધાર્યું હતું, ત્યારે ભારતીય ખેલાડીઓએ અત્યંત સંયમ સાથે બોલ પર નિયંત્રણ જાળવ્યું હતું. કોચ દ્વારા ઘડવામાં આવેલી વ્યૂહરચના મુજબ, ટીમે કાઉન્ટર એટેક પર ભાર મૂક્યો હતો જેના કારણે જર્મન ટીમ પર દબાણ જળવાઈ રહ્યું હતું.

### ફૂટબોલ જગતમાં ભારતનો વધતો પ્રભાવ

આ વિજય માત્ર એક મૈત્રીપૂર્ણ મેચની જીત નથી, પરંતુ ભારતીય મહિલા ફૂટબોલ માટે એક મોટું સીમાચિહ્ન છે.

### ડ્રીમ સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપ ટેબલ ટેનિસમાં રોમાંચક જંગ જારી

# ચેન્નાઈ ટેબલ ટેનિસ સ્પર્ધામાં પાંચ સેટના રસાકસીભર્યા મુકાબલા



(એજન્સી) નવી દિલ્હી । તા. 03

તમિલનાડુની રાજધાની ચેન્નાઈમાં રમાઈ રહેલી ડ્રીમ સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપ ટેબલ ટેનિસ (અંડર-15) ના ત્રીજા દિવસે ભારે રસાકસી જોવા મળી હતી. TNPESU ખાતે રમાઈ રહેલી આ ટુર્નામેન્ટમાં લીગ સ્ટેજ દરમિયાન પાંચ સેટના રોમાંચક મુકાબલા અને સીધી ગેમમાં વિજયી પ્રદર્શનનું મિશ્રણ જોવા મળ્યું હતું. છોકરાઓ અને છોકરીઓ એમ બંને શ્રેણીમાં યુવા ખેલાડીઓએ પોતાના કૌશલ્યનો પરચો આપ્યો હતો, જેના કારણે આગામી રાઉન્ડમાં પહોંચવાની હોડ વધુ તેજ બની છે. છોકરાઓની શ્રેણીમાં રસાકસીભર્યા મુકાબલા છોકરાઓની સિનાઈ કારો ચંદને એમ. સિદ્ધાંત સામે પાંચ સેટના સંઘર્ષ બાદ ૧૬-૧૪ થી વિજય મેળવ્યો હતો. જોકે, ત્યારબાદ પટ્ટેકર નિલયે સિનાઈ કારો ચંદનને હરાવીને ઉલટફેર સર્જ્યો હતો. ગુપ્તા શૌર્યએ પણ શાનદાર વાપસી કરીને સાહની આરવને ૩-૨ થી હરાવ્યો હતો. બીજી તરફ, આદિત્ય, ભટ્ટ દેવ અને રાજવેલુ આકાશે શાનદાર રમત રમીને ૩-૦ ના સ્કોર સાથે વિરોધી ખેલાડીઓ પર પ્રભુત્વ મેળવ્યું હતું. કુમાર હાર્દિક અને બિશ્વાસ રાજદીપે પણ પોતપોતાની મેચો જીતીને પોઈન્ટ ટેબલમાં મહત્વનું સ્થાન મેળવ્યું છે. છોકરીઓની શ્રેણીમાં જોવા મળ્યો દબદબો કન્યાઓની શ્રેણીમાં અક્ષિતા મહાતોએ અદભૂત લડત આપી હતી.

### ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ઓસ્ટ્રેલિયા ટીમમાં બે મોટા ફેરફારો

# પેટ કમિન્સ વર્લ્ડ કપમાંથી બહાર ઓસ્ટ્રેલિયાને લાગ્યો મોટો ઝટકો



(એજન્સી) નવી દિલ્હી । તા. 03

આગામી ૭ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ પૂર્વે ઓસ્ટ્રેલિયન ટીમને મોટો ઝટકો લાગ્યો છે. ટીમના સ્ટાર ફાસ્ટ બોલર અને ટેસ્ટ-વનડે કેપ્ટન પેટ કમિન્સ આ મહત્વની ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે. પેટ કમિન્સ વર્લ્ડ કપમાંથી બહાર થવાનું મુખ્ય કારણ તેમની પીઠની ઈજા છે, જે લાંબા સમયથી તેમને પરેશાન કરી રહી છે. કમિન્સે પોતે સ્વીકાર્યું છે કે આ ખરેખર 'કમનસીબ' છે કારણ કે તેઓ ટીમમાં જોડાવા માટે ખૂબ જ ઉત્સુક હતા. રિકવરીમાં વિલંબ અને સમયની અછત કમિન્સે જણાવ્યું હતું કે એડિલેડ એશિઝ ટેસ્ટ બાદ ડોક્ટરોએ અંદાજે ચારથી આઠ અઠવાડિયાનો આરામ સૂચવ્યો હતો. શરૂઆતમાં રિકવરી સારી જણાતી હતી, પરંતુ તાજેતરના ફોલો-અપ સ્કેનમાં જાણવા મળ્યું કે હાડકાને સંપૂર્ણ રીતે સેટ થવા માટે હજુ થોડા વધુ અઠવાડિયાની જરૂર છે. ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ઓસ્ટ્રેલિયા ટીમ માટેની સમયમર્યાદા ખૂબ જ ટૂંકી હોવાથી તેમણે ટુર્નામેન્ટમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે. કમિન્સના સ્થાને ડાબોડી ફાસ્ટ બોલર બેન ડ્વારશુઈસનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ટેસ્ટ ક્રિકેટ અને આઈપીએલ પર ધ્યાન કમિન્સની પીઠની ઈજા અને ક્રિકેટ કેરિયરને ધ્યાનમાં રાખીને ઓસ્ટ્રેલિયન મેનેજમેન્ટે આ વર્ષના ઉત્તરાર્ધમાં આવનારા વ્યસ્ત ટેસ્ટ શિડ્યુલને પ્રાધાન્ય આપ્યું છે.

### ટી20 // શાહરૂખ ખાને કેમ્પેઇન ગજવ્યું, ટી20 વર્લ્ડ કપનો રોમાંચ વધ્યો

# હ્યુન્ડાઈ અને આઈસીસી વચ્ચે ક્રિકેટનો જંગ જામશે

(એજન્સી) ગુરુગ્રામ । તા. 03

આગામી આઈસીસી મેન્સ ટી20 વર્લ્ડ કપ 2026 ને લઈને સમગ્ર દેશમાં ક્રિકેટનો તાવ ચઢ્યો છે ત્યારે હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા લિમિટેડ (HMIL) એ ક્રિકેટ પ્રત્યેના ભારતના અદમ્ય ઉત્સાહને વધાવવા માટે એક ભવ્ય રાષ્ટ્રવ્યાપી બ્રાન્ડ કેમ્પેઈન "દીવાને ઈન્ડિયા કા દીવાના હમસફર" લોન્ચ કર્યું છે. આ અભિયાન દ્વારા હ્યુન્ડાઈ રમતગમત અને ગતિશીલતાને એક નવા સ્તરે લઈ જઈ રહી છે, જેમાં બોલિવૂડના બાદશાહ શાહરૂખ ખાન મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

### એસઆરકે અને 90ના દાયકાની જૂની યાદોનો સંગમ

આ કેમ્પેઈનનું મુખ્ય આકર્ષણ પ્રખ્યાત ફિલ્મ નિર્માતા વાસન બાલા દ્વારા નિર્દેશિત બ્રાન્ડ ફિલ્મ છે. આ ફિલ્મમાં શાહરૂખ ખાનની કલ્ટ ક્લાસિક ફિલ્મ 'પરદેશ'ના લોકપ્રિય ગીત "યે દિલ દીવાના" ને આધુનિક અંદાજમાં રજૂ કરવામાં આવ્યું છે. આ ફિલ્મ



એ દર્શાવે છે કે ભારત માત્ર ક્રિકેટ જોતું નથી પરંતુ તેને જીવે છે. હ્યુન્ડાઈ છેલ્લા ત્રણ દાયકાથી ભારતીય ગ્રાહકોના જીવનમાં એક વિશ્વાસુ સાથી તરીકે રહી છે, તે જ લાગણીને આ ફિલ્મમાં વણી લેવામાં આવી છે.

### 'ક્રિકેટ કા સબસે બડા દીવાના' સ્પર્ધાની જાહેરાત

ક્રિકેટ ચાહકોને સીધા જોડવા માટે હ્યુન્ડાઈએ 'ક્રિકેટ કા સબસે બડા દીવાના' યુઝર જનરેટેડ કોન્ટેસ્ટ (UGC) શરૂ કરી છે. આ સ્પર્ધા ૨ ફેબ્રુઆરીથી ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ચાલશે. ચાહકો ઈન્સ્ટાગ્રામ પર @hyundaiindia ને ટેગ કરીને અને હેશટેગનો ઉપયોગ કરીને પોતાના ફોટા કે વીડિયો શેર કરી શકે છે. નસીબદાર વિજેતાઓને ટી20 વર્લ્ડ કપની મેચ જોવા માટે સંપૂર્ણ ખર્ચ ચૂકવેલી સફર જીતવાની સુવર્ણ તક મળશે.

હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયાના એમડી અને સીઈઓ તરુણ ગર્ગે જણાવ્યું હતું કે, "ભારતમાં ક્રિકેટ એ વિશ્વાસ અને આકાંક્ષાનું પ્રતીક છે. આ કેમ્પેઈન દ્વારા અમે મેદાન પર અને મેદાનની બહારના ક્રિકેટના જુસ્સાની ઉજવણી કરવા માંગીએ છીએ." હ્યુન્ડાઈએ દેશભરમાં તેની ડીલરશીપ પર ટેસ્ટ ડ્રાઈવ કેમ્પેઈન પણ શરૂ કર્યું છે. જે ગ્રાહકો હ્યુન્ડાઈની કારની ટેસ્ટ ડ્રાઈવ લેશે તેમને વર્લ્ડ કપની ટિકિટ જીતવાની તક મળી શકે છે. આ ઉપરાંત, મુંબઈ, બેંગલુરુ અને ગુરુગ્રામમાં 'હ્યુન્ડાઈ ટ્રોફી કનેક્ટ' દ્વારા ચાહકોને અસલી વર્લ્ડ કપ ટ્રોફી નજીકથી જોવાની તક પણ આપવામાં આવી હતી.

### સ્ટેડિયમમાં પણ જોવા મળશે હ્યુન્ડાઈનો જલવો

ટુર્નામેન્ટ દરમિયાન સ્ટેડિયમમાં પણ હ્યુન્ડાઈ દ્વારા અનેક આકર્ષક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. જીઓસ્ટાર કનેક્ટેડ ટીવી પર હ્યુન્ડાઈ આ મેગા ઈવેન્ટનું સહ-સંચાલિત પ્રસ્તુતકર્તા પણ છે. આ ૩૬૦-ડિગ્રી કેમ્પેઈન ટીવી, ડિજિટલ અને રેડિયો પ્લેટફોર્મ પર ધૂમ મચાવશે.

### પુણે ગ્રાન્ડ ટૂરનો ધમાકેદાર પ્રારંભ બ્રાઉનિંગ વિજેતા

# રણજી ટ્રોફી ક્વાર્ટર ફાઈનલ મુંબઈ ટીમ: યશસ્વી જયસ્વાલની એન્ટ્રી

(એજન્સી) મુંબઈ । તા. 03

રણજી ટ્રોફી ૨૦૨૫-૨૬ ના નોકઆઉટ તબક્કાનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે ૪૨ વખતની ચેમ્પિયન મુંબઈની ટીમે કર્ણાટક સામેની મહત્વની ક્વાર્ટર ફાઈનલ મેચ માટે શક્તિશાળી ટીમની જાહેરાત કરી છે. રણજી ટ્રોફી ક્વાર્ટર ફાઈનલ મુંબઈ ટીમમાં ભારતીય સ્ટાર ઓપનર યશસ્વી જયસ્વાલ અને ઓલરાઉન્ડર શાર્દુલ ઠાકુરનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખાસ વાત એ છે કે, ઈજામાંથી મુક્ત થઈને પરત ફરી રહેલા શાર્દુલ ઠાકુરને ટીમની કમાન સોંપવામાં આવી છે. ૬ ફેબ્રુઆરીથી મુંબઈના મેદાન પર શરૂ થનારો આ મુકાબલો રસાકસીભર્યો રહેવાની આશા છે.



શાર્દુલની વાપસી અને યશસ્વીનું ફોર્મ શાર્દુલ ઠાકુર વિજય હઝારે ટ્રોફી દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો, પરંતુ હવે તે સંપૂર્ણ ફિટ થઈને મેદાનમાં પરત ફર્યો છે. બીજી તરફ, યશસ્વી જયસ્વાલ જેણે તાજેતરમાં દક્ષિણ આફ્રિકા સામે શાનદાર વનડે સદી ફટકારી હતી, તેણે મુંબઈ માટે રમવાની તૈયારી દર્શાવી છે. યશસ્વીનો ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં રેકોર્ડ શાનદાર છે, તેણે ૨૧ ઈનિંગ્સમાં ૬૦.૩૩ની એવરેજથી ૧,૦૮૬ રન બનાવ્યા છે. મુંબઈ વિરુદ્ધ કર્ણાટક ક્રિકેટ જંગમાં યશસ્વીની બેટિંગ મુંબઈ માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ શકે છે.

સરફરાઝ અને મુશીર ખાનનું આક્રમણ રણજી ટ્રોફી ક્વાર્ટર ફાઈનલ મુંબઈ ટીમમાં ખાન બ્રધર્સ - સરફરાઝ ખાન અને મુશીર ખાન - પર પણ સૌની નજર રહેશે. આ ઉપરાંત, ટીમમાં શમ્સ મુલાની અને તનુષ કોટિયન જેવા અનુભવી ખેલાડીઓ પણ છે જે બોલિંગ અને બેટિંગ બંનેમાં મજબૂત પકડ ધરાવે છે. તુષાર દેશપાંડે અને મોહિત અવસ્થી ફાસ્ટ બોલિંગ વિભાગની જવાબદારી સંભાળશે.


### મિડલ ઈસ્ટમાં હુમલાનો ભય વધ્યો, અમેરિકાની તૈયારીઓ હજુ અધૂરી

# શું અમેરિકા ઈરાન સામે યુદ્ધ કરતા ડરી રહ્યું છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 03

પશ્ચિમ એશિયામાં ફરી એકવાર મહાયુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ તેની ચરમસીમાએ પહોંચ્યો છે, પરંતુ તાજેતરના અહેવાલો મુજબ અમેરિકા એક ખાસ ડરને કારણે ઈરાન પર સીધો સૈન્ય હુમલો કરવાનું ટાળી રહ્યું છે. વેનેઝુએલાના પ્રમુખ માદુરોની ધરપકડ બાદ ઉત્સાહમાં આવેલું અમેરિકા હવે ઈરાન મામલે ખૂબ જ સાવચેતીપૂર્વક ડગલાં ભરી રહ્યું છે, કારણ કે આ વખતે મામલો સમગ્ર મિડલ ઈસ્ટ અને ઈઝરાયલની સુરક્ષા સાથે સીધો જોડાયેલો છે.

મીડિયા અહેવાલ મુજબ, અમેરિકા હાલમાં ઈરાન પર હવાઈ હુમલો કરવા માટે સંપૂર્ણ રીતે સજ્જ નથી. એક પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સમાચાર સંસ્થાના અહેવાલ અનુસાર, જો અમેરિકા અત્યારે હુમલો કરે તો ઈરાન વળતો પ્રહાર કરી શકે છે. આ સંભવિત વળતા હુમલાથી ઈઝરાયલ અને આરબ





દેશોમાં રહેલા અમેરિકાના સૈન્ય મથકોને બચાવવા માટે પૂરતી એર ડિફેન્સ સિસ્ટમ હાલ ઉપલબ્ધ નથી. પેન્ટાગોન હાલમાં જૉર્ડન, કુવૈત અને સાઉદી અરેબિયા જેવા દેશોમાં સંરક્ષણ કવચ મજબૂત કરવામાં વ્યસ્ત છે.

### નૌસેનાની તૈનાતી અને યુદ્ધની અટકળો

ગયા સપ્તાહે અમેરિકાએ તેની નૌસેનાનું શક્તિશાળી જહાજ 'અબ્રાહમ લિન્ક' અને અન્ય જંગી જહાજો મિડલ ઈસ્ટના દરિયામાં ઉતાર્યા હતા. આ હિલચાલ બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે એવી ચર્ચા જાગી હતી કે અમેરિકા ગમે ત્યારે ઈરાનની પરમાણુ સુવિધાઓ પર ત્રાટકશે. જોકે, સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જ્યાં સુધી સાથી દેશોની સુરક્ષાની 100% ખાતરી ન થાય ત્યાં સુધી વ્હાઈટ હાઉસ હુમલા માટે લીલી ઝંડી નહીં આપે.

### રશિયા અને ખામેનેઈની સખત ચેતવણી

ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લા ખામેનેઈએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો અમેરિકા કોઈ ભૂલ કરશે તો 'પ્રાદેશિક યુદ્ધ' ફાટી નીકળશે. બીજી તરફ, રશિયાએ પણ આ મામલે ઝંપલાવતા કહ્યું છે કે ઈરાન પર કોઈપણ હુમલો સમગ્ર વિશ્વમાં અરાજકતા પેદા કરી શકે છે. આ રણનીતિક દબાણને કારણે પણ અમેરિકા અત્યારે સીધા સૈન્ય સંઘર્ષને બદલે અન્ય વિકલ્પો વિચારી રહ્યું હોય તેમ જણાય છે.

### શું વાટાઘાટોથી આવશે ઉકેલ?

તાજેતરના એક આશ્ચર્યજનક અહેવાલ મુજબ, પડદા પાછળ સમાધાનના પ્રયાસો પણ તેજ બન્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર તુર્કીયેમાં ઈરાનના વિદેશ મંત્રી સાથે મુલાકાત કરે તેવી પૂરેપૂરી સંભાવના છે. આ બેઠકમાં કતાર અને ઈજિપ્તના અધિકારીઓ મધ્યસ્થી તરીકે જોડાઈ શકે છે. શું આ વાટાઘાટો સફળ થશે કે પછી મિડલ ઈસ્ટ ફરી એકવાર લોહીયાળ જંગ તરફ ધકેલાશે, તેના પર અત્યારે સમગ્ર વિશ્વની મીટ મંડાયેલી છે.

### આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક આદાનપ્રદાન દ્વારા કલાનો વિકાસ

## બ્રિક્સ દેશોના યુવા કલાકારો માટે સુવર્ણ તક

(એજન્સી) મોસ્કો । તા. 03

રશિયાની રાજધાની મોસ્કો વર્ષ ૨૦૨૬માં ફરી એકવાર બ્રિક્સ પ્લસ (BRICS+) રાષ્ટ્રોના યુવા કલાકારોના કૌશલ્યથી ગુંજી ઉઠશે. 'ઈન્ટેરશિયા થિયેટર આર્ટ્સ ફેલોશિપ' અંતર્ગત ઉભરતા કલાકારો માટે એક વિશેષ સાંસ્કૃતિક અને શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પહેલનો મુખ્ય હેતુ પરફોર્મિંગ આર્ટ્સ ક્ષેત્રે નવી પ્રતિભાઓને પ્રોત્સાહન આપવાનો અને વિવિધ દેશો વચ્ચે કલાના માધ્યમથી સંબંધો મજબૂત કરવાનો છે. મીડિયા અહેવાલ મુજબ, આ કાર્યક્રમ રશિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ થિયેટર આર્ટસ (GITIS) દ્વારા ગોરચાકોવ ફંડ અને ટીવી બ્રિક્સના સહયોગથી ચલાવવામાં આવશે.

રશિયન નાટ્ય પરંપરાનો જીવંત અનુભવ આગામી ૨૪ ઓગસ્ટથી ૩ ઓક્ટોબર દરમિયાન યોજાનારા આ કોર્સમાં નાટ્ય અને ફિલ્મ સંસ્થાઓના વિદ્યાર્થીઓ તેમજ પ્રોફેશનલ કલાકારો ભાગ લઈ શકશે. સહભાગીઓને રશિયાની ભવ્ય નાટ્ય પરંપરાઓ અને આધુનિક પદ્ધતિઓ વિશે ઊંડાણપૂર્વક સમજવાની તક મળશે. નિષ્ણાતો દ્વારા અહીં અભિનય તકનીક, સ્ટેજ મૂવમેન્ટ અને સ્પીચ પર વર્કશોપ લેવામાં આવશે. આ ઉપરાંત, કલાકારોને મોસ્કોના વિખ્યાત થિયેટરોમાં પ્રદર્શન નિહાળવાની અને જાણીતા સાંસ્કૃતિક મહાનુભાવો સાથે સંવાદ કરવાની અમૂલ્ય તક પ્રાપ્ત થશે. રશિયાની પ્રસિદ્ધ મનોવૈજ્ઞાનિક અભિનય પદ્ધતિઓ શીખવી એ કોઈપણ કલાકાર માટે ગૌરવની વાત ગણાય છે.

વૈશ્વિક કલા મંચ પર ભારતનું પ્રતિનિધિત્વ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ ફેલોશિપમાં ભારત, બ્રાઝિલ, ચીન અને દક્ષિણ આફ્રિકા જેવા દેશોના કલાકારો ભાગ લેતા આવ્યા છે. વર્ષ ૨૦૨૧માં શરૂ થયેલા આ કાર્યક્રમે અત્યાર સુધીમાં ૭૦થી વધુ દેશોના ૫૦૦ થી વધુ કલાકારોને પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. ૨૦૨૬માં આ કાર્યક્રમ તેની પાંચમી વર્ષગાંઠની ઉજવણી કરશે.

## ન્યૂઝ બ્રીફ

### વિકસિત ભારત ૨૦૪૭ વિઝન યુએન સત્રમાં ભારતનો હુંકાર



ન્યૂયોર્ક | સંયુક્ત રાષ્ટ્ર (UN) ના મંચ પર ભારતે ફરી એકવાર પોતાની વૈશ્વિક તાકાતનો પરિચય કરાવ્યો છે. સામાજિક વિકાસ પંચના ૬૪માં સત્રમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહેલા કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ રાજ્ય મંત્રી સાવિત્રી ઠાકુરે ભારતના 'વિકસિત ભારત ૨૦૪૭ વિઝન' અંગે વિસ્તૃત રજૂઆત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારતનો વિકાસ માત્ર આર્થિક નથી, પરંતુ તે 'સબકા સાથ, સબકા વિકાસ' ના મંત્ર સાથે સર્વાંગી વિકાસ અને સામાજિક ન્યાય પર આધારિત છે. છેવાડાના માનવી સુધી પહોંચાડતી સેવાઓ કેન્દ્રીય મંત્રીએ તેમના સંબોધનમાં ભારત સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ પર પ્રકાશ પાડ્યો હતો.

### તિબેટમાં ભૂકંપના આંચકા ૩.૨ની તીવ્રતાથી ધરા ધ્રુજી

છીછરા ભૂકંપની તીવ્ર અસરો અને આફ્ટરશોક્સનું જોખમ ઈન્ડિયન અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટ્સ વચ્ચેનો સંઘર્ષ તિબેટ: મંગળવારે સવારે તિબેટમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી (NCS) ના જણાવ્યા અનુસાર, રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૩.૨ નોંધવામાં આવી છે. ભારતીય સમય મુજબ સવારે ૧૦:૧૭ વાગ્યે આ ભૂકંપ આવ્યો હતો, જેનું કેન્દ્રબિંદુ જમીનથી માત્ર ૧૦ કિમીની ઊંડાઈએ સ્થિત હતું. આટલી ઓછી ઊંડાઈએ ભૂકંપ આવવાને કારણે આફ્ટરશોક્સ (પશ્ચાત આંચકા) આવવાની શક્યતા વધી જાય છે, જે સ્થાનિક વસ્તી માટે ચિંતાનો વિષય છે. હિમાલયની પર્વતમાળાઓનું રહસ્ય તિબેટનો ઉચ્ચપ્રદેશ ઈન્ડિયન ટેક્ટોનિક પ્લેટ અને યુરેશિયન પ્લેટ વચ્ચેના ભીષણ ટકરાવનું પરિણામ છે.

### ઈમરાન ખાનની હોસ્પિટલ બદલી મધરાતે કરાતા હોબાળો મચ્યો



પેશાવર | પાકિસ્તાનના રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવ્યો છે. રાવલપિંડીની અડિયાલા જેલમાં બંધ પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના સ્થાપક અને પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને મધરાતે અચાનક ઈસ્લામાબાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવતા મોટો વિવાદ સર્જાયો છે. ખૈબર પખ્તૂનખ્વા વિધાનસભામાં સત્તાધારી પક્ષના ધારાસભ્યોએ આ કાર્યવાહીની કડક શબ્દોમાં ટીકા કરી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે ઈમરાન ખાનની હોસ્પિટલ બદલી વિશે તેમના પરિવાર કે પક્ષના નેતૃત્વને જાણ સુદ્ધાં કરવામાં આવી ન હતી, જે અત્યંત જોખમી અને ગેરકાયદેસર છે.

### અમેરિકાના લાખો કામદારો, ખેડૂતો અને ઉદ્યોગો માટે સમૃદ્ધિના નવા દ્વાર ખોલનારી એક મોટી સિદ્ધિ

# ભારત અમેરિકા વચ્ચે ઐતિહાસિક વ્યાપારિક કરાર સંપન્ન, વ્હાઈટ હાઉસ દ્વારા મોટી જાહેરાત

(એજન્સી) વોશિંગ્ટન । તા. 03


વિશ્વના બે સૌથી મોટા લોકશાહી દેશો, ભારત અને અમેરિકાએ આજે વ્યાપારિક ક્ષેત્રે એક નવા અધ્યાયની શરૂઆત કરી છે. વ્હાઈટ હાઉસના નાયબ પ્રેસ સચિવ કુશ દેસાઈએ ભારત અને અમેરિકા વચ્ચે થયેલા વ્યાપારિક કરારને 'ઐતિહાસિક વિજય' ગણાવ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે આ કરાર માત્ર બે દેશો વચ્ચેનો દસ્તાવેજ નથી, પરંતુ અમેરિકાના લાખો કામદારો, ખેડૂતો અને ઉદ્યોગો માટે સમૃદ્ધિના નવા દ્વાર ખોલનારી એક મોટી સિદ્ધિ છે.

વ્હાઈટ હાઉસના નાયબ પ્રેસ સચિવ કુશ દેસાઈએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "ડીલમેકર ઈન ચીફ (પ્રમુખ ટ્રમ્પ) એ એક અબજથી વધુ વસ્તી ધરાવતા અને વિશ્વના ટોચના પાંચ અર્થતંત્રમાં સ્થાન પામતા ઝડપથી વિકસતા દેશ સાથે વ્યાપારિક સમજૂતી કરી છે." આ કરારથી અમેરિકાના મેન્યુફેક્ચરિંગ સેક્ટરને ભારે વેગ મળવાની અપેક્ષા છે.

### પાકિસ્તાન પછડાયું અને ભારતનો દબદબો વધ્યો

રસપ્રદ વાત એ છે કે આ નવા કરાર મુજબ ભારતને અમેરિકા સાથેના વેપારમાં પાકિસ્તાન કરતા ઓછા ટેરિફ (કર) દરોનો લાભ મળશે. ૩૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ પ્રમુખ ટ્રમ્પ દ્વારા જારી કરાયેલા એક્ઝિક્યુટિવ ઓર્ડર મુજબ પાકિસ્તાન માટે ૧૯ ટકાના નવા ટેરિફ દરો જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે ભારત સાથેના આ કરાર બાદ બંને દેશોના અર્થતંત્રને મોટી રાહત મળી છે. ભારતના રાજદૂત વિનય મોહન ક્વાત્રાએ પણ આ કરારને વધાવતા કહ્યું હતું કે, પીએમ મોદી અને પ્રમુખ ટ્રમ્પના નેતૃત્વમાં આ ભાગીદારી હવે એક અત્યંત રોમાંચક તબક્કામાં પ્રવેશી રહી છે.

આ કરારની અમલવારીના ભાગરૂપે ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર આજે વોશિંગ્ટનમાં અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે મહત્વની મુલાકાત કરશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ બેઠક અમેરિકી સમય અનુસાર બપોરે ૩:૩૦ વાગ્યે યોજાશે. જયશંકર હાલ અમેરિકાની ત્રણ



દિવસની મુલાકાતે છે, જ્યાં તેઓ ૪ ફેબ્રુઆરીના રોજ 'ક્રિટિકલ મિનરલ્સ મિનિસ્ટરિયલ' બેઠકમાં પણ ભાગ લેવાના છે.

### ભવિષ્યની નવી તકો

આ વ્યાપારિક સમજૂતીથી ભારતની ટેકનોલોજી, ફાર્માસ્યુટિકલ અને કૃષિ પેદાશો માટે અમેરિકાનું બજાર વધુ સુલભ બનશે. સામે પક્ષે અમેરિકી કંપનીઓ માટે ભારતના વિશાળ ગ્રાહક વર્ગ સુધી પહોંચવું સરળ બનશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ, આ સહયોગથી ક્રિટિકલ મિનરલ્સ (જરૂરી ખનિજો) ની સપ્લાય ચેઈનને મજબૂત કરવા માટે પણ બંને દેશો સાથે મળીને કામ કરશે.

### ઇન્ડિયા ગેટ અને ટ્રમ્પની પોસ્ટ સુંદરતાના વખાણ સાથે પડકાર

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હંમેશા કંઈક 'વિશાળ' અને 'ભવ્ય' કરવા માટે જાણીતા છે. સોમવારે તેમણે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર ભારતની આન-બાન અને શાન સમાન નવી દિલ્હીના ઈન્ડિયા ગેટની તસવીર શેર કરી હતી. આ પોસ્ટમાં તેમણે ૧૯૨૧ના ઐતિહાસિક યુદ્ધ સ્મારકના વખાણ કરતા લખ્યું કે, "ભારતનું સ્થાપત્ય સુંદર છે, પરંતુ આપણું સ્મારક આનાથી પણ મહાન હશે." ઈન્ડિયા ગેટ અને ટ્રમ્પની પોસ્ટ હવે સોશિયલ મીડિયા પર જોરદાર ચર્ચા જગાવી રહી છે. વોશિંગ્ટન ડી.સી.માં વિજય સ્મારકની ખોટ ડોનાલ્ડ ટ્રમ્પના મતે, વિશ્વના ૫૭ મુખ્ય શહેરોમાં યુદ્ધ વિજય કે રાષ્ટ્રીય સિદ્ધિના પ્રતીક સમાન સ્મારકો (Arches) છે, પરંતુ વોશિંગ્ટન ડી.સી. એકમાત્ર એવી રાજધાની છે જ્યાં આવું કોઈ ભવ્ય સ્થાપત્ય નથી.



મીડિયા અહેવાલ મુજબ, ટ્રમ્પે એરફોર્સ વનમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન તર્ક આપ્યો હતો કે અમેરિકા વિશ્વની સૌથી મોટી શક્તિ હોવા છતાં તેની રાજધાનીમાં કોઈ 'વિક્ટરી આર્ચ' નથી. તેઓ ઈચ્છે છે કે ૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ અમેરિકાની ૨૫૦મી વર્ષગાઠની ઉજવણી નિમિત્તે વોશિંગ્ટનમાં વિશ્વનું સૌથી વિશાળ સ્મારક તૈયાર હોય.

### અંતરિક્ષમાં એઆઈ ડેટા સેન્ટર સ્થાપવાની યોજના

## સ્પેસએક્સ, XAI વિલીનીકરણ મસ્કનું ઐતિહાસિક પગલું



(એજન્સી) ટેક્સાસ । તા. 03

ટેક જગતના માંધાતા એલોન મસ્કે ફરી એકવાર વિશ્વને ચોંકાવી દીધું છે. મસ્કની અવકાશ સંશોધન કંપની 'સ્પેસએક્સ' એ હવે તેમના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સ્ટાર્ટ-અપ 'xAI' નું સંપાદન કરી લીધું છે. આ વિલીનીકરણ બાદ બનનારી સંયુક્ત કંપનીનું મૂલ્ય અંદાજે ૧.૨૫ ટ્રિલિયન ડોલર આંકવામાં આવ્યું છે. મસ્કના જણાવ્યા મુજબ, સ્પેસએક્સ અને એક્સએઆઈ વિલીનીકરણ એ માત્ર એક વ્યાપારી સોદો નથી, પરંતુ એક એવું 'ઈનોવેશન એન્જિન' છે જે એઆઈ, રોકેટ વિજ્ઞાન, સેટેલાઈટ ઈન્ટરનેટ અને મીડિયાને એક જ છત નીચે લાવશે.

અંતરિક્ષમાં ડેટા સેન્ટર અને સસ્તું કોમ્પ્યુટિંગ આ વિલીનીકરણ પાછળ મસ્કનો હેતુ અત્યંત દૂરંદેશી છે. સ્પેસએક્સ હવે અંતરિક્ષમાં સોલાર એનર્જીથી ચાલતા એઆઈ ડેટા સેન્ટર સ્થાપવાની યોજના ધરાવે છે. મસ્કનું માનવું છે કે આગામી ૨ થી ૩ વર્ષમાં એઆઈ પ્રોસેસિંગ માટે અંતરિક્ષ સૌથી સસ્તું માધ્યમ બની જશે. મીડિયા અહેવાલ મુજબ, સ્પેસએક્સે અમેરિકાના ફેડરલ કોમ્યુનિકેશન કમિશન (FCC) પાસે ૧૦ લાખ સેટેલાઈટ લોન્ચ કરવાની મંજૂરી માંગી છે, જે કક્ષામાં રહીને ડેટા પ્રોસેસિંગ કરશે અને એઆઈ મોડલ્સને અતુલનીય ઝડપ આપશે.

વૈશ્વિક ક્રાંતિ અને આઈપીઓ (IPO) ની તૈયારી સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, સ્પેસએક્સ આ વર્ષના અંત સુધીમાં પોતાનો આઈપીઓ (IPO) લાવવાની તૈયારી કરી રહ્યું છે, જે રોકાણકારો માટે મોટી તક સાબિત થઈ શકે છે. જોકે, xAI ના મુખ્ય ઉત્પાદન 'ગ્રોક' (Grok) સામે યુરોપિયન યુનિયનમાં તપાસ ચાલી રહી છે, પરંતુ મસ્ક આ અવરોધોને અવગણીને બ્રહ્માંડને સમજવા અને ચેતનાના પ્રકાશને તારાઓ સુધી પહોંચાડવાના મિશન પર આગળ વધી રહ્યા છે.

## ઈરાન ક્રાંતિ વૈશ્વિક આંદોલન 14 ફેબ્રુઆરીએ દુનિયા ગુંજશે

(એજન્સી) પેરિસ । તા. 03

ઈરાનના દેશનિકાલ કરાયેલા ક્રાઉન પ્રિન્સ (શાહજાદા) રેઝા પહલવીએ ઈરાનની વર્તમાન સરકાર વિરુદ્ધ નિર્ણાયક જંગનું એલાન કર્યું છે. તેમણે ૧૪ ફેબ્રુઆરીને 'ઈરાન ક્રાંતિ વૈશ્વિક આંદોલન' તરીકે ઉજવવાની અને વિશ્વભરમાં વસતા ઈરાનીઓને રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શન કરવાની હાકલ કરી છે. પહલવીએ આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ છ મુખ્ય માંગણીઓ મૂકી છે, જેમાં ઈરાની શાસનના રાજદ્વારીઓને હાંકી કાઢવા, રાજકીય કેદીઓને મુક્ત કરવા અને લોકશાહી તરફ દોરી જતી વચગાળાની સરકારને માન્યતા આપવાનો સમાવેશ થાય છે.

ટ્રમ્પની ચેતવણી અને યુદ્ધના ભણકારા એક તરફ ઈરાનની અંદર જનતાનો રોષ ચરમસીમાએ છે, તો બીજી તરફ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ચેતવણીએ તેહરાનની ઉંઘ હરામ કરી



દીધી છે. ટ્રમ્પે જણાવ્યું છે કે અમેરિકાના અત્યંત શક્તિશાળી યુદ્ધ જહાજો મિડલ ઈસ્ટ તરફ રવાના થઈ ચૂક્યા છે. જો આગામી થોડા દિવસોમાં પરમાણુ કરાર અને વાટાઘાટો અંગે કોઈ સચોટ ઉકેલ નહીં આવે, તો ઈરાને ગંભીર પરિણામો ભોગવવા પડશે. ટ્રમ્પના 'મદદ આવી રહી છે' તેવા નિવેદનથી ઈરાનના પ્રદર્શનકારીઓમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## તાઈવાન સરહદે ચીની સૈન્ય તૈનાત જળ અને આકાશમાં હલચલ વધી

તાઈપેઈ | પૂર્વ એશિયામાં દરિયાઈ સીમાઓ પર ફરી એકવાર યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે મંગળવારે સવારે ૬ વાગ્યા સુધીમાં તાઈવાન ટાપુની આસપાસ ચીની સેનાના બે યુદ્ધ વિમાનો અને છ નૌકાદળના જહાજોની હાજરી શોધી કાઢી છે. આ હિલચાલ માત્ર સામાન્ય પેટ્રોલિંગ નથી, પરંતુ ચીની વિમાનોએ મધ્યરેખા ઓળંગીને તાઈવાનના ઉત્તરી અને દક્ષિણ-પશ્ચિમ એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન (ADIZ) માં પ્રવેશ કર્યો છે. તાઈવાન સરહદે ચીની સૈન્યની આ સતત વધતી ગતિવિધિઓને પગલે તાઈવાનના સશસ્ત્ર દળો હાઈ એલર્ટ પર મુકાયા છે. દક્ષિણ કોરિયા અને જાપાન વચ્ચે વ્યૂહાત્મક જોડાણ ચીન અને ઉત્તર કોરિયા તરફથી વધી રહેલા સુરક્ષા જોખમોને ધ્યાનમાં રાખીને, દક્ષિણ કોરિયા અને જાપાને નવ વર્ષ બાદ ફરીથી દ્વિપક્ષીય નૌકાદળ સંશોધન અને બચાવ અભ્યાસ શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

## બલૂચિસ્તાનમાં સામૂહિક સજાની ધમકી મુખ્યમંત્રીના નિવેદનથી રોષ

### માનવ અધિકાર ઉલ્લંઘન અહેવાલ અને બીએએસસીની લાલ આંખ

(એજન્સી) લંડન । તા. 03

પાકિસ્તાન શાસિત બલૂચિસ્તાનમાં માનવ અધિકારોની સ્થિતિ વધુ વણસી રહી છે. તાજેતરમાં બલૂચિસ્તાનના મુખ્યમંત્રી સરફરાઝ બુગતીએ બલૂચ સશસ્ત્ર વિદ્રોહમાં સામેલ વ્યક્તિઓના પરિવારોને જાહેરમાં 'સામૂહિક સજા' કરવાની ધમકી આપતા ખળભળાટ મચી ગયો છે. લંડન સ્થિત 'બલૂચ એડવોકેસી એન્ડ સ્ટડીઝ સેન્ટર' (BASC) દ્વારા આ નિવેદનની આકરી નિંદા કરવામાં આવી છે. સંસ્થાએ જણાવ્યું છે કે, બલૂચિસ્તાનમાં સામૂહિક સજાની ધમકી એ સત્તાનો ઘોર દુરુપયોગ છે અને તે આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કાયદાઓનું સરેઆમ ઉલ્લંઘન છે.

પરિવારોને નિશાન બનાવવાની ગેરબંધારણીય નીતિ મુખ્યમંત્રી બુગતીએ તાજેતરમાં આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, સશસ્ત્ર સંઘર્ષ સાથે જોડાયેલા લોકોના પરિવારોને સામાન્ય જીવન જીવવા દેવામાં આવશે નહીં. તેમણે પરિવારના સભ્યોની નોકરીઓ છીનવી લેવા, અટકાયત કરવા અને શિક્ષણ તથા આરોગ્ય જેવી પાયાની સુવિધાઓથી વંચિત રાખવાની આડકતરી ધમકી આપી છે.

મીડિયા અહેવાલ મુજબ, બીએએસસીએ આ નીતિને ગેરકાયદેસર અને નૈતિક રીતે અસ્વીકાર્ય ગણાવી છે. કોઈ વ્યક્તિના ગુનાની સજા તેના નિર્દોષ પરિવારને આપવી એ કોઈપણ લોકશાહી દેશ માટે કલંક સમાન છે. દ્વિમુખી નીતિ અને સ્ટેટ રીટેલિએશન સંસ્થાએ પોતાના માનવ અધિકાર ઉલ્લંઘન અહેવાલમાં પાકિસ્તાની તંત્રની બેવડી નીતિનો પર્દાફાશ કર્યો છે.

**સન્માન** | ચીન અલગતાવાદના નામે ભડક્યું, શાંતિના પ્રચારને મળ્યું સન્માન

# દલાઈ લામાને પ્રતિષ્ઠિત ગ્રેમી એવોર્ડથી સન્માનિત કરાયા

(એજન્સી) નવી દિલ્હી । તા. 03

વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત સંગીત અને કલા ક્ષેત્રના સન્માન 'ગ્રેમી એવોર્ડ' મંચ પર આ વખતે આધ્યાત્મિકતાનો સૂર રેલાયો છે. બૌદ્ધ ધર્મના સર્વોચ્ચ ધર્મગુરુ દલાઈ લામાને તેમના શાંતિ, કરુણા અને માનવીય મૂલ્યોના અવિરત પ્રચાર માટે આ વર્ષના પ્રતિષ્ઠિત એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

જોકે, આ સન્માનની જાહેરાત થતા જ પાડોશી દેશ ચીનના પેટમાં તેલ રેડાયું છે અને તેણે આ સન્માનને 'ચીન-વિરોધી ગતિવિધિ' ગણાવીને પોતાની બળતરા વ્યક્ત કરી છે.

અમેરિકાના લોસ એન્જલસ ખાતે આયોજિત ૬૮મા ગ્રેમી એવોર્ડ સમારોહમાં ૯૦ વર્ષીય દલાઈ લામાની ઓડિયો બુક 'મેડીટેશન્સ: ધી રીફ્લેક્શન્સ ઓફ હીઝ હોલીનેસ ધી દલાઈ લામા' ને શ્રેષ્ઠ જાહેર કરવામાં આવી હતી. આ પુસ્તકમાં સંગીતની સાથે સાથે જીવનના ગૂઢ સત્યો અને માનવતાના સંદેશા છે. આ સ્પર્ધામાં વિશ્વના જાણીતા કલાકારો અને કાયદાકીય



હસ્તીઓ પણ સામેલ હતી, પરંતુ દલાઈ લામાના અવાજમાં રહેલી શાંતિએ નિર્ણાયકોનું દિલ જીતી લીધું હતું.

દલાઈ લામાને મળેલા આ વૈશ્વિક સન્માનથી ચીન રીતસરનું લાલઘૂમ થયું છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, દલાઈ લામા માત્ર ધાર્મિક નેતા નથી પરંતુ તેઓ એક રાજકીય નિર્વાસિત છે જે ધર્મની આડમાં ચીન વિરોધી અલગતાવાદી પ્રવૃત્તિઓ ચલાવે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ચીન આ એવોર્ડને પશ્ચિમી દેશો દ્વારા તેની આંતરિક બાબતોમાં દખલગીરી તરીકે જોઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે ૧૯૫૯માં જ્યારે તિબેટમાં ચીની સેનાએ અત્યાચાર શરૂ કર્યો હતો, ત્યારે દલાઈ લામાએ ભારતની શરણ લીધી હતી. ભારતે તેમને હિમાચલ પ્રદેશના ધર્મશાળામાં આશ્રય આપ્યો હતો, જે આજે પણ તિબેટીયન સંસ્કૃતિનું કેન્દ્ર છે. ત્યારથી ચીન ભારત સામે પણ રોષે ભરાયેલું રહે છે. મીડિયા અહેવાલ મુજબ, આ એવોર્ડ પ્રાપ્ત થયા બાદ દલાઈ લામાએ સમિતિનો આભાર માન્યો હતો અને વિશ્વમાં શાંતિ સ્થપાય તેવી કામના કરી હતી.

ભલે ચીન આ સન્માનનો વિરોધ કરી રહ્યું હોય, પરંતુ સમગ્ર વિશ્વ દલાઈ લામાના આ સન્માનને માનવતા અને અહિંસાના વિજય તરીકે જોઈ રહ્યું છે. આ એવોર્ડ સાબિત કરે છે કે આધ્યાત્મિક સંદેશાઓની તાકાત કોઈ પણ રાજકીય સીમાઓ કે વિરોધ કરતાં ઘણી મોટી છે.

## સાવધાન AIનો દુરુપયોગ અને જોખમ વધ્યું સર્જાશે જૈવિક હથિયારો

(એજન્સી) વોશિંગ્ટન । તા. 03

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અત્યાર સુધી માત્ર ગણતરીઓ અને ઓફિસના કામકાજ પૂરતું મર્યાદિત મનાતું હતું, પરંતુ હવે તેની કાળી બાજુ સામે આવી રહી છે. અગ્રણી એઆઈ કંપની 'એન્થ્રોપિક' ના સીઈઓ ડારિયો એમોડેઈએ રુંવાડા ઉભા કરી દે તેવી ચેતવણી આપી છે. તેમણે જણાવ્યું છે કે, એઆઈ એજન્ટ્સ હવે બાયોલોજિકલ વેપન્સ એટલે કે જૈવિક હથિયારો બનાવવામાં પણ સક્ષમ બની રહ્યા છે. જો આ ટેકનોલોજીનો યોગ્ય અંકુશ નહીં રખાય તો એઆઈનો દુરુપયોગ અને જોખમ પૃથ્વી પરના સજીવો માટે વિનાશક સાબિત થઈ શકે છે.

વર્ષોની મહેનત હવે મિનિટોમાં સાધ્ય અત્યાર સુધી અત્યંત જોખમી જૈવિક હથિયારો બનાવવા માટે વૈજ્ઞાનિકોને અત્યાધુનિક લેબોરેટરીમાં વર્ષો સુધી સંશોધન કરવું પડતું હતું. જોકે, એઆઈ પાસે હવે જીવવિજ્ઞાન અને રસાયણશાસ્ત્રનો એટલો વિશાળ ડેટા ઉપલબ્ધ છે કે તે ગણતરીની મિનિટોમાં ખતરનાક ફોર્મ્યુલા તૈયાર કરી શકે છે. ડારિયો એમોડેઈના મતે, જો કોઈ દૂષિત માનસિકતા ધરાવતી વ્યક્તિ કે આતંકવાદી જૂથ એઆઈને યોગ્ય 'પ્રોમ્પ્ટ' આપે, તો આ મશીન તેને જીવલેણ વાયરસ કે બેક્ટેરિયા બનાવવાની સંપૂર્ણ રીત જણાવી શકે છે. એઆઈ એજન્ટ્સ હવે માનવીય બુદ્ધિને પણ પાછળ છોડી રહ્યા છે, જે બાબત ચિંતાજનક છે.

વિજ્ઞાનની નબળાઈ અને વિધ્વંસક પેટર્ન વર્ષ ૨૦૨૨ માં જ્યારે ચેટજીપીટી આવ્યું ત્યારે તે સામાન્ય ગણિતમાં પણ ભૂલો કરતું હતું, પરંતુ આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. એઆઈ મોડલ્સ ડેટામાંથી પેટર્ન શીખે છે, પરંતુ તેમની પાસે માનવીય સંવેદના કે નૈતિકતા હોતી નથી.

આ નવા ફેરફાર બાદ ભારત હવે તેના પડોશી અને સ્પર્ધક દેશો કરતા વધુ સારી સ્થિતિમાં છે

# US સાથે ટ્રેડ ડીલમાં ભારતને એકસાથે ડબલ ગુડ ન્યૂઝ! ચીન-પાકિસ્તાન રહી ગયા પાછળ

(એજન્સી) નવી દિલ્હી | તા 03

ભારત જેની લાંબા સમયથી રાહ જોઇ રહ્યું હતું તે ઈચ્છા પણ હવે પુર્ણ થઇ ગઇ છે. અમેરિકાએ ભારતને એક સાથે 2 ખુશખબર આપી છે. અમેરિકા તરફથી ભારતને ટેરિફની મોટી છુટ મળેલી છે. અમેરિકાએ ભારત પર લાગેલા ટેરિફને ઘટાડીને 18 ટકા કરી દીધું છે. તેનો અર્થ છે કે, અમેરિકી બજારમાં ભારતીય પ્રોડક્ટ પર હવે માત્ર 18 ટકા જ ટેરિફ લાગશે. આ પ્રકારે ટેરિફ યુદ્ધમાં ભારતે પોતાનો દમખમ દર્શાવ્યો છે. ભારતે ચીન અને પાકિસ્તાનને જણાવ્યું છે કે, અમેરિકા માટે ભારત કેટલું મહત્વનું છે. આ નવી ટેરિફ સાથે ભારતના પાડોશીઓમાં તેના કારણે ખલબલી મચી ગઈ છે. અમેરિકા દ્વારા ભારતીય ઉત્પાદનો પર ટેરિફ ઘટાડીને 18 ટકા કરવામાં આવતા ભારતને વૈશ્વિક નિકાસ સ્પર્ધામાં મોટી સફળતા મળી છે. નવા ટેરિફ માળખામાં ભારત હવે અન્ય મુખ્ય નિકાસકાર દેશોની સરખામણીમાં સૌથી ઓછા શુલ્ક ધરાવતા દેશોની યાદીમાં આવી ચુક્યું છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે સોમવારે થયેલી ટેલિફોનિક વાતચીત બાદ એક મોટા વ્યાપારિક કરાર પર સહમતિ સધાઈ છે. ડબલ ખુશખબરનો અર્થ: ભારત પર પહેલા બે પ્રકારના ટેરિફ હતા - બેઝિક (25%) અને એડિશનલ (25%). રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ લદાયેલો 25% વધારાનો ટેરિફ હવે સંપૂર્ણપણે હટાવી દેવાયો છે. સાથે જ, બેઝિક ટેરિફને પણ 25% થી ઘટાડીને 18% કરી દેવામાં આવ્યો છે. વ્હાઈટ હાઉસના જણાવ્યા અનુસાર, ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બંધ કરવા સંમત થયું છે. આ સહમતિના બદલામાં અમેરિકાએ રશિયન તેલ ખરીદવા માટે 25 % વધારાનો ટેરિફ હટાવી દીધો છે. હવે ભારત અમેરિકા અને સંભવિત રીતે વેનેઝુએલા પાસેથી વધુ તેલ ખરીદશે. જે રશિયા-યુક્રેન યુદ્ધ રોકવામાં પણ મદદરૂપ સાબિત થશે. વડાપ્રધાન મોદીએ 'X' પર પોસ્ટ કરીને રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે, "1.4 અબજ ભારતીયો વતી હું રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પનો આભાર માનું છું. 'મેડ ઈન ઈન્ડિયા' ઉત્પાદનો પર શુલ્ક ઘટવાથી બંને દેશોને મોટો ફાયદો થશે. ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, "પીએમ મોદી સાથેની મિત્રતા અને તેમના સન્માનમાં આ નિર્ણય લેવાયો છે. ભારત પણ અમેરિકા વિરુદ્ધના વ્યાપારિક અવરોધો દૂર કરશે અને આશરે 500 અબજ ડોલરથી વધુના અમેરિકી ઉત્પાદનો (ઊર્જા, ટેકનોલોજી, કૃષિ વગેરે) ખરીદશે. "પૃષ્ઠભૂમિઆ પહેલા ઓક્ટોબર 2025માં બંને નેતાઓ વચ્ચે વાતચીત થઈ હતી. જોકે, ટ્રમ્પ દ્વારા ભારતીય વસ્તુઓ પર 50% (25% બેઝિક + 25% પેનલ્ટી) શુલ્ક લાદવામાં આવતા વ્યાપારિક કરાર અટકી પડ્યો હતો. હવે વિદેશ મંત્રી એસ. જયશંકરની વોશિંગ્ટન ડીસીની મુલાકાત દરમિયાન આ મહત્વનો વળાંક આવ્યો છે.



એશિયાઈ દેશો સાથે તુલના: કોના પર કેટલો ટેરિફ?

| દેશટેરિફ | (ટકામાં) |
|---|---|
| ભારત | 18% |
| ઈન્ડોનેશિયા | 19% |
| પાકિસ્તાન | 19% |
| વિયેતનામ | 20% |
| બાંગ્લાદેશ | 20 % |
| ચીન | 34% |

## 'ચુકાદો તો દૂર... અમે આ કોર્ટને જ નથી માનતા', સિંધુ જળ સંધિ મુદ્દે પાકિસ્તાનને ભારતનો જવાબ

(એજન્સી) નવી દિલ્હી | તા 03

જમ્મુ કાશ્મીરમાં કિશનગંગા અને રતલે હાઈડ્રો પાવર પ્રોજેક્ટ મુદ્દે આંતરરાષ્ટ્રીય મધ્યસ્થી ન્યાયાલયના ચુકાદાને ભારતે ફગાવ્યો છે. વિદેશ મંત્રાલયે આ મામલે કહ્યું છે કે સિંધુ જળ સંધિ સ્થગિત થઈ ગઈ છે. એવામાં ભારત આ સંધિ હેઠળ કોઈ પણ જવાબદારી નિભાવવા માટે બંધાયેલું છે. વિદેશ મંત્રાલયે વધુમાં કહ્યું કે, આ કોર્ટ જ ગેરકાયદે છે. કાયદાની નજરે આ કોર્ટનું કોઈ અસ્તિત્વ નથી. એક સંપ્રભુ રાષ્ટ્ર ભારતની કોઈ પણ કાર્યવાહીની તપાસ કરવાનો આ કોર્ટને કોઈ અધિકાર જ નથી. ભારતે ક્યારેય આ તથાકથિત ઈન્ટરનેશલ કોર્ટ ઓફ આર્બિટ્રેશનને માન્યતા આપી નથી. આ મંચ દ્વારા કરાયેલી કોઈ પણ કાર્યવાહી, નિર્ણય કે આદેશ ગેરકાયદે અને અમે અમે તેને કોઈ માન્યતા આપતા નથી. વૈશ્વિક આતંકવાદના રૂપમાં ભૂમિકાથી બચવા માટે પાકિસ્તાનના ઈશારે આ નાટક ચાલી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય મંચો પર હેરફેર કરવાની પાકિસ્તાનની દાયકાઓ જૂની ટેવ રહી છે. નોંધનીય છે કે નેધરલેન્ડ સ્થિત આ કોર્ટે ભારતને કહ્યું હતું કે 9 ફેબ્રુઆરી સુધીમાં કિશનગંગા અને રતલે હાઈડ્રો પાવર પ્રોજેક્ટની ઓપરેશનલ લૉગબુક જમા કરાવો.

# News Brief

## પાન-બીડી તમાકુને ઉત્તેજન આપવા 18 ટકા GSTમાંથી મુક્તિ !!



નવી દિલ્હી : સરકારે બ્રાન્ડ વગરના અને રિટેલ વેચાણ માટે પેક ન કરવામાં આવેલા તમાકુ કે તેનાથી જોડાયેલ ઉત્પાદનો પર લાગતી સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટી દૂર કરી છે. આ અગાઉ બ્રાન્ડ વગરના અને રિટેલ વેચાણ માટે પેક ન કરવામાં આવેલા તમાકુ પર ૧૮ ટકા એક્સાઈઝ ડ્યુટી લાગતી હતી. સરકારે આ સંબધમાં એક ફેબુરઆરી, ૨૦૨૬ના રોજ નોટિફિકેશન જારી કરી તેને પરત લેવાની જાણ કરી છે. બ્રાન્ડ વગરના અને રિટેલ વેચાણ માટે પેક ન કરવામાં આવેલા તમાકુ પર એક્સાઈઝ ડ્યુટી દૂર કરવામાં આવતા અસંગઠિત ક્ષેત્રના તમાકુ ખેડૂતો અને નિર્મતાઓને રાહત મળશે.જ્યારે બીજી તરફ બ્રાન્ડેડ કે રિટેલ વેચાણ માટે પેક કરવામાં આવેલા તમાકુ પર ૧૮ ટકા એક્સાઈઝ ડ્યુટી ચાલુ રહેશે. એક્સાઈઝ ડ્યુટી દૂર કરવાના નિર્ણયની અસર આઈટીસી અને ગોડફ્રે ફિલિપ્સ જેવી કંપનીઓ પર જોવા મળશે નહી કારણકે આ બંને કંપનીઓ બ્રાન્ડેડ સિગારેટનું રિટેલ વેચાણ કરે છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર ૧૮ ટકા એક્સાઈઝ ડ્યુટી દૂર કરવાના સરકારના નિર્ણયથી નાના સપ્લાયરોને રાહત મળશે. એવા ઉદ્યોગપતિઓને રાહત મળશે જે કોઈ બ્રાન્ડ વગર જથ્થાબંધ તમાકુનો ધંધો કરે છે. આ સાથે જ બ્રાન્ડ વગરના અને રિટેલ વેચાણ માટે પેક ન કરવામાં આવેલા તમાકુની આયાત ઉપર પણ કસ્ટમ ડ્યુટીથી રાહત મળશે. જે સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટી જેટલી જ લગાવવામાં આવે છે.

## ભારત-અમેરિકા ટ્રેડ ડીલ ૨૦૨૬: ડિમ્પલ યાદવે વિદેશ મંત્રાલય પર સાધ્યું નિશાન

નવી દિલ્હી: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત સાથેના નવા વ્યાપારિક કરાર (Trade Deal) ની જાહેરાત બાદ દેશમાં રાજકીય વિવાદ છેડાયો છે. સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવે આ ડીલની જાહેરાત કરવાની પદ્ધતિ સામે વાંધો ઉઠાવતા કહ્યું છે કે, આ ડીલની માહિતી ભારત સરકારને બદલે અમેરિકાથી મળવી તે વિદેશ મંત્રાલયની નબળી વાટાઘાટો દર્શાવે છે. ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર આ ડીલનો ખુલાસો કર્યો હતો."વિદેશ મંત્રાલય વાટાઘાટોમાં નિષ્ફળ": ડિમ્પલ યાદવ ANI સાથેની વાતચીતમાં ડિમ્પલ યાદવે જણાવ્યું હતું કે, "આ જાહેરાત ભારત સરકાર તરફથી નહીં પણ અમેરિકા તરફથી આવી છે. અમેરિકાનું આ વલણ સ્પષ્ટ કરે છે કે આપણું વિદેશ મંત્રાલય (MEA) જે રીતે ડીલ થવી જોઈએ તે રીતે વાટાઘાટો કરવામાં સક્ષમ નથી." ઓગસ્ટ ૨૦૨૫ માં અમેરિકાએ ભારતીય સામાન પર ૫૦ ટકા ટેરિફ લાદ્યા હતા, જે હવે આ નવી ડીલ હેઠળ ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવશે. જોકે, આ માટે ભારતે મોટી કિંમત ચૂકવવી પડી હોવાની અટકળો તેજ થઈ છે.રશિયા પાસેથી તેલ ખરીદી અને છૂપો એજન્ડા સપા સાંસદ રામ ગોપાલ યાદવે આ ડીલ પાછળ 'છૂપા એજન્ડા' હોવાની આશંકા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, "આ કરારમાં કંઈક એવું છે જે છુપાવવામાં આવી રહ્યું છે. શક્ય છે કે આમાં રશિયા પાસેથી સસ્તું તેલ ખરીદવા પર પ્રતિબંધ અથવા અમેરિકા પાસેથી મોંઘા શસ્ત્રો ખરીદવાની શરતો હોઈ શકે." નોંધનીય છે કે ટ્રમ્પે દાવો કર્યો છે કે આ ડીલ બાદ ભારત રશિયન તેલની ખરીદી બંધ કરી દેશે.

2027ની વસ્તીગણતરીની વિશેષતા

## વસતી ગણતરીમાં જ્ઞાતિના પૂરાવા આપવા પડશે? સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કરી ટકોર

(એજન્સી) નવી દિલ્હી | તા 03

સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્ર સરકાર અને ભારતના રજિસ્ટ્રાર જનરલ તથા વસ્તીગણતરી કમિશનરને એ સૂચન પર વિચાર કરવા જણાવ્યું છે, જેમાં 2027ની વસ્તીગણતરીમાં જાતિની ગણતરી માત્ર 'સ્વ-ઘોષણા' (Self-declaration) ને બદલે એક ચોક્કસ પ્રણાલીના આધારે કરવાનો આગ્રહ કરવામાં આવ્યો છે. વસ્તીગણતરીમાં નાગરિકોની જાતિ સંબંધિત વિગતો નોંધવા, વર્ગીકૃત કરવા અને તેને ચકાસવા માટે અપનાવવામાં આવતી પ્રક્રિયા પર સવાલ ઉઠાવતી જાહેર હિતની અરજી (PIL) પર વિચાર કરવાનો ઈનકાર કરતા સુપ્રીમ કોર્ટે આ નિર્દેશ આપ્યો છે.CJI સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની ખંડપીઠે અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરતા કહ્યું કે, "આમાં એક સુસંગત મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે, તેથી સક્ષમ સત્તાધિકારીઓએ વસ્તીગણતરી અધિનિયમ 1958 હેઠળ આ સૂચનો પર વિચાર કરવો જોઈએ." ખંડપીઠે અરજદાર અને શિક્ષણવિદ આકાશ ગોયલને જણાવ્યું હતું કે, જાતિ સંબંધિત આંકડાઓની ઓળખ માટે અગાઉથી નક્કી કરેલો કોઈ ડેટા નથી.આ ઉપરાંત ખંડપીઠે વધુમાં જણાવ્યું કે, વસ્તીગણતરીની પ્રક્રિયા વસ્તીગણતરી અધિનિયમ, 1958 અને તે હેઠળ 1990માં બનાવવામાં આવેલા નિયમો મુજબ ચાલે છે. આ કાયદો પ્રતિવાદી સત્તાધિકારીઓને વસ્તીગણતરી કરવાની વિગતો અને પદ્ધતિઓ નક્કી કરવાની સત્તા આપે છે. કોર્ટે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, રજિસ્ટ્રાર જનરલ અને વસ્તીગણતરી કમિશનરની કચેરી કોઈપણ ભૂલ ટાળવા માટે નિષ્ણાતોની મદદથી એક મજબૂત વ્યવસ્થા વિકસાવી ચૂકી હશે.અરજદાર ગોયલ વતી વરિષ્ઠ એડવોકેટ મુક્તા ગુપ્તાએ દલીલ કરી હતી કે, નાગરિકોની જાતિની વિગતો નોંધવા અને ચકાસવા માટે ઉપયોગમાં લેવાતું પ્રશ્નાવલી પત્રક પારદર્શક હોવું જોઈએ અને તેને જાહેર જનતા માટે ઉપલબ્ધ કરાવવું જોઈએ.

## પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી ખાતે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના ડાયરેક્ટોરેટ જનરલ ઓફ હાઈડ્રોકાર્બન્સ સાથે સહયોગમાં નૅશનલ કોર રિપોઝિટરીની સ્થાપના

ગાંધીનગર : પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી (PDEU), ગાંધીનગર ખાતે ભારત સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય (MoPNG) હેઠળના ડાયરેક્ટોરેટ જનરલ ઓફ હાઈડ્રોકાર્બન્સ (DGH) સાથે સહયોગમાં નૅશનલ ઓઈલ એન્ડ ગેસ કોર રિપોઝિટરી (National Core Repository - NCR)ની સ્થાપના કરવામાં આવી રહી છે. આ સુવિધા PDEU કેમ્પસમાં સ્થિત થશે અને ભારતના અપસ્ટ્રીમ તેલ અને ગેસ ક્ષેત્ર માટે એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય વૈજ્ઞાનિક સંપત્તિ તરીકે વિકસાવવામાં આવશે. PDEUની સ્કૂલ ઓફ ટેકનોલોજી (SoT) અને સ્કૂલ ઓફ એનર્જી ટેકનોલોજી (SoET), DGH તથા MoPNG સાથે નજીકના સંકલનમાં, રિપોઝિટરી માટે વિગતવાર કાર્યક્ષેત્ર (Scope of Work), સંચાલન માળખું અને વૈજ્ઞાનિક રોડમેપ તૈયાર કરશે. NCRને ભૂગર્ભ વિજ્ઞાન સંબંધિત જ્ઞાનના કેન્દ્રીકૃત ભંડાર તરીકે વિકસાવવાનો હેતુ છે, જે ભારતીય તેમજ આંતરરાષ્ટ્રીય તેલ અને ગેસ ઉદ્યોગની જરૂરિયાતોને પૂર્ણ કરશે. આ



રિપોઝિટરીમાં ભારતના તમામ 26 અવસાદી બેસિન્સમાંથી તેલ અને ગેસ કૂવો ખોદતી વખતે પ્રાપ્ત થયેલા શિલા કોર (Rock Cores)નું સંરક્ષણ અને સંવર્ધન કરવામાં આવશે. આ કોરો ઉદ્યોગ વ્યાવસાયિકો, સંશોધકો, વિદ્યાર્થીઓ અને ભારત તથા વિદેશના ફેકલ્ટી સભ્યો માટે વૈજ્ઞાનિક અભ્યાસ માટે ઉપલબ્ધ રહેશે, જેના દ્વારા ઉપભૂગર્ભ વિજ્ઞાનમાં અદ્યતન સંશોધન, તાલીમ અને ટેકનોલોજી વિકાસને પ્રોત્સાહન મળશે. NCR હેઠળ રૂટિન કોર એનાલિસિસ (RCA) અને સ્પેશિયલ કોર એનાલિસિસ (SCAL) કરવામાં આવશે, જે રિઝર્વોયર લક્ષણાંકન (Reservoir Characterization) અને ક્ષેત્ર વિકાસ અભ્યાસોને આધાર આપશે. પોરોસિટી અને પરમીયેબિલિટી માપન સિસ્ટમ, ગ્રેન ડેન્સિટી એનાલાઈઝર, કોર ગામા-રે લૉગર, ઈલેક્ટ્રિકલ રેઝિસ્ટિવિટી સિસ્ટમ, કોર ફ્લડિંગ રિગ્સ, રિલેટિવ પરમીયેબિલિટી અને કેપિલરી પ્રેશર સેટઅપ, મર્ક્યુરી ઈન્જેક્શન કેપિલરી પ્રેશર સિસ્ટમ, વેટેબિલિટી માપન સિસ્ટમ, એક્સ-રે CT સ્કેનર અને મલ્ટી-સેન્સર કોર લૉગર જેવા અદ્યતન ઉપકરણો દ્વારા મુખ્ય વિશ્લેષણ કરવામાં આવશે.

મુખ્યમંત્રી: મેતેઈ સમુદાયમાંથી મુખ્યમંત્રી બનવાની શક્યતા

## મણિપુરમાં ફરી ભાજપ સરકાર બનાવવા હલચલ તેજ! 20 ધારાસભ્યો દિલ્હીમાં, આ નેતા CM બનવાની રેસમાં

(એજન્સી) મણિપુર | તા 03

મણિપુરમાં ફરીથી ભાજપની સરકાર બનશે કે કેમ? તે અંગેની અટકળો તેજ થઈ ગઈ છે, કારણ કે મણિપુરથી લઈને દિલ્હી સુધી ભાજપમાં દોડધામ વધી છે. મણિપુરના 20 થી વધુ ભાજપના ધારાસભ્યો દિલ્હી પહોંચ્યા હતા અને હવે પાર્ટીએ ધારાસભ્ય દળના નેતા પસંદ કરવા માટે નિરીક્ષકની નિમણૂક કરી દીધી છે. રાજ્યમાં આવતા વર્ષે જ રાષ્ટ્રપતિ શાસન પૂર્ણ થવા જઈ રહ્યું છે, તે પહેલા પાર્ટીના નેતાઓ ઈચ્છે છે કે સરકાર બનાવી લેવામાં આવે. સોમવારે ભાજપે મણિપુરમાં નિરીક્ષક તરીકે રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગની નિમણૂક કરી છે. હવે કોઈપણ દિવસે મણિપુરમાં NDA ધારાસભ્યોની બેઠક યોજાઈ શકે છે અને નેતાની પસંદગી થઈ શકે છે. ભાજપના સૂત્રો અનુસાર નવી સરકારમાં રાજ્યમાં એક ડેપ્યુટી CM (નાયબ મુખ્યમંત્રી) પણ હશે. જેથી રાજ્યનાં બંન્ને સમુદાયો વચ્ચે પાવર બેલેન્સ કરી શકાય. આ ઉપરાંત એક વર્ષ જેટલો સમય સરકાર ચાલે તો જનતા વચ્ચે પણ પોતાના કામ ગણાવી શકાય. કુકી સમુદાયના કોઈ નેતાને આ જવાબદારી સોંપવામાં આવી શકે છે. આ પાછળનું કારણ એ છે કે રાજ્યમાં એવો સંદેશ જાય કે સરકાર તમામ સમુદાયોને સાથે લઈને ચાલી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મેતેઈ અને કુકી સમુદાય વચ્ચે ભારે તણાવ અને હિંસા જોવા મળી હતી, જેનાથી બચવા માટે ભાજપ હવે કુકી સમાજમાંથી ડેપ્યુટી CM બનાવી શકે છે. મુખ્યમંત્રી પદ માટે બિરેન સિંહ સરકારમાં સ્પીકર રહેલા સત્યવ્રત સિંહ, ભૂતપૂર્વ મંત્રી ટી.એચ. બિસ્વજીત સિંહ અને કે. ગોવિંદ દાસને તક મળી શકે છે. આ તમામ નેતાઓ મેતેઈ સમુદાયના છે. જોકે, કુકી ધારાસભ્યોએ કેન્દ્રીય નેતૃત્વ સમક્ષ માંગ કરી છે કે તેમને યોગ્ય પ્રતિનિધિત્વ મળવું જોઈએ, અન્યથા તેમના માટે સરકારનો ભાગ બનવું મુશ્કેલ હશે. કેટલાક ધારાસભ્યોએ તો મણિપુરને વિધાનસભા ધરાવતો કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવાની પણ માંગ કરી છે.

## 'મોગેમ્બો ખુશ હૈ..', અમેરિકાએ ભારત પર ટેરિફ ઘટાડતા કોંગ્રેસની પ્રથમ પ્રતિક્રિયા

(એજન્સી) નવી દિલ્હી | તા 03

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ટેલિફોનિક વાતચીત કર્યા બાદ એક અત્યંત મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી છે. જેમાં અમેરિકાએ ભારત પરનો રેસીપ્રોકલ ટેરિફ 25% થી ઘટાડીને 18% કરી દીધો છે. ટ્રમ્પની આ જાહેરાતને લઈને કોંગ્રેસની પ્રતિક્રિયા સામે આવી છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સોશિયલ મીડિયા માધ્યમ 'X' પર પોસ્ટ કરીને કહ્યું કે, "એવું લાગે છે કે મિસ્ટર મોદીએ આખરે હાર સ્વીકારી લીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવા અને અમેરિકા-



વેનેઝુએલા પાસેથી વધુ તેલ ખરીદવા સંમત થયા હોવાનો દાવો છે. આ મામલે પણ કોંગ્રેસના નેતાએ કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા છે."કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે કહ્યું કે, "તેમણે (ટ્રમ્પે) વોશિંગ્ટન ડીસીથી ઓપરેશન સિંદૂર સ્થગિત કરવાની જાહેરાત કરી હતી. તેમણે વોશિંગ્ટનથી રશિયા અને વેનેઝુએલાથી ભારતની તેલ ખરીદી અંગે અપડેટ્સ જાહેર કર્યા હતા. તેમણે હવે વોશિંગ્ટનથી ભારત-અમેરિકા વેપાર કરારની જાહેરાત કરી છે, જેની સંપૂર્ણ વિગતોની રાહ જોવાઈ રહી છે. કોઈ કારણોસર રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની સામે પીએમ મોદી સ્પષ્ટપણે દબાણ હેઠળ દેખાય છે."ટ્રમ્પના જણાવ્યા અનુસાર, પીએમ મોદી રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવા અને તેના બદલે અમેરિકા તથા સંભવિત રીતે વેનેઝુએલા પાસેથી વધુ તેલ ખરીદવા સંમત થયા છે. આ પગલાથી રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવામાં મોટી મદદ મળશે તેમ માનવામાં આવે છે.

## વર્ધમાન તપની ૧૦૦મી ઓળીની પરિપૂર્ણતા નિમિત્તે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય ખાતે પંચાહ્નિકા તપોત્સવ યોજાયો

અમદાવાદ : જૈન ધર્મની તપ, ત્યાગ અને સંયમની પરંપરાને ઉજાગર કરતી એક ગૌરવસભર ધાર્મિક ઘટના રૂપે રામનગર, સાબરમતી ખાતે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયના પાર્શ્વનાથ આરાધના ભવનમાં પંચાહ્નિકા તપોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તથા ૧૦૮ ફૂટના આદિનાથ દાદાના પ્રેરક, જંબૂદ્વીપ, નાગેશ્વર, માંડવગઢ અને માણીભદ્ર તીર્થોના ઉદ્ધારક તથા માર્ગદર્શક ગુરુદેવ પ.પૂ.આ.ભ. શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ.સા.ના પાવન સાનિધ્યમાં આ તપોત્સવ યોજાયો હતો. કાર્યદક્ષ વિનયી પ.પૂ.આ.મ.શ્રી સૌમ્યચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.વર્ધમાનતપ આરાધક પ.પૂ.આ.મ.શ્રી વિવેકચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.પ્રવર્તક પ.પૂ. શ્રી ધૈર્યચંદ્રસાગર જી મ.સા., પ.પૂ.સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ની શિષ્યા, ભીષ્મ તપસ્વિની પ.પૂ.સા. શ્રી ગિરાંશુ મ.સા. શ્રીજી મ.સા.ના દિવ્ય તપોબળથી વર્ધમાન તપની ૧૦૦મી ઓળીની પરિપૂર્ણતા પ્રસંગે પારણું શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘના ઉપપ્રમુખ ટ્રસ્ટી શ્રી સંજય જીવણલાલ શાહ તથા શ્રીમતી અલ્પા સંજય શાહ મહિલા વિભાગ(ઉપપ્રમુખ)ના વરદ હસ્તે સંપન્ન કરવામાં આવ્યું હતું. આ પાવન અવસર ૦૧



ફેબ્રુઆરી ૨૦૨૬ (રવિવાર)ના રોજ ઉજવાયો હતો. અલ્પ વયથી આરંભેલી કઠોર તપશ્ચર્યાઓ, અખંડ આરાધના અને સંયમમય જીવન દ્વારા તપસ્વી શ્રીનું જીવન આજે સમાજ માટે પ્રેરણાનું જીવંત પ્રતીક બન્યું છે. આ પંચાહ્નિકા તપોત્સવ દરમિયાન તપવદના, અનુમોદના, વિનંતિ, શ્રમણી-શ્રમણીઓના વંદન તથા પાંચ છોડના ઉદ્યાપન સહિત વિવિધ તપ આરાધના કાર્યક્રમો યોજાયા હતા.આ અવસરે અનેક સાધુ-સાધ્વી ભગવંતોની પાવન ઉપસ્થિતિ રહી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિ, સાધના અને આત્મશુદ્ધિના ભાવોથી પરિપૂર્ણ બન્યું હતું. તપસ્વી શ્રી દ્વારા કરાયેલ ૧૦૮ ઉપવાસ ગુણસંવનન, 7400 દીર્ઘ આયંબિલ, 18 માસક્ષમણ તથા અન્ય દુર્લભ તપશ્ચર્યાઓએ જૈન સમાજમાં તપમહિમા, સંયમ અને આધ્યાત્મિક ઉન્નતિના મૂલ્યોને તેમજ પ.પૂ.સા. શ્રી ગિરાંશુ ધારા જેમની વાકપ્રતુતા નું પ્રતીક વધુ મજબૂત બનાવ્યા છે. પ્રવચન, શિબિરો અને ધાર્મિક પ્રવૃત્તિઓ દ્વારા અનેક શ્રાવક-શ્રાવિકાઓ ધર્મપથ પર આગળ વધ્યા છે.આ પાવન અવસરે સાબરમતી સંઘ અધ્યક્ષ શ્રી જયંતિભાઈ સંઘવી (રત્નમણી) ધર્મે ટ્રસ્ટી શ્રી ધર્મેશભાઈ શાક અને શ્રી જશવંતલાલ નેમચંદ શાહ સાધુ-સાધ્વી અને જૈન ટ્રસ્ટીઓ, સંઘના સભ્યો અને મહાનુભાવો, ધર્મપ્રેમીઓ અને સંસ્થા સભ્યો હાજર રહ્યા હતા તેમજ હજારો શ્રાવક શ્રાવિકા ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ પ્લેન ક્રેશ સાથે કનેક્શન


## એર ઈન્ડિયા ફ્લાઈટમાં આપોઆપ સ્વિચ બંધ થઈ! વિમાન સેવાથી હટાવાયું

(એજન્સી) નવી દિલ્હી | તા 03

એર ઈન્ડિયાના બોઈંગ 787-8 ડ્રીમલાઈનર પ્લેનની ફ્યુઅલ કંટ્રોલ સ્વીચમાં ખામી સર્જાઈ હોવાના દાવાથી હડકંપ મચ્યો છે. આ પ્લેન લંડનના હીથ્રો એરપોર્ટથી ઉડાન ભરીને સોમવારે સવારે બેંગલુરુ પહોંચ્યું હતું. પ્લેનમાં 200થી વધુ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સવાર હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ફ્લાઈટ AI-132ના બેંગલુરુમાં લેન્ડિંગ બાદ પાયલટે વિમાનની 'ડિફેક્ટ લોગ બુક'માં નોંધ્યું હતું કે- ડાબા એન્જિનની ફ્યુઅલ કંટ્રોલ સ્વીચ 'રન' (Run) થી 'કટ ઓફ' (Cut-off) તરફ સરકી રહી હતી અને લોક થઈ રહી નહોતી.

એર ઈન્ડિયાએ જણાવ્યું છે કે, પાયલટનો રિપોર્ટ મળતાની સાથે જ વિમાનને ફ્લાઈટ ઓપરેશનમાંથી હટાવી દેવામાં આવ્યું છે. આ મામલે નાગરિક ઉડ્ડયન મહાનિદેશાલય (DGCA) ને પણ જાણ કરવામાં આવી છે. એરલાઈનના જણાવ્યા અનુસાર, તપાસ માટે ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર (OEM એટલે કે બોઈંગ કંપની) ને પણ સામેલ કરવામાં આવી છે.

અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે, ગત વર્ષે 12 જૂનના રોજ અમદાવાદમાં થયેલો પ્લેન ક્રેશ પણ ફ્યુઅલ કંટ્રોલ સ્વીચમાં એન્જિન સ્ટાર્ટ કરવામાં પડેલી મુશ્કેલીને કારણે થયો હોઈ શકે છે. કારણ કે આ એક ગંભીર સમસ્યા છે. જ્યારે પાયલોટ પ્લેન ટેકઓફ કરાવી રહ્યો હોય ત્યારે તેનું અનેક અન્ય બાબતો પર પણ ધ્યાન હોય છે. તેવામાં ફ્યૂલ સ્વિચ લોક ન થઈ હોય અને દુર્ઘટનાબની હોઈ શકે છે.



## લગ્નના બીજા જ દિવસે પરિણીતા પર અત્યાચાર

અમદાવાદ : ખાનગી સેક્ટરમાં નોકરી કરતી પરિણીતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, વર્ષ 2017માં લગ્ન કર્યાના બીજા જ દિવસથી સાસરિયાઓએ અસલી રંગ બતાવ્યો હતો, મહેણાં-ટોણાં મારવાનું શરૂ કર્યું હતું. આ વિવાદ સમય જતાં વધુ વકર્યો હતો અને સાસરિયાઓ દ્વારા પરિણીતા પાસે 15 લાખની રોકડ રકમ તેમજ કાર ખરીદવા માટે વધારાના 2 લાખની માગણી કરવામાં આવતી હતી. આટલું જ નહીં, પિતાની આર્થિક સ્થિતિ સારી ન હોવા છતાં, ઘરના હપ્તા અને પ્રવાસના બહાને અવારનવાર તેમના પિતા પાસેથી નાણાં પડાવવામાં આવતા હતા.

## અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર કાચ ભરેલી ટ્રક પલટી

અમદાવાદ : અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર કાચ ભરેલી ટ્રક પલટી મારતા અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં કાચનો જથ્થો રસ્તા પર વેરવિખેર થઈ જતાં હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. અકસ્માતને પગલે પોલીસ ઘટનાસ્થળે દોડી પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.મળતી માહિતી મુજબ, અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર ટ્રકચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકમાં રહેલો કાચનો જથ્થો હાઈવે પર વેરાઈ ગયો હતો. અકસ્માતને લઈને ઘટનાસ્થળે ટ્રાફિક સર્જાયું હતું.




# સુરતમાં પાટીદાર પરિણીતાનો આપઘાત, પરિવારનું હૈયાફાટ રુદન



(એજન્સી) સુરત | તા.03

સુરત શહેરના વરાછા વિસ્તારમાં પારિવારિક કંકાસ અને સાસરિયાં પક્ષના માનસિક-શારીરિક ત્રાસની એક કરુણ ઘટના સામે આવી છે. વરાછાના 'એફિલ ટાવર'માં રહેતી 44 વર્ષીય પરિણીતાએ ઝેરી દવા પીને જીવન ટૂંકાવતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પરિવારજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા છે અને ન્યાય ન મળે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરવામાં આવ્યો છે. હોસ્પિટલમાં પરિણીતાનાં માતાના રુદનથી સન્નાટો છવાઈ ગયો હતો. હાલ તો આ મામલે વરાછા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે, 44 વર્ષીય સીમાબેન સુનીલભાઈ વાઘાણી વરાછા સ્થિત 904-એફિલ ટાવરમાં પરિવાર સાથે રહેતાં હતાં. પરિવારમાં પતિ અને બે પુત્ર છે. પતિ સુનીલભાઈ હીરાની કંપનીમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. સીમાબેને ગત રવિવારે (1 ફેબ્રુઆરી) પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઘટનાની જાણ થતાં જ તેમને તાત્કાલિક સારવાર માટે વિનસ હોસ્પિટલ અને ત્યાર બાદ સિમ્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં, જોકે ટૂંકી સારવાર બાદ તેમનું નિધન થયું હતું. મૃતક સીમાબેનના ભાઈ પરેશ તુલસીભાઈ સૂતરિયાએ ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યુ હતું કે સીમાબેનને લગ્નનાં 25 વર્ષથી તેમના સાસરિયાં પક્ષ દ્વારા સતત હેરાન કરવામાં આવતાં હતાં. ઘરકંકાસ અને સાસરિયાંના અસહ્ય ત્રાસથી કંટાળીને આખરે સીમાબેને આ આત્મઘાતી ડગલું ભર્યું છે. મૃતકનો એક પુત્ર (24 વર્ષ) કેનેડામાં અભ્યાસ કરે છે, જ્યારે બીજો પુત્ર (22 વર્ષ) અહીં જ રહે છે. તેમના પતિ સુનીલભાઈ હીરાની ઓફિસમાં કામ કરે છે.

### પરિવારની મૃતદેહ સ્વીકારવાની આક્રમક માગ

સીમાબેનના પિયર પક્ષમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પરિવારજનોએ સ્પષ્ટ માગ કરી છે કે સીમાબેનના આપઘાત પાછળ કયા કયા સભ્યો જવાબદાર છે, એની તટસ્થ તપાસ થાય. જ્યાં સુધી ગુનેગારો સામે કડક કાર્યવાહી અને ન્યાય નહીં મળે ત્યાં સુધી તેઓ મૃતદેહ સ્વીકારશે નહીં. વરાછા પોલીસે આ મામલે આપઘાતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### પતિ સહિત સાસરિયાં અને અન્ય એક વ્યક્તિ ટોર્ચર કરતા પરિવારજન

પરેશભાઈ (પરિવારજન)એ જણાવ્યું હતું કે ઝઘડો અવારનવાર એને થતો આવતો અને લગભગ મેરેજ લાઈફનાં 25 વર્ષ થયાં છે અને અમને અવારનવાર આ બાબતે એ લોકો બોલાવતા. એમાં લાસ્ટ લગભગ મહિના દિવસની અંદર કે બહુ મોટા પાયે આ લોકોએ કંઈક ચાલુ કર્યું હતું. એમાંથી અમને એ લોકો અવારનવાર બોલાવીને ટોર્ચરિંગ કરતા હતા, એટલે અમે લોકોએ એવું ડિસાઈડ કર્યું કે બેન આપણને ફોન કરે તો આપણે એનો ફોન રિસીવ કરવાનો. જમાઈ કે એના પપ્પા, એનાં મમ્મી અથવા એની નણંદ અથવા એક બીજી વ્યક્તિએ લોકોએ રાખેલો છે કમલેશ નામ છે એનું અને 'યોગી ચશ્મા'ની દુકાન ચલાવે છે.

## સ્મગલિંગનો નવો કિમીયો! ચોકલેટના પેકેટમાં ગાંજો લાવેલી મહિલા ઝડપાઈ



અમદાવાદ | અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી સોનું અને હાઈબ્રિડ ગાંજા સહિતની હેરફેર સામે કસ્ટમ વિભાગ કડક કાર્યવાહી કરી રહ્યું છે. સોમવાર (બીજી ફેબ્રુઆરી) બેંગકોકથી આવેલી એક મહિલા એક કરોડનો હાઈબ્રીડ ગાંજા સાથે ઝડપાઈ છે. આ મહિલા ચોકલેટના પેકેટની આડમાં ગાંજો છુપાવીને લાવી રહી હતી. અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા હાઈડ્રોપોનિક્સ મરિજુઆના નામના ગાંજો ઝડપાયો છે. બાતમીને આધારે તપાસ કરતા બેંગકોકથી આવેલી ફ્લાઈટમાં એક મહિલા મુસાફરને રોકી તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન ટ્રાવેલિંગ બેગમાંથી ફૂડ અને ચોકલેટના કુલ 9 પેકેટોમાં છુપાવેલું લીલા રંગનું પેકેટ મળી આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં આ પદાર્થ હાઈબ્રીડ ગાંજો હોવાનું સાબિત થયું હતું. કુલ 948 ગ્રામ હાઈડ્રોપોનિક્સ ગાંજા જપ્ત કરવામાં આવ્યો છે. એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહી કરી મહિલા મુસાફરની ધરપકડ કરીને વધુ તપાસ કરી રહી છે.

### શરીરે કેમિકલ છાંટી અસારવા ચકલા પાસે પહોંચ્યો, અચાનક બીડી સળગાવી પોતાને આગ ચાંપી દીધી

## અમદાવાદમાં કેન્સરનો દર્દી ભડભડ સળગ્યો

અમદાવાદ | અમદાવાદના અસારવા વિસ્તારમાં 2 ફેબ્રુઆરીના રાતના 9થી 10 વાગ્યાની આસપાસ જાહેરમાં આધેડ વયના કેન્સરના દર્દીએ પોતાના પર જ્વલનશીલ પ્રવાહી છાંટી આગ ચાંપી હતી. આધેડને સળગાતો જોઈને આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તરત જ તેમના ઉપર પાણી છાંટી આગને બુઝાવી હતી. ગંભીર રીતે દાઝી ગયેલા આધેડને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં મોડીરાતે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે શાહીબાગ પોલીસને જાણ થતાં તેઓ દ્વારા અકસ્માત મોત નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એન. ડી. નકુમે જણાવ્યું હતું કે આધેડ કેન્સરના દર્દી હતા અને બીમારીથી કંટાળીને તેણે જાહેરમાં આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. તેને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નીપજ્યું છે.

મળતી માહિતી મુજબ, 2 ફેબ્રુઆરીના રોજ રાતના સમયે શરીર પર જ્વલનશીલ પદાર્થ છાંટીને આવેલા આધેડ અસારવા ચકલા ખાતે જાહેરમાં આવીને અચાનક જ પોતાની પાસે રહેલી બીડી સળગાવી હતી. બાદમાં પોતાને પણ આગ ચાંપી દીધી હતી. આગ લાગેલી હાલતમાં જોતાં તાત્કાલિક સ્થાનિક લોકો દોડી ગયા હતા અને



તેમનો જીવ બચાવવા માટે તેમના ઉપર પાણી છાંટી દીધું હતું. પાણી નાખીને આગ બુઝાવી દીધી હતી, પરંતુ આધેડ ગંભીર રીતે દાઝી ગયા હોવાથી તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મોડીરાતે સિવિમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

સ્થાનિક સૂત્રો મુજબ, જે આધેડ દ્વારા આપઘાત કરવામાં આવ્યો છે તે અગાઉ અસારવા વિસ્તારમાં રહેતા હતા અને તેનાં પરિવારજનો પણ આ જ વિસ્તારમાં રહેતાં હોવાનું જાણવા મળ્યું છે, જોકે આ વ્યક્તિને કેન્સરની બીમારી હોવાનું સામે આવ્યું છે. તેણે પોતાનું ઘણું બધું ગુમાવી દીધું હતું, ત્યારે અચાનક જ તેણે કોઈ જગ્યાએથી જ્વલનશીલ પ્રવાહી છાંટી અને બીમારીથી કંટાળી અસારવા ચકલામાં જાહેરમાં આપઘાત કર્યો હતો. હાલમાં આ મામલે શાહીબાગ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## અમદાવાદનું ગ્રીન કવર 12.5 ટકાએ પહોંચ્યું...

### બોપલ, ચાંદખેડા સહિત 9 વિસ્તારમાં સૌથી વધુ હવા પ્રદુષણ, કન્સ્ટ્રક્શન સાઈટ પર એર સેન્સર અને સીસીટીવી ફરજિયાત

(એજન્સી) અમદાવાદ | તા.03

દિન પ્રતિદિન હવા પ્રદુષણમાં વધારો થઈ રહ્યો છે. ચાલુ વર્ષે શહેરમાં હવા પ્રદુષણ ખૂબ વધ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર અમદાવાદ આવ્યા ત્યારે પણ અમદાવાદમાં હવા પ્રદુષણની સ્થિતિ ગંભીર બની હતી. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં પ્રદૂષણના સ્થાનિક સ્ત્રોતોને ઓળખી સૌથી વધારે હવા પ્રદુષણ ફેલાતાં કુલ 9 હોટસ્પોટ વિસ્તારો ઓળખી કાઢવામાં આવ્યા છે.


પિરાણા, રખિયાલ, રાયખડ, બોપલ, વટવા, એસ.પી. સ્ટેડિયમ, ચાંદખેડા, મણિનગરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 16 C&D વેસ્ટ કલેક્શન સેન્ટરો પણ છે. આ વિસ્તારોમાં વિશેષ મોનિટરિંગ સાથે ટાર્ગેટેડ એક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. આ તમામ જગ્યા ઉપર એર ક્વોલિટી સુધારવા માટેના પગલાઓ લેવામાં આવી રહ્યા છે.

કન્સ્ટ્રક્શન સાઈટો પરથી ઉત્પન્ન થતા પ્રદૂષણને નિયંત્રિત કરવા "Good Construction Practices Policy" અમલમાં મૂકાઈ છે. જેમાં 20,000 ચોરસ મીટરથી વધુ બિલ્ટ-અપ એરિયા ધરાવતી સાઈટ્સ પર ડસ્ટ સેન્સર, એર ક્વોલિટી ડિસ્પ્લે અને CCTV ફરજિયાત બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત મિસ્ટ મશીનનો ઉપયોગ કરવો તથા ખોદકામ દરમિયાન નીકળતી માટીને અથવા રેતી સંપૂર્ણ રીતે હાંકવી, સાઈટની આજુબાજુ બેરીકેટ અને ગ્રીટનેટની વ્યવસ્થા કરવી, સાઈટની અંદર આવવા જતા માર્ગોને યોગ્ય રીતે પેવ કરવા અને એન્ટ્રી એક્ઝિટ પર ટાયર વોશર સિસ્ટમ લગાવવાની રહેશે. આ પોલિસી અંતર્ગત અત્યાર સુધીમાં આશરે 140 કન્સ્ટ્રક્શન સાઈટ્સ પર ડસ્ટ સેન્સર લગાવવામાં આવ્યા છે અને નિયમિત મોનિટરિંગ કરીને આવવામાં પ્રદૂષણનું પ્રમાણ ઓછું કરવામાં આવે છે. એટલું જ નહીં વિવિધ કન્સ્ટ્રક્શન સાઈટ પર ગ્રીન નેટ લગાવવાનું પ્રમાણ પણ વધ્યું છે જેથી પેનલ્ટી કલેક્શન લઘુતમ થયું છે. આ પોલીસી અંતર્ગત 2024-25 દરમિયાન વિવિધ કન્સ્ટ્રક્શન સાઈટ પરથી રૂ. 1.71 કરોડ અને 2025-26માં આજદિન સુધી રૂ. 1.16 કરોડની પેનલ્ટી વસૂલ કરવામાં આવી છે.

C&D વેસ્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે 25 C&D કલેક્શન સેન્ટરો વિકસાવવામાં આવ્યા છે અને ગ્યાસપુર ખાતે 1000 TPD ક્ષમતાવાળો પ્રોસેસિંગ પ્લાન્ટ કાર્યરત છે. ડિસેમ્બર 2026 સુધીમાં વધુ 1000 TPD ક્ષમતાવાળો બીજો પ્લાન્ટ કાર્યરત થશે. આથી બાંધકામ કચરાના વૈજ્ઞાનિક નિકાલથી હવામાં ઉડતા ધૂળકણોમાં વધુ ઘટાડો થશે. નેશનલ ક્લીન એર પ્રોગ્રામ (NCAP) અને 15મા નાણાપંચ હેઠળ મળેલી ગ્રાન્ટના સદુપયોગથી શહેરમાં 16 ટ્રક-માઉન્ટેડ મીસ્ટ મશીનો કાર્યરત છે. તેમાંથી 6 મીસ્ટ મશીનો પિરાણા ડમ્પસાઈટ અને આસપાસના વિસ્તારોમાં સતત કાર્યરત છે, જ્યારે 10 મીસ્ટ મશીનો પ્રદૂષિત માર્ગોના રૂટ નિશ્ચિત કરી નિયમિત રીતે મિસ્ટિંગ કામગીરી કરે છે.

## અમદાવાદ-તિરુચિરાપલ્લી સાપ્તાહિક સ્પેશિયલ પરિવર્તિત માર્ગથી ચાલશે

અમદાવાદ | દક્ષિણ રેલવેના ચેન્નઈ એગ્મોર (MS) સ્ટેશન પર પુનર્વિકાસ કાર્ય માટે 60 દિવસનો બ્લોક લેવામાં આવ્યો છે, જેના કારણે અમદાવાદ-તિરુચિરાપલ્લી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન પરિવર્તિત માર્ગથી દોડશે. જેની વિગતો :- ટ્રેન નંબર 09419 અમદાવાદ-તિરૂચિરાપલ્લી અઠવાડિક એક્સપ્રેસ સ્પેશિયલ 05 ફેબ્રુઆરી થી 02 એપ્રિલ 2026 સુધી પરિવર્તિત માર્ગ વાયા રેનિગુંટા-અરક્કોણમ નૉર્થ કેબિન-મેલપક્કમ-કાટપાડી-વેલૂર કેન્ટ-વિલ્લુપુરમના રસ્તે ચાલશે.આ દરમિયાન આ ટ્રેન અરક્કોણમ,પેરમ્બૂર, ચેન્નાઈ એગ્મોર, તામ્બરમ અને ચેંગલપટ્ટૂ



સ્ટેશનો પર નહીં જાય. ટ્રેન નંબર 09420 તિરૂચિરાપલ્લી-અમદાવાદ અઠવાડિક સ્પેશિયલ 08 ફેબ્રુઆરી 2026 થી 29 માર્ચ 2026 સુધી પરિવર્તિત માર્ગ વાયા વેલૂર કેન્ટ-કાટપાડી-મેલપક્કમ-અરક્કોણમ નૉર્થ કેબિન-રેનિગુંટાના રસ્તે ચાલશે. આ દરમિયાન આ ટ્રેન ચેંગલપટ્ટૂ-તામ્બરમ અને ચેન્નાઈ એગ્મોર, પેરમ્બૂર, અરક્કોણમ સ્ટેશનો પર નહીં જાય. માર્ગ પરિવર્તન દરમિયાન આ ટ્રેનને તિરૂત્તણિ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. ટ્રેનોના રોકાણ, માર્ગ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## માધવપુરમાં "તરસ મરી ગયા પછી પાણી લાવ્યો?

અમદાવાદ | અમદાવાદમાં અસામાજિક તત્વોના આતંકની ઘટનામાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે. ત્યારે માધવપુરમાં પાણી મોડું લઈને આવવા જેવી સામાન્ય બાબતમાં ઠપકો આપતા એક શખ્સે તેના અન્ય મિત્રોને બોલાવીને પાણી મંગાવનાર યુવકને છરીના ઘા મારી દીધાની ઘટના સામે આવી છે. જે બાદ યુવકે બૂમાબૂમ કરતાં માથાભારે શખ્સો ત્યાંથી કાર લઈને ફરાર થઈ ગયા હતા.

યુવકને ગંભીર ઈજા થતાં તેને હોસ્પિટલમાં તાત્કાલિક દાખલ કરાવ્યો હતો અને પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. મહત્ત્વનું છે કે, અમરપુરામાં રહેતા 27 વર્ષીય રાહુલ માળી નામના શખ્સે શક્તિ રાજપૂત સહિત અન્ય બે શખ્સ સામે પોલીસ ફરિયાદ કરી છે. પોલીસે આ ફરિયાદને આધારે ત્રણેય હુમલાખોરની તપાસ હાથ ધરી છે. ગત 1-2-2026ના રોજ રાતે માધવપુરમાં આવેલી પીપળાવાળી ચાલીના નાકે હનુમાનજી મંદિર પાસે રાહુલ માળી તેના મિત્ર સાથે બેઠેલ હતો. તે વખતે રાહુલે શક્તિ રાજપૂત નામના શખ્સ પાસે પાણીની બોટલ લેવા મોકલ્યો હતો. જે બાદ શક્તિ નામનો શખ્સ ઘણીવાર પછી મોડો પાણીની બોટલ લઈને આવ્યો હતો. જે અંગે રાહુલે તેને ઠપકો આપતા કહ્યું હતું કે, તરસ મરી ગયા બાદ પાણી લઈને આવે છે શું કામનું?. આટલું સાંભળતા જ શક્તિ ઉશ્કેરાઈ ગયો અને ત્યાંથી જતો રહ્યો હતો.

થોડિકવાર પછી રાહુલ અને તેનાના ભાઈનો મિત્ર નજીકમાં શર્મા એસ્ટેટમાં જઈને બેઠેલ હતા. ત્યાં શક્તિ અને તેના બે મિત્રો ટુવ્હીલર પર આવ્યા હતા અને ગાળો એક પછી એક એમ ત્રણ છરીના ઘા રાહુલને મારી દીધા હતા. આ દરમિયાન રાહુલે બુમાબુમ કરતાં ત્રણે શખ્સ ત્યાંથી ભાગી ગયા હતા. આ પછી ઈજાગ્રસ્ત રાહુલને તેનો ભાઈ 108 મારફતે હોસ્પિટલ સારવાર માટે લઈ ગયો હતો.

## ડાંગરવા સ્ટેશન યાર્ડમાં એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના મહેસાણા-જગુદન સ્ટેશનો વચ્ચે બ્રિજ નં. 971 તથા ડાંગરવા સ્ટેશન યાર્ડમાં બ્રિજ નં.1014 ના પુનર્નિર્માણ સંબંધિત એન્જિનિયરિંગ કાર્ય માટે 05.02.2026ના રોજ બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. વિગતો:- પૂર્ણ રદ ટ્રેન, તા. 05.02.2026ની ટ્રેન સંખ્યા 79435/79436 સાબરમતી-પાટણ-સાબરમતી ડેમૂ સંપૂર્ણપણે રદ રહેશે. આંશિક રદ ટ્રેનો: તા. 05.02.2026ની ટ્રેન સંખ્યા 20959/20960 વલસાડ-વડનગર-વલસાડ એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલ-વડનગર વચ્ચે આંશિક રદ રહેશે.માર્ગ પરિવર્તિત ટ્રેનો, તા. 04.02.2026ની 19032 યોગનગરી ઋષિકેશ-સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા-આંબલિયાસણ-કલોલના બદલે પરિવર્તિત માર્ગ મહેસાણા-કટોસણ રોડ-કલોલના રસ્તે ચાલશે.તા. 04.02.2026ની 19412 દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા-આંબલિયાસણ-કલોલના બદલે પરિવર્તિત માર્ગ મહેસાણા-કટોસણ રોડ- કલોલના રસ્તે ચાલશે. રેલ મુસાફરોને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરી શરૂ કરે. મુસાફરો ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in પર માહિતી મેળવી શકે છે.

# ભાઈએ મોટાભાઈને છરી મારીને પતાવી દીધો : સારવાર દરમિયાન મોત

અમદાવાદ | અમદાવાદ શહેરના ઠક્કર નગર વિસ્તારમાં ભાઈએ ભાઈની હત્યા કરી હોવાની ઘટના બની છે. નાના ભાઈ અને બહેન વચ્ચે ઝઘડો થયો હતો જેમાં નાના ભાઈએ પોતાની બહેનને હાથમાં છરી લઈ અને મારવા જવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે મોટો ભાઈ વચ્ચે પડ્યો હતો અને જેમને છોડાવવા જતા નાના ભાઈએ મોટાભાઈને છરી મારી દીધી હતી. જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં ભાઈનું ત્રીજી વખત સારવાર દરમિયાન મોત હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. આ સમગ્ર મામલે કૃષ્ણનગર પોલીસ દ્વારા ગુનો નોંધી આરોપી ભાઈની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે. મળતી વિગત અનુસાર, ઠકકરનગરમાં આવેલી આઈસ ફેક્ટરીની પાછળ ચામુંડાની ચાલીમાં રહેતી પ્રિયંકા શહાનીએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં તેના



દિયર સત્યેન્દ્ર શહાની વિરૂદ્ધ હત્યાની ફરિયાદ કરી છે. પ્રિયંકાના લગ્ન વર્ષ 2022માં જીતેન્દ્ર શહાની સાથે સામાજીક રીવાજો મુજબ થયા હતાં. જીતેન્દ્ર શહાની તેના પિતા સસરા, માતા કૌશલ્યાદેવી, ભાઈ સત્યેન્દ્ર સાથે રહેતો હતો અને છુટક મજુરી કરીને ગુજરાન ચલાવતો હતો. પ્રિયંકા અને જીતેન્દ્રને દિકરો અને દિકરી છે. જીતેન્દ્ર બાદ સત્યેદ્રના પણ થોડા સમય પહેલા રીમા નામની યુવતી સાથે લગ્ન થયા હતાં.

બે દિવસ પહેલા પ્રિયંકા, જીતેન્દ્ર, નણંદ શાંતીદેવી તેમજ દિયર સત્યેન્દ્ર સહિતના લોકો ઘરમાં હાજર હતા ત્યારે ઝઘડો થયો હતો. પ્રિયંકા અને જીતેન્દ્ર બપોરે એક વાગ્યાની આસપાસ છતના પતરાને કલર કરવા માટે ગયા હતા. બન્ને કલર કરીને નીચે જમવા માટે આવ્યા હતા. શાંતીદેવીએ સત્યેન્દ્રને ઠપકો આપ્યો હતો કે તું મોટાભાઈને કલર કરવામાં મદદ કેમ કરતો નથી. બહેનની વાત સાંભળીને સત્યેદ્ર ઉશ્કેરાયો હતો અને ગાળો બોલવા લાગ્યો હતો. બંન્ને ભાઈ બહેન વચ્ચે બોલાચાલી થતાં સત્યેદ્ર રસોડામાંથી શાકભાજી કાપવાની છરી લઈને આવ્યો હતો. શાંતીદેવીને બચાવવા માટે જીતેન્દ્ર વચ્ચે આવ્યો હતો અને સત્યેન્દ્રને રોક્યો હતો. સત્યેન્દ્રએ ધમકી આપતા જીતેન્દ્રને કહ્યું હતું કે, તું વચ્ચેથી સાઈડ થઈ જા નહી તો તને છરી મારી દઈશ. જોકે વચ્ચેથી નહી હટતા સત્યેન્દ્રએ તેના હાથમાં રહેલી છરી હુલાવી દીધી હતી. જીતેન્દ્રને પેટમાં તેમજ હાથમાં છરી વાગતા પ્રિયંકા સહિતના લોકોએ બુમાબુમ કરી હતી. આસપાસના લોકો ભેગા થઈ જતા સત્યેન્દ્ર ત્યાંથી નાસી ગયો હતો. ઈજાગ્રસ્ત જીતેન્દ્રને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જીતેન્દ્રએ સિવિલ હોસ્પિટલમાં સારવાર કરાવવાની ના પાડી દેતા તે લોહીલુહાણ હાલતમાં ઘરે આવી ગયો હતો. જીતેન્દ્રને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યા તેની સારવાર કરીને રજા આપી દીધી હતી.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...